કુમાર


આવતી કાલનાં નાગરિકો માટેનું
આજના ગુજરાતનું માનીતું માસિક

તંત્રી
બચુભાઈ રાવત



શિવપાર્વતી : શિલ્પ · રસિકલાલ પરીખ

ક : રવિશંકર રાવળ · વર્ષ ત્રીસમું · અંક પહેલો · સળંગ અંક ૩૪૯ મા. જાન્યુઆરી ૧૯૫૩



કલાકાર ઃ શ્રી દેવીકાપ્રસાદ રાયચૌધરી

ગુજરાત કલાકલાપ

ગુજરાતના નામી કલાકારોનાં ચુનંદાં ચિત્રોના ત્રણ સંપુટો

કલાપ ૧: જીવનસંગીત (રવિશંકર રાવળ), નવધાન્ય (રસિકલાલ પરીખ), અર્જુન-ઉર્વશી (કનુ દેસાઈ), કલાતંતુ (સોમાલાલ શાહ), રંકની કલા (છગનલાલ જાદવ) રાજકુંવરી રૂપાંદે (રવિશંકર રાવળ).

કલાપ ૨: કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય (રવિશંકર રાવળ), વાસન્તી (જગન્નાથ અહિવાસી), ઝરૂખે (રસિકલાલ પરીખ), પીરની માનતા (છગનલાલ જાદવ), પ્રતીક (કનુ દેસાઈ) ચંદ્રહાસ (ત્રિગુણાતીત પંચોળી)

કલાપ ૩: ચાંદા ચોળી (રવિશંકર રાવળ), કૃષિમહોત્સવ (રસિકલાલ પરીખ), શિશિર-વસંત (સોમાલાલ શાહ), જન્મોત્સવ (શકુન્તલા દીવાનજી), ઝૂંપડીની લક્ષ્મી (બંસીલાલ વર્મા), આભમરતીનો ઉપાસક (છગનલાલ જાદવ).

અજન્તાના કલામંડપો: રૂા. ૩

શિલ્પપરિચય (ગાંગુલી): રૂા. ૩

ઉપરનાં પાંચે પ્રકાશનોનો સેટ રૂા. ૧૦; પોસ્ટેજ વગેરે રૂા. ૧ જુદું

કુમાર કાર્યાલય લિ., અમદાવાદ

સર્વ પ્રસંગની શ્રેષ્ઠ ભેટ
એટલે
કનુ દેસાઈના ચિત્રસંપુટો

મંગલાષ્ટક	૨—૦—૦
જીવન મંગલ	૨—૦—૦
પ્રણયમાધુરી	૨—૮—૦
લગ્નોત્સવ	૨—૦—૦
રૂપરેખા	૩—૦—૦
શ્રીલેખા	૩—૦—૦
ચિત્રલેખા	૩—૦—૦
શૃંગારિકા	૩—૦—૦
ગીતગોવિંદ	૩—૪—૦
કલ્પના	૩—૦—૦
ઋતુરંગ	૨—૮—૦

આ પૈકી કોઈ પણ પસંદ કરો

દરેકનું પોસ્ટેજ ૦-૧૨-૦ જુદું થશે

કુમાર કાર્યાલય લિ. અમદાવાદ

કુમાર

જાન્યુઆરી ૧૯૫૩

અંક ૩૪૯

અનુક્રમ

ચિત્રો

શિવપાર્વતી	શિલ્પ: રસિકલાલ પરીખ	પૂઠું
પનિહારીઓ	કલાકાર: દેવીપ્રસાદ રાયચૌધરી	ત્રિરંગી મુખચિત્ર
સીદી સચીદની મસ્જિદની જાળી		પાછલા પૂઠામાં
ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ	શ્રીદામ ભટ્ટ	પાછલે પૂઠે

કાવ્યો

કેવડિયાનો કાંટો	રાજેન્દ્ર શાહ	૨
તેજોમય અંધત્વ	ગીતા કાપડિયા	૨
જિંદગી	'સનાતન'	૨

ચરિત્ર

એગિલ ઝોલા	અશોક હર્ષ	૪
બાંધગઠરિયાં [આપકથા-૩૭]	ચંદ્રવદન ચીમનલાલ મહેતા	૧૩
ભોડાસાંકોર ધારે [૧૩-દખણાદો વરંડો]	રમણિક મેઘાણી	૨૯

વાર્તા

ખોવાએલી વીંટી	લલિત પરીખ	૮

લેખો

કંકુ અને આસકા		૨
પ્રજા જીવનમાં સિક્કાની કલા: બ્રિટનના નવા સિક્કા		૬
દાન [કાયાની કરામત-૨૮]	ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી	૧૦
જાકાર્તા જતાં	ઉમાશંકર જોષી	૧૬
ફીલ્ડિંગ [નિર્બંધિકા]	બકુલ ત્રિપાઠી	૧૮
સીદીસચીદની મસ્જિદ [ગુજ.નું મુસ્લિમ સ્થાપત્ય]	રત્નમણિરાવ	૨૦
મૅટ્રિક પછીનું માર્ગદર્શન	સ. અ. રાનડે	૨૭

વિભાગો

વાચકો લખે છે		૧
ગુપ્ત સામ્રાજ્યના સિક્કાઓ [ચિત્રબોધ]		૫
યૌવનં ધનસંપત્તિઃ [સુભાષિત-૨૦]	ર. ભી.	૧૫
પચ્ચીસ વર્ષ પહેલાં		૨૫
ટિકિટસંગ્રહ [વૉટરમાર્ક · ઇગ્લંડની અને યૂનોની નવી ટિકિટો]		૩૧
માધુકરી [દીપક શોધન, નવસારી, આપણી કાયા]		૩૩
લગડ [માસમાસનાં પંખી-૮૪]		૩૩
પત્રમિત્ર વિભાગ		૩૮
આ માસ ઇતિહાસમાં [વ્યક્તિવિશેષ: ચિંતામણ દેશમુખ]		૩૯
છેલ્લું પાનું		૪૦
નવાં પુસ્તકો		૧૨, ૨૮, ૪૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના

વાચકો લખે છે.

આ વિભાગમાં પ્રકટ થતા દરેક ચિત્ર, ફોટોગ્રાફ તથા પત્ર માટે તેના મોકલનારને 'કુમાર'માં આવેલું અમારી અનુકૂળતા પ્રમાણેનું કોઇ પણ અંક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલવામાં આવશે.

ઑક્ટોબરના 'કુમાર'માં પ્રાચીન પેપર-સ્ટૅન્સિલ જોયા પછી મારી પાસેની સ્ટૅન્સિલોમાંથી થોડી મોકલું છું. એ બધી બ્લૅક ઍન્ડ વ્હાઇટમાં છે, છતાં રંગોવડે એમનું આકર્ષણ વધી જાય છે. એમાંથી દિવાળીનાં કાર્ડ કેમ બનાવાય એનો નમૂનો પણ આપ્યો છે.

અલબત્ત, આ બધાં મેં કરેલી નથી. નાથદ્વારાના ચિતારા પાસેથી વેચાતી લીધેલી છે. ટેબલના કાચ નીચે મૂકવા માટેની નાની મોટી ડિઝાઈનો, શોભનો વગેરે હું આવી સ્ટૅન્સિલો વડે બનાવું છું. [નીચે આપ્યાં છે.]

(મુંબાઈ) —હંસરાજ વૃંદાવન કાપડિયા

'કુમાર' જેવા ઉત્તમ કક્ષાના માસિકમાં નાની નાની ભૂલો રહી જવા પામે છે ત્યારે દુઃખ થાય છે. 'કુમાર' ડિસેમ્બર, પૃ. ૪૬૭. 'એ.પી.હર્બર્ટ છેલ્લાં ચાળીસથીયે વધુ વર્ષોથી પાર્લામેન્ટના પ્રસંગોનું લેખન કરે છે.' આ વિધાન ખોટું છે. Essence of Parliamentની લેખમાળા મૂળ શરૂ કરનાર તો શર્લી બ્રૂક્સ, જેમણે ૧૮૭૪ સુધી તે લખી. પછી સર હેન્રી લ્યૂસીએ ૧૯૨૪ સુધી Toby M. P. નાતખલ્લુસથી એ લેખમાળા ચાલુ રાખી અને ૧૯૨૪માં એમનું મૃત્યુ થયું પછી જ હર્બર્ટે તેનો ચાર્જ સંભાળ્યો.

(મુંબાઇ) —ધનસુખલાલ કૃ. મહેતા

'કુમાર' કે દિસંબર અંકમેં આપકી કહાની 'ઊભા રહેજો આવું છું' પઢ કર ચિત્ત પ્રસન્ન હુઆ. આપ લોગ ઇસ વિચારધારા સે, ઇસ સંસ્કારોં સે ગુજરાતકા નિર્માણ કર રહે હૈં; ઈસ પ્રકાર ભારત કે પ્રાચીન આદર્શોંકા બીજારોપણ કર રહે હૈં. હમેં દુઃખ હૈ કિ હિંદીમેં ઇસ પ્રકાર આદર્શોંકી સ્થાપના કરનેવાલોંકી કમી હૈ. આપકી કહાનીકો હિંદીમેં દેતે હુએ હમેં ખુશી હોગી. ક્યા આપ કહાનીકા અનુવાદ કરને તથા અપને 'સુમિત્રા' પત્રમેં પ્રકાશિત કરને કી અનુમતિ દે સકેં?

(કાનપુર) —વિ. શ. ચતુર્વેદી

[વાર્તાલેખક ઉપર આવેલા પત્રમાંથી]

'કુમાર'ની પ્રગતિ ઇચ્છતા પ્રત્યેક માનવની ફરજ છે કે બને તેટલી ગ્રાહકસંખ્યા વધારી આપી પોતાનો યોગ્ય ફાળો નોંધાવે. આ સાથે રૂ. ૮૧ના પોસ્ટલ ઑર્ડર બીડયા છે. આમાં કુલ ૯ વ્યક્તિનાં લવાજમ આવી જાય છે જેનાં નામો સાથે બીડેલ યાદી પ્રમાણે છે. આશા છે કે એ લોકો વરસની આખરે સંપૂર્ણ સંતોષ પામશે અને દરેક ગ્રાહક બીજા નવા ગ્રાહકો બનાવી આપશે. છેવટે એટલી જ આશા કે 'કુમાર'ની સૌરભ જ્યાં જ્યાં ગુજરાતી બોલાય છે, ગુજરાતી વસવાટ કરે છે ત્યાં સર્વ જગ્યાએ ફેલાય અને 'કુમાર' પાસેથી આજનું ગુજરાત જે આશા રાખે છે તે પરિપૂર્ણ થાઓ.

(મુંબાઇ) —પ્રવીણ મંગળદાસ

'કુમાર'ના દરેક અંકમાં બે ત્રિરંગી ચિત્ર અપાય તેમ ન હોય તો 'પચ્ચીસ વર્ષ પહેલાં' વિભાગમાં જૂના લેખ ટૂંકાવીને આપો છો તેમ જૂના અંકો માંનાં ચિત્રો પ્રકટ કરો.

(સુરેન્દ્રનગર) —રમેશ મી શાહ

[પરવડશે તો અમે તેમ કરવાના જ છીએ.]

હાઇસ્કૂલમાં ભણતો ત્યારથી 'કુમારે' જે પ્રેરણા પાઈ છે એને પ્રતાપે આજે મને ગુજરાતની કલા, ઈતિહાસ વગેરેમાં કંઈક રસવૃત્તિ, સંશોધનવૃત્તિ જાગી છે. મારા જેવા અનેક ગુજરાતીઓ આ માટે આપના અને 'કુમાર'ના ઋણી છે.

(વડોદરા) —ઉમાકાન્ત પ્રે. શાહ

















કેવડિયાનો કાંટો

કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે :
મૂઈ રે એની મ્હેક, કલેજે દવ ઝાઝેરો લાગ્યો રે.

બાવળિયાની શૂળ હોય તો
ખણી કાઢીએ મૂળ,
કેર-થોરના કાંટા અમને
કાંકરિયાળી ધૂળ;
આ તો અણદીઠાનો અંગે ખટકો જાલિમ જાગ્યો રે,
કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે.

તાવ હોય જો કડો ટાઢિયો
ક્વાથ કુલડી ભરીએ,
વાંતરિયો વળગાડ હોય તો
ભૂવો કરી મંતરીએ;
રૂંવેરૂંવે પીડ જેની એ તો જડે નહિ કહીં ભાંગ્યો રે
કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે.

રાજેન્દ્ર શાહ

તેજોમય અંધત્વ

• રાગ બહાર •

અંતરમાં આનંદ જાગે અંતરમાં આનંદ,
ગુંજે આજે રોમરોમમાં નવું ગીત, નવ છંદ —જાગે૦

આજ વિલાઇ નેણ પરેથી જગની ઝાકઝમાળ,
દૂર થઈ પાંપણપડદેથી ઇંદ્રધનુની જાળ;
આજે ના મુજ નૈન સૂર્ય કે શશી, તારલાવૃંદ,
રંગલીલા નિરખું નવ તોયે જરી ન મુજને રંજ —જાગે૦

બિડાયલાં નૈણાંએ મેલ્યો તેજતિમિરનો ભેદ,
અજવાળે આનંદ ન માણ્યો, અંધારે નવ ખેદ;
મનમંદિર કેરા દીપકનું તેજ નહીં અવ મંદ,
ઝળહળ સઘળું થાય, અહો હું અંધારે નહિ અંધ ! —જાગે૦

ગીતા કાપડિયા

જિંદગી

• શાર્દૂલવિક્રીડિત •

યુક્તિ ધીરજ શાંતમાનસબળે સ્હેલાઇથી ઊકલે,
ગૂંચાયે ઊલટી અધિક અધિકી ઉતાવળે સિદ્ધિની,
લાખો યત્ન થકીય પાછળ થકી જે ના કદી સુધરે,
દોરાની ગૂંચ શી મને જરૂર આ દેખાય છે જિંદગી.

'સનાતન'

કંકુ અને આસકા

નવરાત્રિના દિવસો હતા. હવનાષ્ટમીને બીજે દિવસે લોકો ટોળાબંધ માતાજીનાં દર્શને જતા હતા. કરાલ શક્તિના સૌમ્ય-મનોહર રૂપ જેવી મૂર્તિ આગળ ઊંચા થડા પર મોટા થાળમાં પ્રસાદીના બે ઢગલા પડ્યા હતા : એક હતો માતાજીને ધરાવેલા ઊંચા સુગંધી લાલસુરખ કંકુનો; બીજો હતો આગલા દિવસે થઇ ગએલા હવનની, બળેલા તલ અને ઘીની સોડમ ફોરતી તાજી ભસ્મ—આસકાનો.

એમાંથી ફાવે તે એકને પોતાની અનામિકા પર ચડાવી લોકો ભક્તિનમ્ર ભાવે ચાંલ્લો કરતા હતા. કોઇ ઉપરાઉપર બંનેનો ચાંલ્લો કરતા હતા : કોઈ વળી કંકુનો ચાંલ્લો કરી આસકાના પ્રસાદની ચપટી મોંમાં ભભરાવી વિદાય લેતા હતા

પણ બધાં એ પ્રસાદનો અર્થ સમજતા હશે ? કંકુ અને આસકા : જીવનની જનક, ધારક અને સંહારક શક્તિનો એ પ્રસાદ.

વિશ્વના અણુઅણુમાં વ્યાપી રહેલી એ ચેતનાશક્તિના પ્રતીક (એટલે મૂર્તિ)ની સાથે, પોતાનામાં રહેલા એ જ શક્તિના અંશનું અનુસંધાન (એટલે વંદના) કરીને, તેના તેજસ્વી આવિષ્કારની અભીપ્સા (એટલે પ્રાર્થના) કર્યા પછી તેના કૃપાપ્રસાદ રૂપ કંકુ કે આસકા લલાટે લગાડવાં, એટલે પોતાનામાં રહેલી એ શક્તિના અંશનો આવિષ્કાર કરવાનાં સાધન રૂપ બે વસ્તુઓનું સ્મરણ આપણામાં સદા જાગ્રત રહે તે માટેની સંજ્ઞા ધારણ કરવી.

એ બે વસ્તુઓ તે યજ્ઞ અને કલ્યાણભાવના; ત્યાગ અને મંગલ કામના. આસકા કે ભસ્મ એ યજ્ઞનું—ત્યાગનું પ્રતીક છે; કંકુ એ કલ્યાણ અને મંગલની આપણી કામનાનું.

પરિશ્રમ વિના ફલ નથી મળતું; પુરુષાર્થ વિના શ્રેય નથી થતું; યજ્ઞ કર્યા વિના—સમાજના શ્રેય માટે કે લોકસંગ્રહને કાજે શ્રમ કર્યા વિના ખાય છે તે ચોર છે એ ગીતાવચન છે; સ્વાર્થનો—ઐહિક વસ્તુઓનો ત્યાગ કરીને જ ઉચ્ચ અને વ્યાપક કલ્યાણ સાધી શકવાનું છે, આસક્તિઓને બાળીને જ શ્રેયની સ્થાપના કરી શકાશે;—આ છે એ સંજ્ઞાઓના બોધ.

ભસ્મનો ભૂખરો ને કલ્યાણનો લાલ રંગ જીવનમાં સાથે જ સોહાવવાના છે.

સત્તાધીશોના ષડ્યંત્ર સામે માથું ઊંચકી પોતાની કાયા, કીર્તિ, કમાણી

ફ્રાન્સે તાજેતરમાં જ એના એક મહાપુરુષ એમિલ ઝોલાની ૫૦મી મૃત્યુતિથિ ઊજવી. ગઇ સદીનો એ એક મહાન નવલકથાકાર હતો. પણ એથી એ વિશેષ તો, એ સત્ય અને ન્યાયનો અનન્ય પૂજારી હતો. એના જીવનકાળે ફ્રાન્સના કુચ્ચ લશ્કરી અમલદારોએ કેટલાંક લશ્કરી રહસ્યો જર્મનીને પૂરાં પાડીને તેના દોષનો ટોપલો ડ્રેફસ નામના એક જુવાન યહૂદી લશ્કરી અમલદાર ઉપર ઓઢાડી દીધેલો અને ખાનગીમાં જ તેની તપાસ કરી, ગુનેહગાર ઠરાવી, શયતાનના ટાપુ ('ડેવિલ્સ આઈલૅન્ડ') પર ધકેલી દીધેલો. ઝોલાને આ આખો યે કિસ્સો તરકટી હોવાનો વહેમ ગયો, અને વધુ તપાસ કરતાં તેને એની ખાતરી થઈ. પોતાનો દેશ આ ભયાનક કૃત્ય આદરી રહ્યો હોઇ, તેને એ આચરતો અટકાવવાની પોતાની ફરજ લાગી. શયતાનના ટાપુ પર કિનારે પછડાતાં મોજાં સામે 'હું નિર્દોષ છું', 'હું નિર્દોષ છું' એવો લવારો કરતા બીચારા ડ્રેફસને તો સ્વપ્ને ય ખ્યાલ નહિ હોય કે પોતાના શબ્દો કોઇ જીવતા માણસના કાને કદી પહોંચશે. પણ ઝોલાને કાને એ શબ્દો અથડાયા, અને એનું સત્યપ્રેમી, ન્યાયપ્રિય અંતર ડ્રેફસનો પક્ષ લીધા વિના ન રહ્યું. ડ્રેફસને સજા ફરમાવનારાઓ સામે એણે એક ચોપાનિયું બહાર પાડયું. એ ચોપાનિયાનું નામ હતું: 'હું આરોપ મૂકું છું' (I accuse). એમાં આખા યે કેસનું પૃથક્કરણ કરી એણે માત્ર ડ્રેફસની નિર્દોષતા જ સિદ્ધ ન કરી, પરંતુ જે જે વ્યક્તિઓ અને સંસ્થાઓ એમાં અપરાધી હતાં તેમનો સૌનો અપરાધ પણ તેણે ખુલ્લો પાડયો. એણે લખેલું:

'આ ઘટનાનો પ્રારંભ આજથી જ થયો ગણાય, કારણકે માત્ર હાલ જ એમાં નિર્વિવાદ પક્ષો પડયા છે. એક બાજુ છે આ ઘટના પર મુદ્દલ પ્રકાશ ન પડવા દેવા માગતા અપરાધીઓ, બીજી બાજુ છે ન્યાયના ચાહકો, જે એને ખાતર પોતાના પ્રાણ પાથરવા તૈયાર છે...મારે એક જ ઝંખના છે, અને તે પ્રકાશની...મારો ઉગ્ર વિરોધ એ કેવળ મારા આત્માનો પોકાર છે...અપરાધીઓમાં હિંમત હોય તો મને અદાલતમાં ઘસડે! આવું કૃત્ય સત્ય અને ન્યાયના શીઘ્ર સ્ફોટમાં જ પરિણમશે.'

અને સ્ફોટ અલબત્ત થયો, પણ તે સત્ય અને ન્યાયનો નહિ, દ્વેષ અને હિંસાનો. 'ઝોલા મુર્દાબાદ! યહૂદીઓને વેચાએલો દેશદ્રોહી મુર્દાબાદ!' વગેરે પોકારો તેની સામે ઊઠયા. એનાં પુસ્તકો પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો. એના મકાન પર પત્થરમારો ચલાવવામાં આવ્યો. પારીસના એક પત્રે તો એનું ખૂન કરી એનું મકાન જમીનદોસ્ત કરી દેવાની માગણી કરી. એને ગિરફતાર કરી એના પર કેસ ચલાવવામાં આવ્યો.

આ એમિલ ઝોલાની ૫૦મા સંવત્સરી ફ્રાન્સે તાજેતરમાં ઊજવી; પરંતુ ડ્રેફસના કિસ્સાનો ઓળો હજી આટલાં વર્ષે પણ એ દેશના ચિત્ત પરથી દૂર નથી થયો, એ, ઝોલાના જીવન પર પૉલ મુનીની મુખ્ય ભૂમિકા સાથે ઊતરેલી ફિલ્મ ફ્રાન્સમાં પ્રદર્શિત થવા દેવા સામે ત્યાંની સરકારને રહેતા સંકોચ પરથી જણાય છે. બાર વર્ષ એ ફિલ્મને થવા આવ્યાં, પણ ફ્રાન્સે એ પોતાને ત્યાં પ્રદર્શિત થવા નહોતી દીધી. માત્ર ઝોલા I જયંતીદિને, બાર વર્ષ બાદ, તેણે એ પ્રદર્શિત થવા દીધી, પરંતુ તે એક જ સિનેમામાં, ને તે પણ અંગ્રેજી ભાષામાં!

ફ્રેન્ચ ભાષામાં ઝોલાનો અર્થ થાય 'માટીનું ઢેફું.' અને માટીમાં જેવી ધરતીની સુગંધ રહે છે એવી જ સુગંધ ઝોલાની કૃતિઓમાંથી વહે છે. ધરતીનાં સંતાનોને તેણે પોતાની નવલકથાઓમાં તેમનાં કુદરતી સ્વરૂપે આલેખ્યાં છે. ધરતીની તમામ નિપજને, પ્રાણીમાત્રને તે ચાહતો. તરુણ વયમાં તેના મિત્રો હતા આજના જગતના નામી સાહિત્યકારો ગણાતા ફ્લોબેર, તુર્ગેનેવ અને દોદે. એ ચારે જણ 'કાફે રીક'માં અડ્ડો જમાવી બેસતા. સાંજે સાત વાગ્યે બેસતા તે રાત્રે બાર વાગ્યે ઊઠતા. ત્યાંથી ઊઠીને પણ ઘેર ન જતાં સવારના બે, ત્રણ અને ઘણી વાર તો ચાર વાગ્યા સુધી પારીસની શેરીઓમાં ટહેલતા. એમની વાતોમાં એમના જમાનાની દુનિયાને તોડીફોડી પોતાના આદર્શ મુજબની નવી દુનિયા સર્જવાની તમન્ના રહેતી. ચારેમાં સૌ પહેલો તુર્ગેનેવ છૂટો પડતો, ત્યાર બાદ દોદે. ઝોલા 'પપા ફ્લોબેર'ની સાથે મુરિલોમાંના તેના રહેવાના મકાન સુધી જતો અને ફ્લોબેર એના બંને ગાલ ચૂમી એને વિદાય આપતો. વિદાય આપતાં ફ્લોબેર હમેશાં ઝોલાને શિખામણ આપતો, 'સર્વ કંઈ કહેવાઇ ચૂક્યું છે, બેટા! આપણી પાસે એનું એ જ ફરીથી કહેવા સિવાય બીજું કંઈ નથી રહેતું. પણ આપણે તે વધુ સુંદર રીતે કહેવું જોઇએ...'

અને ઝોલાએ જૂની વસ્તુઓ પણ એવા સુંદર શબ્દોમાં રજૂ કરી કે તેના પડઘા જગતભરમાં પડયા.

ઈ. સ. ૧૮૪૦ના એપ્રિલની ૪થીએ પારીસ મુકામે એમિલ ઝોલાનો જન્મ થએલો. એનો પિતા ફ્રેન્ચ નાગરિકત્વ ધરાવતો ઇટાલિયન હતો, જ્યારે માતા ફ્રેન્ચ હતી અને એની દાદી ગ્રીક હતી. પિતા ફ્રાન્સિસ્કો ઝોલા એક કુશળ ઈજનેર હતો. આઈ શહેરના મૅજિસ્ટ્રેટે એને પહાડોમાંથી નહેર વાટે શહેરમાં પાણી લાવવા રોકેલો પરંતુ નહેરનું કામ શરૂ થતાં પહેલાં જ ઇ. સ. ૧૮૪૭માં તે મૃત્યુ પામ્યો. માદામ ઝોલા પાસે સાત વર્ષના સંતાન એમિલ અને પોતાનાં તૂટી પડેલાં સ્વપ્નાં સિવાય કશું જ ન રહ્યું. ગામનું કામ કરી એ માંડમાંડ પોતાનું પેટિયું કાઢવા લાગી.

એમિલને એણે નિશાળે બેસાડયો. પ્રારંભિક શિક્ષણ પૂરું કર્યા પછી તે આઈની જ કૉલેજમાં દાખલ થયો. સ્વભાવે અતડો હોવાથી એમિલ કૉલેજમાં કોઇ મિત્ર બનાવી ન શક્યો. એની જીભ પણ તોતડાતી હતી અને પોતાનું નામ એ 'ઝોલા'ને બદલે 'ધોલા' બોલતો! આથી છોકરાઓ તેને 'ધોલા, ધોલા' કહીને ચીડવતા. એમિલ પણ ગાંજ્યો જાય એવો ન હતો. એકલે હાથે તે આખા ટોળા સાથે મારામારીમાં ઊતરતો. એક વાર આવી મારામારી પછી એક છોકરાએ ટોળામાંથી આગળ આવીને બની ગએલા બનાવ બદલ તેની માફી માગી.

'એ બધું ઠીક છે. મને મારો બચાવ કરતાં બરાબર આવડે છે.' એમિલે કહ્યું. જવાબમાં આગંતુકે પોતાનો હાથ લંબાવી કહ્યું, 'દોસ્ત, હું તને મારો મિત્ર બનાવવા માગું છું.'


'અને હું તને.' એમિલે એનો લંબાવેલો હાથ પોતાના હાથમાં લેતાં કહ્યું, 'તારું નામ શું?'

'સેઝાં,—પૉલ સેઝાં.'

અને આ રીતે દુનિયા સામેના આ બે નામીચા બંડખોરોની દોસ્તી જામી. સેઝાં પણ ભવિષ્યમાં પ્રણાલિકાભંજક કલાકાર થયો.

ઝોલાને લખવાનો શોખ તો નાનપણથી જ હતો. તેર વરસની ઉમરે એણે એક નવલકથા અને એક ત્રિઅંકી નાટક લખી કાઢેલાં! આઈની કૉલેજ છોડી એ પારીસની એકોલ નોર્માલમાં ગયો. ત્યાં પણ ભણવા કરતાં લખવા પાછળ એ વધુ ધ્યાન આપવા માંડયો. પરિ-

ને મિત્રોના ભોગે પણ અસત્ય ને અન્યાયનો સામનો કરનાર સાહિત્યકાર



એમિલ ઝોલા

લેખક · અશોક હર્ષ

ણામે છેલ્લી પરીક્ષામાં એ નાપાસ થયો.

આ નિષ્ફળતા એના કરતાં પણ એની માતાને વધુ આઘાતજનક હતી. બીજાઓને ત્યાં વાસીદાં વાળવાનું અને કપડાં ધોવાનું કામ કરીકરી એણે એમિલને કૉલેજ સુધી પહોંચાડેલો. તેણે એમિલને મોટો ઈજનેર બનાવવાની આશા સેવેલી, પણ એ આશાનો મિનારો જમીનદોસ્ત થઇ ગયો. એમિલને માટે હવે બે જ માર્ગ રહ્યા : કાં તો ક્યાંક કારકુની સ્વીકારી લેવી અથવા તો લેખકનો ખુવાર થવાનો ધંધો અપનાવવો. એ પોતે કેટલો નિરાશ થઇ ગએલો એ એણે એક મિત્ર પરના પત્રમાં લખેલા આ શબ્દો પરથી જણાય છે: 'ગયું આખું અઠવાડિયું મેં ભારે શોકપૂર્ણ વિતાવ્યું છે. હું વીસ વરસનો અને નોકરીધંધા વિનાનો છું. અત્યાર સુધી હું દિવાસ્વપ્નોમાં જ મગ્ન રહેલો, સરી જતી રેતી પર પગલાં માંડતો. કોણ જાણે કઈ ગર્તામાં હું ધકેલાઇ જઈશ.'

પણ એના પિતાના એક મિત્રે એને ગર્તામાં ધકેલાઇ જતો બચાવી લીધો, અને ગોદીમાં નોકરી અપાવી. ગંધાતા તબેલા જેવા એ સ્થળે કામ કરવું એમિલને ન ફાવ્યું અને તેણે એ નોકરી છોડી દીધી. પછી શું? પછી તંગી, ભૂખમરો, ચીંથરેહાલપણું અને નિરાશા. એની સાથોસાથ આદર્શ દુનિયાનાં સ્વપ્નાં. પૃથ્વી પર સ્વર્ગ ઉતારે એવો નવધર્મગ્રંથ–'ન્યૂ બાઇબલ'–રચવાનો એના ઑરતો જાગ્યો, પણ એ ક્યારે લખી શકાય? શરીરને કોરી ખાતી જઠરની આગ પહેલાં શમે ત્યાર પછી જ ને?

એવામાં એને એનો પુરાણો મિત્ર સેઝાં આવી મળ્યો બંનેએ સાથે પારીસના એક લત્તામાં રહેવા માંડ્યું. બંનેએ સાથે સ્વપ્નાં સેવવા માંડ્યા અને–અને સાથે ભૂખે મરવા માંડ્યા! કલમ અને પીંછીના એ બે પેગંબરોને પ્રીછવાની દુનિયાને કશી જ તમા ન હતી.

વધુ તંગી, વધુ ભૂખમરો, વધુ નિરાશા! ૧૮૬૧ના શિયાળાની એક સાંજે તો ઝોલા ભૂખથી એવો આંધળો બની ગએલો કે રસ્તામાં ચણતી ચકલીઓને પકડવા તે દોડેલો. એ દિવસોમાં એના ભૂખથી બેભાન બની જવાના પ્રસંગો તો અનેક વાર બનેલા.

આ અરસામાં એના પિતાનો બીજો એક મિત્ર એની મદદે આવ્યો અને એક પ્રકાશનસંસ્થામાં ચોપડીઓનાં બંડલ બાંધવાની નોકરી અપાવી. ત્યાં રહ્યે રહ્યે ઝોલા પુસ્તકો વાંચતો અને પોતાના મનની મોજ ખાતર તેનાં અવલોકનો પણ લખતો. એક વાર એનો શેઠ એને આ રીતે લખતાં જોઇ ગયો ને બોલ્યો, 'ઝોલા, તું મજૂરી સારી નથી કરી શકતો, પણ લખાણની નકલો સારી કરી શકીશ. તને જાહેરખબર ખાતામાં મૂકીશું.'

આમ છેવટે ઝોલાનું ઠેકાણું પડ્યું. હવે એને પેટ ભરીને ખાવાનું મળવા લાગ્યું એટલે પોતાની દુખિયારી માને પણ પોતાની પાસે બોલાવી લીધી. કામ ઉપરાંતનો સમય એ હવે લેખન પાછળ આપવા માંડ્યો. થોડીક વાર્તાઓ એણે લખી, જેમાંની કેટલીક જુદાંજુદાં પત્રોમાં છપાઈ પણ ખરી. આથી પ્રોત્સાહિત થઈ પોતાની વાર્તાઓનો એક સંગ્રહ કરી તે પ્રકાશકને ત્યાં ઊપડ્યો—પોતે કામ કરતો હતો એ પ્રકાશકને ત્યાં નહિ, પણ બીજે. ઈ. સ. ૧૮૬૪ની વસંત ઋતુના એ દિવસો હતા. પ્રકાશક તો આ ઝીંથરિયા જેવા દેખાતા જુવાનને જોઈ જ રહ્યો.

'સાહેબ, આ વાર્તાઓ વાંચી જશો?' ઝોલા પોતાની હાથપ્રત તેના હાથમાં મૂકતાં બોલ્યો, આમાંની એક–ફક્ત એક વાર્તા વાંચી જવા મહેરબાની કરો. તમને મારી પ્રતિભાની ખાતરી થયા વિના નહિ રહે.'

પ્રકાશકને ગમ્મત પડી. એણે છેવટે ઝોલાને એક અઠવાડિયું રહીને તપાસ કરવા કહ્યું. ઝોલાને તો જેટલા દિવસો ગયા એ વરસો બરાબર વીત્યા. પ્રકાશકે કહેલી મુદતે એ ગયો તો એને જવાબ મળ્યો કે તેનો વાર્તાસંગ્રહ છાપવા માટે સ્વીકારવામાં આવ્યો હતો!

આ રીતે સાહિત્યજગતમાં પગ મૂકવાની જગ્યા મળી રહેતાં ઝોલાએ સીન નદીના કાંઠે એક મકાન રાખ્યું. એક દિવસ એના મકાન માલિકની પુત્રી ઍલેક્ઝાન્ડ્રીનાને એણે ધ્રુસકે ધ્રુસકે રડતી જોઈ. કારણ પૂછતાં એવું જાણવા મળ્યું કે એનો પ્રેમી એને વિપત્તિમાં નાખી નાસી ગયો હતો. ઝોલાએ આશ્વાસન આપી પોતાના ઘરમાં એને સ્થાન કરી આપ્યું અને થોડા વખત બાદ દિલમાં પણ. બંને પરણી ગયાં. અપ્સરા જેવી ઍલેક્ઝાન્ડ્રીનાના પ્રમાણમાં ઝોલા તો કૂબડો ગણાય તેવો હતો; પરંતુ ઍલેક્ઝાન્ડ્રીનાએ તેનું આત્મસૌન્દર્ય પિછાણીને પોતાનું દેહસૌન્દર્ય તેને ચરણે ધરી દીધું હતું.

ઝોલાનું મન હવે ફ્લોબેરની 'માદામ બોવરી' જેવી વાસ્તવદર્શી કૃતિઓ સર્જવા પાછળ દોડ્યું. એની નજર માનવહૃદયનાં ઊંડાણોનો સહેલાઈથી તાગ કાઢી લઈ શકતી હતી. સમાજનું લક્ષ તેના રોગ પ્રત્યે દોરી તેને એ રોગથી મુક્ત કરી નીરોગી બનાવવા માટે તેણે કેટલીક વાસ્તવદર્શી નવલકથાઓ લખી–જેને એ પોતે નિસર્ગવાદી 'નૅચરાલિસ્ટિક' કહેતો. આ નવલકથાઓએ એને લોકપ્રિય બનાવ્યો. ને લોકનિંદ્ય પણ. લોકો એને નિંદતા છતાં એને વાંચ્યા વગર ન રહેતા. અને એમનો વાચનરસ ઝોલાનાં ખિસ્સાં (જુઓ પૃષ્ઠ ૭ ઉપર)



ગુપ્ત સામ્રાજ્યના સિક્કાઓ : પ્રાચીન ભારતના સમસ્ત ઇતિહાસમાં ગુપ્ત રાજાઓનો કાળ સુવર્ણયુગ ગણાયો છે. એમના સમયમાં વધારેમાં વધારે સોનાના સિક્કા પડયા કહેવાય છે. સમુદ્રગુપ્તે કુશાન(પૂર્વ પંજાબ)માંથી તે પાડવાની કળા મેળવીને તેમા જે ભારતીય તત્ત્વ દાખલ કર્યું એ જ ગુપ્ત રાજ્યની કાળગણનાની ચાવી છે. ૧૪૬·૪ ગ્રેઈનના લગભગ એક સરખા વજનના એ સિક્કાઓ પરનાં પ્રતીકોનાં, શ્રી નંદલાલ વસુ, અસીતકુમાર હાલદાર અને પી. નિયોગી જેવા કલાકારોએ સાફ રેખામાં કરેલાં નવવિધાન આ ઉપર આપ્યાં છે. એમાં એક બાજુએ રાજ્યકર્તાની અમુક પ્રકારની આકૃતિ અને પાછલી બાજુ લગભગ બધાંમાં કમલાસના તથા કમલધારિણી લક્ષ્મીની આકૃતિ આવતી. એ રીતનાં જોડકાં ઉપલા ચિત્રમાં દર્શાવ્યાં છે. ડાબી બાજુની પહેલી **ઊભી** હારમાં મથાળે ચન્દ્રગુપ્ત બીજાનો છત્ર સાથેનો સિક્કો, નીચે તેની પાછલી બાજુની લક્ષ્મીની આકૃતિ; એ હારમાં તદ્દન છેડે એ જ રાજાનો સિંહ-યુદ્ધ; તેને મથાળે તેની પાછળના લક્ષ્મીની આકૃતિ. આ પહેલી **ઊભી** હાર બાદ કરતાં હવેના સિક્કા મથાળેથી **આડી** હારમાં ક્રમાનુસાર આ મુજબ છે: (અનુ૦ પૃ. ૭મે)

પ્રજાજીવનમાં કારક-કલા(ઍપ્લાઈડ આર્ટ)નાં મોટામાં મોટાં સર્વસ્પર્શી ક્ષેત્રો બે : સિક્કા ને ટપાલની ટિકિટો. એ બેમાં યોજેલી કલા જાણ્યે-અજાણ્યે એકેએક માનવીની આંખને સ્પર્શે છે. પ્રજાનો અમુક વર્ગ, અલબત્ત, એવો હોય છે કે જેને મન સિક્કા એ માત્ર 'નગદ નારાયણ' ને ટપાલની ટિકિટ એ 'ફરજિયાત ચોટવો પડતો કાગળનો ટુકડો' જ હોય. છતાં એમાં ઉતારેલા શોભનકલા પ્રત્યે એકએક માનવી કમમાં કમ એકાદ વાર તો જિજ્ઞાસા ને રસથી પોતાની નજર માંડવાનો જ.

જીવનવ્યવહારમાં વિનિમયના સાધન તરીકે નાણું દાખલ કરનાર સમસ્ત સંસારમાં સૌ પહેલા આર્ય લોકો હતા ને ભારતનો સિક્કાઓનો ઇતિહાસ કદાચ સૌથી લાંબો હશે; પરંતુ સિક્કાઓ પર રાજ્યકર્તાઓનાં મહોરાં પ્રથમ દાખલ કરનાર જેમ ગ્રીક લોકો હતા, તેમ કલાનો ચક્ષુરમ્ય પ્રસાદ પણ કદાચ એમણે જ પહેલો દાખલ કર્યો; અને યુરોપના દેશોની સાથે ભારતના સિક્કાઓ ઉપર પણ એમની અસર સિકંદરના આગમન પછી સારી પડી છે. 'કુમાર'ના અંકોમાં ભારતીય નાણાં ઉપર આ અગાઉ થોડા લેખો આવી ગયા છે,



પ્રજાજીવનમાં સિક્કાની કલા: બ્રિટનના નવા સિક્કા

અને ભારતીય સિક્કાઓનો તો સિલસિલાબંધ ક્રમિક પરિચય ઘણા મહિનાઓ સુધી છેલ્લા પાના પર આપ્યા કર્યો હોઈ એ કલાનો રસ વાચકોને સુપરિચિત છે; એટલે તેના અનુસંધાનમાં આ સાથે અપાતો પરિચય જિજ્ઞાસાપોષક ને રસભર્યો લાગશે.

ઇગ્લંડની ગાદી પર નવી આવેલી રાણી ઇલિઝાબેથ (બીજી)ના આરોહણ પ્રસંગે આ વર્ષે બહાર પડનારા બ્રિટનના જે નવા સિક્કા આ સાથે આપ્યા છે તેની પરંપરા પણ ૧૨૦૦ વર્ષ જૂની છે; અને તેના પરનાં પ્રતીકો પાછળ એ પ્રજાના ઇતિહાસનાં સિમાચિહ્નો પણ રહેલાં છે. બધા સિક્કાઓ ઉપર રાણીનું જે મ્હોરું આવવાનું છે તેની આલેખક પણ મિસિસ મેરી ગિલિક નામની ૭૧ વરસની એક વૃદ્ધ સ્ત્રીકલાકાર જ છે એ એક આકસ્મિક યોગ છે. તેના આલેખન માટે રાણીએ બધા હરીફ કલાકારોને જાતે બેઠક આપેલી અને સૌની કૃતિઓમાંથી મિસિસ ગિલિકે આલેખેલી મુદ્રા પર તેની પસંદગી ઊતરી છે. હમણાંહમણાં સિક્કાઓ પર રાજ્યકર્તાનો ચ્હેરો માત્ર ગળા સુધી જ આપવામાં આવતો તેને બદલે આમાં રાણી વિક્ટોરિયા જેવો ખભા સુધી આપ્યો છે. એથી મ્હોરું સિક્કાનો ઓછો ભાગ રોકતું થયું છે, અને ચોમેર બાંધેલી અક્ષરોની કિનારથી તેનો શોભનગુણ વધીને તે સપ્રમાણ બન્યો છે. રાણીની હંસ જેવી લાંબી સોહામણી ડોક પર શોભતા મસ્તકમાં, પશ્ચિમમાં કીર્તિસૂચક ગણાતો 'લૉરેલ-વૃક્ષ'ની ડાળીનો રચેલો મોડ તથા પાછળ હવામાં ફરફરતી પટ્ટીઓ ઉપર બ્રિટિશરો મુગ્ધ છે. કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅંડ, દ૦આફ્રિકા તથા સિલોનની સરકારો પણ પોતાના સિક્કાઓ માટે આ જ આકૃતિનો ઉપયોગ કરશે. માત્ર તેમના વર્ણનાત્મક શબ્દો જુદાજુદા હશે. સંસ્થાનોમાં પ્રણાલિકા મુજબ તાજ પહેરેલી આકૃતિનો ઉપયોગ કરવામાં આવશે. પરંતુ તે તાજ પહેરેલી હોવાથી આ સિક્કાઓનો ઉપયોગ રાજ્યાભિષેક થયા પહેલાં નહિ કરવામાં આવે.

બ્રિટનના ચલણમાં આટલા સિક્કાઓ છે: ફાર્ધિંગ, અર્ધી પેની, પેની, ત્રણ પેની; છ પેન્સ (અર્ધો શિલિંગ), શિલિંગ, ફ્લોરિન (બે શિલિંગ), અર્ધો ક્રાઉન (અઢી શિલિંગ); પાઉન્ડ (સોવરેઇન–૨૦ શિલિંગ); અને ગિની (૨૧ શિલિંગ); જેમાંના છેલ્લા બે જવલ્લે જ પ્રચલિત છે. આ બધા સિક્કા ઉપર એક બાજુ રાજ્યકર્તાની છબિ અને પાછલી બાજુ દેશનાં ઇતિહાસ-સંસ્કૃતિનાં સૂચક પ્રતીકોનાં સુશોભનો આપવામાં આવે છે. રાણી ઇલિઝાબેથના નવા સિક્કાઓમાં શરૂના ત્રણની પાછળનાં શોભનો તો જૂના પ્રમાણે જ કાયમ છે:







ફાર્ધિંગની પાછળ બ્રિટનનું પ્રિય પંખી 'રેન', અર્ધી પેની પાછળ સમૃદ્ધિનું સૂચક 'ગોલ્ડન હાઇન્ડ' નામનું પુરાણું જહાજ; અને પેની (પેન્સ)ની પાછળ ત્યાંની રાષ્ટ્રમૂર્તિ 'બ્રિટાનિયા.' (જુઓ ઉપર)

હવે આપણે નવા સિક્કાઓની પાછળનાં આલેખનો જોઇએ (જુઓ પાછળનું ચિત્ર). બધા સિક્કાઓમાં ત્રણ પેન્સનો સિક્કો જ ગોળ નથી–તે બાર બાજુઓ (ને બાર ખૂણા)વાળો છે અને તેના ઉપર બ્રિટનના પ્રાચીન રક્ષણ-પ્રતીક લોખંડી સાંકળોવાળા પોર્ટકયુલિસ તથા તાજનું ચિત્ર છે. પોર્ટકયુલિસ એટલે લોખંડી ખીલાવાળાં ધીંગા બીમનો બનેલો અને છેડે અણીવાળાં લોઢાનાં ફળાંવાળો કિલ્લાનો તોતીંગ દરવાજો. છ પેન્સ (અર્ધો શિલિંગ)ના સિક્કા પાછળ ગુલાબ (ઇંગ્લંડનું રાષ્ટ્રીય ફૂલ), લીક (વેલ્સનું રાષ્ટ્ર-ફૂલ) અને થિસલ (સ્કૉટલૅન્ડનું રાષ્ટ્ર-ફૂલ) સાથે શૅમરૉકની ડાળીની શોભનગૂંથણી છે. ઉપર-નીચેના શિલિંગના સિક્કાઓમાં સિંહાંકિત ઢાલવાળાં ત્યાંનાં રાજચિહ્નો પર રાજમુકુટ છે. બે શિલિંગના ફ્લૉરિન પાછળ બેવડા ગુલાબફૂલની આકૃતિની ચોમેર થિસલ, લીક અને શૅમરૉકની કિરણ-આકૃતિ રચી છે; અને અઢી શિલિંગના હાફ-ક્રાઉન પાછળ ચારે રાજ્ય-ચિહ્નોથી અંકિત ઢાલને મથાળે તાજ તથા બે પડખે E. R. (ઇલિઝાબેથ રેજીના) એવા પ્રથમાક્ષરો છે.

આ નિમિત્તે સાથે અમે આપણા ગુપ્ત સામ્રાજ્યકાળના કેટલાક સિક્કાઓનો પણ પરિચય 'ચિત્રબોધ' તરીકે આપીએ છીએ વિખ્યાત ઇતિહાસકાર શ્રી રાધાકુમુદ મુખરજી લિખિત 'ગુપ્ત એમ્પાયર'ના પુસ્તક માટે ભારતીય કલાકારો શ્રી નંદલાલ વસુ, અસીતકુમાર હાલદાર તથા પી. નિયોગીએ મૂળ સિક્કાઓની આકૃતિને સાફ અને પ્રવાહિત રેખાઓમાં કરેલી એ નવરચના છે.

ગુપ્ત સામ્રાજ્યના સિક્કાઓ

(અનુ૦ પૃષ્ઠ ૫થી) મથાળાની પહેલી હાર (શરૂના સિક્કા સિવાય) આડેથી : ગજારૂઢ સમ્રાટ કુમારગુપ્ત તથા જોડે તેની પાછળની લક્ષ્મી-આકૃતિ; સમુદ્રગુપ્ત તથા રાજરાણી અને પાછળ સિંહારૂઢ લક્ષ્મી; સમુદ્રગુપ્ત : વ્યાઘ્રયુદ્ધ તથા પાછળ મકર-આરૂઢ ગંગા. (ગંગાના પ્રદેશ જીત્યાની યાદમાં પાડેલો સિક્કો.) બીજી હાર (શરૂના સિક્કા સિવાય) આડેથી : સમુદ્રગુપ્ત તથા આસનસ્થ લક્ષ્મી; બીજું જોડકું પણ એ જ રાજા તથા ઊભેલી લક્ષ્મી; ત્રીજું જોડકું–ફરસીધારી સમુદ્રગુપ્ત તથા લક્ષ્મી. ત્રીજી હાર (શરૂના સિક્કા સિવાય) આડેથી : ધનુર્ધારી ચંદ્રગુપ્ત બીજો તથા કમલાસના લક્ષ્મી; બીજું જોડકું–ધનુષ તથા બાણ ધારેલો સ્કંદગુપ્ત તથા લક્ષ્મી; ત્રીજું જોડકું–સ્કંદગુપ્ત અને રાજરાણી તથા લક્ષ્મી. છેલ્લી હાર (શરૂના સિક્કા સિવાય) આડેથી પહેલો : ધનુર્ધારી ચંદ્રગુપ્ત બીજો; પછીનો સિક્કો કળાયલ મોરવાળો સ્કંદગુપ્તનો રૂપાનો સિક્કો; તે પછી આસનારૂઢ ચંદ્રગુપ્ત બીજો તથા આસનસ્થ લક્ષ્મી; છેલ્લું જોડકું–અશ્વમેધ યજ્ઞનો ઘોડો તથા પાછળ પટરાણી.

એમિલ ઝોલા

(અનુસંધાન પૃષ્ઠ ૪થી) વધુ ને વધુ તરબતર કરતો જતો હતો.

પોતાના ચિત્રકાર મિત્ર સેઝાં તથા બીજા 'તિરસ્કૃત નવીન કલાકારો'ને બિરદાવતી એક લેખમાળા એણે લખી. એ પોતે ચિત્રકલા સંબંધે કશું જ નહોતો જાણતો, અને એનો વિરોધ પણ થયો. પરંતુ ઝોલાને તો પોતે જે નવમાનવધર્મ સ્થાપવા માગતો હતો તેની ભૂમિકા આ રીતે જ શક્ય લાગેલી. અને એ ભૂમિકા પૂરી બંધાયાની ખાતરી થતાં તેણે નવલકથાના દસ મહાગ્રંથો બહાર પાડ્યા, જેમાં તેણે એક જિજ્ઞાસુ તરીકે, એક સમીક્ષક તરીકે અને પોતાના માનવબંધુઓના એક શિક્ષક તરીકે જગતને પોતાનો પરિચય કરાવ્યો. એની નવલકથામાં આવતા એકેએક સ્થળની મુલાકાત એણે જાતે લીધેલી. જે જીવતી વ્યક્તિઓ પરથી એમાં પાત્રનિરૂપણ કરવામાં આવ્યું છે એ વ્યક્તિઓ સાથે પરિચય બાંધી એમની બોલચાલ, રીતભાત વગેરેનો અભ્યાસ કરેલો. પોતાની દળદાર નોંધપોથીઓમાં ટાંકેલી આ વિપુલ અભ્યાસસામગ્રી ચાળી કાઢી તેમાંથી તેણે પોતાની નવલકથાઓનું વસ્તુ વિકસાવેલું છે.

લોકોના એક વર્ગમાં તેના વાસ્તવદર્શી આલેખન સામે અણગમો તો હતો જ, તેમાં આ લેખના પ્રારંભે વર્ણવેલો ડ્રેફસનો કિસ્સો બન્યો, અને ઝોલા સામે લોકોની રીસનો પાર ન રહ્યો. એણે એ કિસ્સા અંગે બહાર પાડેલા ચોપનિયા માટે એને ગિરફતાર કરી એના પર કેસ ચલાવવામાં આવ્યો. ન્યાયનું એ કેવળ નાટક જ હતું. ઝોલાનો વકીલ જ્યારેજ્યારે સાક્ષીઓને સવાલ કરતો ત્યારેત્યારે ખુદ ન્યાયાધીશ તેને અટકાવીને કહેતો, 'તમારાથી સવાલો નહિ પૂછી શકાય.'

કેસના અંતે ઝોલાએ ન્યાયને માટે જોરદાર અપીલ કરી–પોતાને માટે નહિ પણ ડ્રેફસને માટે : 'એ નિર્દોષ છે. હું કસમ ખાઇને કહું છું કે એ નિર્દોષ છે. એ બદલ હું મારું મકાન, મારી જિંદગી સુદ્ધાં હોડમાં મૂકવા તૈયાર છું...હું મારે માટે નિશ્ચિંત છું. તમે ભલે મને સજા ફરમાવો, પણ જીતવાનો તો હું જ છું. કોઈને કોઇ દહાડે ફ્રાન્સ તેનું સંમાન સાચવવામાં સહાયભૂત નીવડ્યા બદલ મારો આભાર માન્યા વિના નહિ રહે.' પણ જ્યુરીએ તો ઝોલાને બદનક્ષી (ડ્રેફસને અપરાધી ઠરાવી કારાવાસમાં ધકેલનારાઓની બદનક્ષી કરવા માટે) ગુનેગાર ઠરાવી તેનો ૩૦,૦૦૦ ફ્રાન્ક દંડ કર્યો!

સત્ય ને ન્યાય માટેની ઝોલાની આ લડતે તેના શ્રમનો, તેના આરોગ્યનો, તેની કીર્તિનો, તેની કમાણીનો ને તેના મિત્રો સુદ્ધાંનો ભોગ લીધો. ચાળીસ વર્ષ પહેલાં એ જેવો હતો તેવો ને તેવો જ એકાકી, નિરાશ, નિષ્કંચન બની ગયો, છતાં પોતાની લડત એણે ચાલુ રાખી. છેવટે એને તેમાં સફળતા મળી. ડ્રેફસની ફરી તપાસ કરવામાં આવી અને તે નિર્દોષ ઠરતાં તેને છોડી મૂકવામાં આવ્યો. પોતાના દેશનું સંમાન સાચવતો એ દિવસ જોવાને ઝોલા જીવતો હતો, પણ હવે એના જીવનનાટક પર અંતિમ પડદો પડી રહ્યો હતો.

ઇ. સ. ૧૯૦૨ના સપ્ટેમ્બરની ૨૯મીની રાતે મોડે સુધી લખતો રહી એ સૂવા પડ્યો. તાપવાની સગડીમાં આગ ચાલુ રાખીને જ એ સૂઇ ગયો. પાછળથી એ આગ હોલવાઈ ગઈ અને એકલો ધુમાડો નીકળવા લાગ્યો, ને ધુમાડામાંના ઝેરી વાયુની અસરથી વળતી તા. ૩૦મીની સવારે તે મૃત્યુ પામેલો મળ્યો. મેજ પરના એના લખાણના અધૂરા મૂકેલા પાના પર આ વાક્ય લખાએલું: 'સત્ય દ્વારા ઉચ્ચ ને સૌમ્યપૂર્ણ માનવતાનું નવસર્જન.'

અને એ જ એના જીવનનો પ્રધાન સંદેશ છે.

ખોવાએલી વીંટી

ગુમ થઈ ત્યારે જેણે એક જાતનો ઉત્પાત મચાવ્યો; અને મળી ત્યારે....?



લેખક

લલિત પરીખ

વકીલસાહેબ ઝડપભેર પોતાના ખંડમાં આંટા મારતા. ઘડીએઘડીએ હાથ મસળતા અને વારંવાર કૅમ્પાઉન્ડનાં દરવાજા તરફ દૃષ્ટિ દોડાવતા, પોતાની વ્યાકુળતા પ્રદર્શિત કરતા હતા.

એમની આ વ્યાકુળતા પાછળ કારણ હતું. આજ, પોતાને ત્યાં જ ઊછરેલો, એક સ્નેહીનો પુત્ર કિશોર જેલમાંથી છૂટીને આવતો હતો. પોતે વર્ષો સુધી કરેલા ઉપકારનો બદલો જે રીતે એણે ત્રણ સો રૂપિયા અને હીરાની વીંટી ચોરીને તથા પોતાના પુત્રને મારવા જતાં એના પ્યારા કૂતરા ટૉમીને ગોળી ચલાવીને મારી નાખીને અને એ રીતે પુત્રને ગાંડો બનાવી મૂકીને વાળેલો, તે જોતાં તો અત્યારે વકીલસાહેબનું ચાલત તો એ કિશોરના ટુકડેટુકડા કરીને પણ સંતોષ ન માનત.

તે વખતે કોર્ટમાં પોતે, ચોર, જુગારી અને ખૂની માનસવાળા કિશોરને ફાંસી જ મળે એવી દલીલોનો ધોધ વહાવેલો. અને બચાવમાં કહેવાએલી વાતોને નરી બનાવટ ઠરાવી, ગુનાને અસત્ય બોલવાના કારણે વધુ ગંભીર બતાવી, કંઈ નહિ તો સાત વર્ષની જેલમાં તો એમણે એને ધકેલાવી જ દીધેલો.

એ પછી વકીલસાહેબ પોતાના એકના એક પુત્ર દિલીપનું ગાંડપણ દૂર કરવા માટે લગભગ ગાંડા જેવા જ બની ગયા. શહેરનાં જ નહિ, દેશભરના મોટામોટા ડૉક્ટરોને 'કન્સલ્ટ' કરી જોયા, પણ પરિણામમાં દિલીપનું ગાંડપણ વધતું જ જતું હતું. ક્યારેક એ 'હીરાની વીંટી' કહી ડર લાગે એવું ભયંકર અટ્ટહાસ્ય કરતો, તો ક્યારેક 'કિ...શો...ર' કહી જોનારને કંપાવી મૂકે એવું પોકે ને પોકે રડતો: તો વળી ક્યારેક ટૉમીને યાદ કરી સાવ પથ્થર જેવો બની જતો.

આ બધું જોઈ વકીલસાહેબને થઈ આવતું કે એ નીચ–નગુણા કિશોરને કોર્ટમાં ઘસડી જેલમાં ધકેલાવ્યો એ કરતાં તો ઘરમાં જ એની ગળચી દાબી મારી નાખ્યો હોત તો સારું થાત. હજી તો પોતે પુત્રને અમેરિકા મોકલવાની કલ્પના કરતા હતા, કોઈ સુંદર શિક્ષિત કન્યા સાથે પરણાવવાનાં સ્વપ્ન જોતા હતા, ત્યાં તો આ સ્વાર્થી કિશોરે એમની બધી ઈમારતો ભાંગી નાખી. મા વિનાનો બીચારો દિલીપ! સ્ત્રીનો પ્રેમ જ નહિ લખ્યો હોય, બીચારાના નસીબમાં!

'બધા એ કિશોરિયાના જ કામો. સા...લો સા...પ!' એવું બબડતા એમણે હોઠ પીસ્યા. તેમ છતાં આજ એમને એ કૃતઘ્નીની રાહ જોવી પડતી હતી. આટલી બધી વ્યાકુળતા સાથે કોઈની પ્રતીક્ષા એમણે ભાગ્યે જ કદી કરી હશે. આજે એ એની પ્રતીક્ષા કરતા હતા એટલું જ નહિ, જેલમાં જ એના પર એક લાંબો કાગળ લખી, કેટલીક હકીકતો સમજાવી, છૂટતાં જ પોતાને ઘેર ચાલ્યા આવવાની કાકલૂદી ભરી વિનતિ પણ કરી હતી.

પ્રેમ માણસને કેટલો લાચાર બનાવે છે! જ્યારથી એક વિલાયતથી આવેલા માનસશાસ્ત્રના આધારે ચિકિત્સા કરનાર બહુ મોટા ડૉક્ટરે એમને કહ્યું હતું કે: 'આપનો પુત્ર તો જ સારો થઇ શકે જો એની સામે એ જે સ્થિતિમાં ગાંડો બન્યો એ સ્થિતિનો આબાદ ચિતાર ખડો કરી શકાય,' ત્યારથી એ પોતાને થોડાક નસીબદાર માનવા લાગ્યા કે 'ચાલો, મેં આવેશમાં આવી એ કિશોરને ન જ માર્યો કે કોર્ટે એને ફાંસી કે જન્મકેદ ન આપી તે સારું જ થયું.'

અને ત્યારથી એ કિશોરના છૂટવાની કાગને ડોળે વાટ જોવા લાગ્યા. પુત્રની હાલત જોઇ ક્યારેક એ રડી પડતા, તો ક્યારેક ક્રોધમાં આવી, કિશોરને આનો બરાબર બદલો આપવાનું વિચારતા. પણ તરત જ પોતાના પર કાબૂ મેળવી વિચારતા કે 'નહિ; કિશોર જ ફક્ત એક એવી વ્યક્તિ છે જે દિલીપનું ગાંડપણ દૂર કરી એને નૉર્મલ સ્થિતિ પર લાવી શકે. કારણ કે જે પરિસ્થિતિમાં ગાંડપણ આવ્યું એનો હૂબહૂ ચિતાર એના સિવાય કોણ ખડો કરી શકે એમ છે?

કિશોરના છૂટવાની તારીખ નજીક આવતાં જ એમણે એક લાંબો આજીજીભર્યો પત્ર એના પર લખી એને છૂટતાંવેંત પોતાને ત્યાં ચાલ્યા આવવા વીનવ્યો હતો અને આજ જેલમાંથી છૂટતાં જ એ આવવો જોઈએ એવો, કોણ જાણે કેમ, એમને બહુ પાકો વિશ્વાસ હતો.

ત્યાં તો કૅમ્પાઉન્ડમાં પગલાં સંભળાયાં. દૃષ્ટિ દોડાવીને જોયું તો ધીમેધીમે કિશોર જ આવતો દેખાયો. વકીલસાહેબ બધું ભૂલીને એની સામે દોડી એને ભેટી પડયા. એમની આંખોમાં હર્ષનાં આંસુ ચમકી ગયાં. શરીરમાં આછો કંપ આવી ગયો. હૃદય આશા અને આનંદના આવેગમાં જોરથી ધડકવા લાગ્યું. આજ દિલીપના સારા થવાની આશા, દવા, ખાત્રી—બધું જ આવી પહોંચ્યું હતું. પણ કિશોર કૈંક કર્કશ અવાજે બોલ્યો: 'કહો, મારી પાસેથી શું ઇચ્છો છો?'

આ સાંભળીને વકીલસાહેબનો ગુસ્સો ફરી ઊછળી આવ્યો. તેને સંભળાવવાનું મન થઈ આવ્યું કે 'તારું લોહી ઇચ્છું છું.' પણ તરત જ પોતાને સંભાળીને બોલ્યા, 'મેં તને પત્રમાં બધું લખ્યું જ છે ને? જોને ફક્ત તે રાતે બનેલી વાતો ફરી યાદ આવે એવો હૂબહૂ ચિતાર તારે ખડો કરવાનો છે. હં, હવે કહે જોઈએ મને, કે શું બનેલું એ રાતે?'

'જી, સાચેસાચો ચિતાર તો મેં કોર્ટમાં પણ આપેલો, પરંતુ ત્યારે આપે ન માન્યું. મારા જ પિતાની મદદથી આગળ આવેલા આપ મને જ ચોર ને ખૂની માની બેઠા? હું જુગાર રમતો, રેસોમાં જતો, પણ આપના ઘરમાં ચોરી કરવા જેટલો મને નીચ કલ્પ્યો?' કિશોર લાગણીઓના પ્રવાહને ન રોકી શક્યો.

વકીલસાહેબ માંડમાંડ ક્રોધ રોકતા બોલ્યા: 'જે બની ગયું એ બની ગયું. હવે તો એ કહે કે તે રાતે શું શું બનેલું?'

કિશોર હસ્યો: 'જે વાત કોર્ટમાં ન માની એ અત્યારે શાના માનશો? છતાં દિલીપને સારો કરવો જ હશે તો માનવી પડશે.'

'હા, ભૈ, હા! આજે તો તું મને પણ ખૂની કહીશ તો યે માનીશ. મારો દિલીપ ડાહ્યો બનતો હોય તો હું બધું જ સહેવા તૈયાર છું.'

'તો સાંભળો.' કિશોર ગંભીર બનીને બોલવા લાગ્યો: 'હું ખુરશી પર બેઠોબેઠો રેસનું સાહિત્ય ઉથલાવતો હતો ત્યાં ટૉમી સાથે દિલીપ આવ્યો. મેં બેઠેબેઠે જ સિગારેટ માગી. એણે ટેબલના ખાનામાંથી કાઢીને તે આપી, એક પોતે પણ લીધી. મારી સિગારેટ સળગાવી એ આરામખુરશીમાં જઇને બેઠો અને પોતાની સિગારેટ પીવા લાગ્યો થોડી વાર પછી...'

'હું, હું...પછી? પછી શું થયું?' વકીલ સાહેબની અધીરતા પ્રદર્શિત થયા વિના ન રહી શકી.

'હું...પછી મેં મારા રૂપિયા માગ્યા: મેં એને એક મોટી પાર્ટીમાં રમવા જવા માટે ત્રણસો રૂપિયા આપેલા તે. એણે પાકીટ ખોલી મને ત્રણસો આપ્યા. પછી બીજા દિવસની રેસ પર વાતો ચાલી કે કયો ઘોડો આવશે, વગેરે. થોડી વારે એ ટૉમીને રમાડવા લાગ્યો ને બોલ્યો: 'તારા કરતાં તો આ ટૉમી વધારે હોશિયાર છે. જે નામ પર એ પૂંછડી મૂકે છે એ ઘોડો 'વિન' નહિ તો 'પ્લેસ' તો આવે જ છે.'

મેં ચિડાઇને કહ્યું, 'તું, કૂતરાની જ અક્કલની તારીફ કરવા જેટલી અક્કલ ધરાવે છે.'

'હં, તો એમ તેં એને બીચારાને ઉશ્કેર્યો?' વકીલસાહેબથી ન રહેવાયું.

'જી; સાંભળો તો ખરા.' કિશોરે વાત આગળ ચલાવી. એ ઉશ્કેરાઈ ગયો અને કહેવા લાગ્યો 'તું જાણે છે, આ કૂતરો કેટલી કમાલો કરી જાણે છે? હું કોઇ વસ્તુ ગમે ત્યાં છુપાવું તો યે એ શોધી કાઢી શકે છે. સવારે મને ઉઠાડે છે, મારી ટપાલ લાવે છે...' અને કૂતરાની કેટલી યે હોશિયારીનાં બણગાં ફૂંક્યાં પછી મારી સામે ચૅલેન્જ ફેંકી કે, 'બોલ, એક વસ્તુ હું ક્યાંક છુપાવી દઉં, ને તું મરી જાય તો ય ન શોધી શકે, પણ આ કૂતરો ફક્ત પાંચ મિનિટમાં શોધી શકશે.'

મેં કહ્યું: 'દસ મિનિટમાં શોધી આપું તો કેટલાની લાગી?'

એ બોલ્યો: 'તું કહે એટલાની.'

મેં કહ્યું: 'પચાસની!'

'કબૂલ.' કહી એણે મને બહાર જવા કહ્યું. થોડી જ વારે અંદર બોલાવી કહ્યું, 'જો મેં મારી હીરાની વીંટી ક્યાંક છુપાવી છે. શોધી કાઢ, નહિ તો પછી આ ટૉમીને દસ મિનિટ પછી શોધવા કહીશ.'

'અરે, હમણાં શોધી કાઢું.' કહી હું ઝડપથી ટેબલનું ડ્રૉઅર, કબાટનાં ખાનાં, ખુરસીના પાયા, બૂટ, મોજાં, રેડિયો કેસ–બધું જોવા લાગ્યો. મેં એનાં ખિસ્સાં તપાસવાની ઈચ્છા બતાવી તો એણે કહ્યું: 'બાઈ યૂ, મારી પાસે તે હું છુપાવતો હોઇશ?' પછી તો મેં એના પલંગ નીચે, ઓશીકામાં, છબિયો પાછળ, બધે જોવા માંડ્યું. અને પાણીનો કૂજો સુદ્ધાં ખાલી કરીને તપાસ્યો ત્યારે તો એ હસી જ પડ્યો. મેં બંદૂકના કેસમાં જોવા બંદૂક કાઢી; પણ...પણ...'

'પણ—પણ—શું?'

'પણ, કોણ જાણે કેમ, શિકારથી પાછા ફરીને નવા કારતૂસ ભરી એણે યા આપે ઘોડો ભૂલથી ચડાવેલો જ રાખ્યો હશે કે ગમે તેમ; પણ મારો જરા હાથ અડતાં જ 'ધડ' કરતોકને અવાજ થયો; અને હું કંઈ સમજી પણ શકું એ પહેલાં તો ટૉમી લોહીલુહાણ ને દિલીપ બેભાન બનેલો દેખાયો. હું કંઈ કરી શકું એ પહેલાં તો આપ આવી પહોંચ્યા અને મારા ખુલાસાની પણ પરવા કર્યા વિના મને તરછોડી કાઢ્યો. ભાનમાં આવી દિલીપ 'હીરાની વીંટી' એમ બોલ્યો અને એની વીંટી ન જોઈ એટલે આપે મને જ એનો ચોર માની લીધો. તેમજ બીજા પણ દોષો ઢોળી વીંટી માટે ખૂન કરવા તત્પર થયાનો આક્ષેપ પણ ઓઢાડી દીધો.'

અહીં વકીલસાહેબ પોતાને ન રોકી શક્યા: 'હજી પણ એ જ બનાવટ? ખેર, જે બન્યું હોય તે. મારે તો હવે ગમે તેમ દિલીપને સારો કરવા સાથે જ નિસ્બત છે. વારુ, તો હું એને બોલાવી મંગાવું છું. તું એ રાતે વાંચતો હતો એમ એના આ ઓરડામાં વાંચતો બેસ. હું એના પાકીટમાં રૂપિયાની નોટો મુકાવું છું...નહિ, તું જ રાખને, ત્યાં ટેબલ પર આ પાકીટ'. પછી નોકરને બોલાવી દિલીપને બાજુના ઓરડામાં લાવી બેસાડવાની સૂચના આપી એ પોતાના ઓરડામાંના કાચની બારીમાંથી અંદરનું દૃશ્ય જોવા તૈયાર થયા.

'અને હા...' કિશોરને જતો રોકીને એ બોલ્યા: 'બંદૂકમાં કારતૂસ પણ એક છે જ.'

'જી,' કહી એ ઝડપથી બાજુના ખંડમાં જઈ ખુરસી પર બેસી ચોપડી વાંચવા લાગ્યો.

દિલીપ આવતાં કિશોરે સિગારેટ માગી. થોડી વાર જડ બની તે કિશોર સામે જોઈ રહ્યો ને પછી એકદમ ટેબલનું ખાનું ખેંચી એણે સિગારેટનો ડબ્બો કાઢી સિગારેટ આપી. કિશોરે એને પણ લેવા કહ્યું. દિલીપે બેચાર ક્ષણ બાઘા જેવો ઊભા રહી સિગારેટ લઇને મોંમા મૂકી.

'જરા સળગાવી દે ને?' કહી કિશોરે દીવાસળી તરફ ઇશારો કર્યો.

'હેં?' કહી થોડીક પળ માથું ખંજવાળી 'હા–' કહી એણે સિગારેટ સળગાવી આપી.

'મારા પેલા ત્રણસો રૂપિયા આપીશ હવે, દિલીપ? આ તારું પાકીટ તો પડ્યું જ છે, અહીં.'

'હેં?...હા—હા; ઓ-હો; લે, લે...' કહી તેણે પાકીટ ખોલી ત્રણસો રૂપિયા કિશોરને આપ્યા. એના ચહેરા પર જરા મૂંઝવણ દેખાતી હતી. હર ક્ષણે એનું બાઘાપણું વધતું જતું હતું.

થોડી વારે એ બોલ્યો: 'શું છે આ બધું?...હેં? હાં-હાં; હું જાણું છું...હું જાણું છું...' ને એ ભયંકર રીતે ખડખડાટ હસવા લાગ્યો.

કિશોર સહેજ બીધો. પણ તરત જ સ્વસ્થતા સંભાળીને બોલ્યો. 'જો દોસ્ત, જ્યારે ને ત્યારે તું શેખી મારે છે, પણ ચાલ, આજે માર શરત. તેં છુપાવેલી વીંટી હું આમ...આમ ચપટીમાં શોધી આપું.'

'વીંટી!...હેં?...હાં...તું ગોતી આપીશ?' ઘોઘરા અવાજે કંઇક મુંઝાતો હોય એમ દિલીપ બોલ્યો.

'હા, હા; જો આ ડ્રૉઅરમાં હશે. નથી?...અચ્છા તો આ ટેબલ નીચે...આ બૂટમાં, મોજાંમાં...'

ત્યાં તો દિલીપ જોરજોરથી હસવા લાગ્યો.


'અચ્છા, તો આ છબિ પાછળ હશે. ખુરસીના પાયા નીચે પણ નથી? તો...તો ઓશીકામાં જ...પલંગની નીચે...કબાટમાં... રેડિયોકેસમાં...અરે, ક્યાંય નથી?' બધે સાચેસાચ શોધાશોધ કરતો હોય એમ હાંફળોફાંફળો થતો કિશોર (અનુસંધાન પૃ. ૩૭મે)

જીવનવ્યવહારમાં આંખ જેટલું જ ઉપયોગી અંગ

કાન

કાયાની
કરામત
[૨૮]

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



આ ચિત્રમાં મથાળે કાનની રચના દર્શાવતી આકૃતિ છે. જેમાં બહારનો કાન, વચલો કાન અને અંદરનો કાન ઊભી લીટીઓ વડે જુદા પાડી બતાવ્યા છે. નીચેની તેને અનુરૂપ આકૃતિમાં કાનની એ રચનાને સરળ યંત્રના રૂપમાં સમજાવી છે, જેમાં. ડાબી બાજુએ થતા ઘંટડીના અવાજનાં મોજાં કાન વાટે નેળમાં થઇને કર્ણપટને અથડાઇ ત્યાંથી એ ધ્રુજારી વચલા કાનમાંનાં ત્રણ ટચૂકડાં હાડકાંના પૂલ ઉપર થઇને કેવી રીતે કર્ણશંખમાં પહોંચાડાય છે તે બતાવ્યું છે. કર્ણશંખની આકૃતિને પણ સરળ કરી નાખીને તેમાં એકઠી થએલી ધ્રુજારી મગજના શ્રુતિકેન્દ્ર તરફ જતી દર્શાવી છે.

આપણને બહારની દુનિયાનું જ્ઞાન આપનાર આંખ પછી બીજું અંગ કાન છે. એ દ્વારા અવાજ કાનની અંદર જાય છે, ને ત્યાં કર્ણશંખમાં ઝિલાઈ, મગજના શ્રુતિકેન્દ્રમાં એનો અર્થ સ્પષ્ટ થઇને આપણને સાંભળવાનું જ્ઞાન થાય છે.

કાનનો થોડોક જ ભાગ આપણી નજરે પડે છે. બાકીનો મોટો ભાગ તો લમણાનાં હાડકાંના પોલાણમાં ગોઠવાએલો છે. કાનના ત્રણ ભાગ છે: બહારનો કાન, વચલો કાન અને અંદરનો કાન.

બહારનો કાન

બહારના કાનને કર્ણપાલી (Pinna) કહે છે. તે છીપ આકારની છે ને કૂર્ચાની બનેલી હોઈ મૃદુ છે. એનું કામ અવાજને એકઠો કરી કાનના પડદા ભણી મોકલવાનું છે. આપણા કરતાં આંચળવાળાં પ્રાણીઓમાં જીવનસંરક્ષણ અર્થે આ કાર્યનું અતિ મહત્ત્વ હોવાથી એમની કર્ણપાલી મોટા કદની હોય છે ને અવાજની દિશા પકડવા માટે વારંવાર ફરતી રહે છે. આપણી ઉત્ક્રાન્તિ દરમ્યાન આપણા જીવનમાં કાનની ઉપયોગિતાનું મહત્ત્વ ઘટવાથી કાન હલાવતી આપણી માંસપેશીઓ નષ્ટપ્રાય થઇ છે, છતાં કોઇકોઈ માણસો પ્રયત્નથી કાન હલાવી શકે છે ખરા.

વચલા ભાગ કરતાં બન્ને છેડે વધુ પહોળી અને ઢળતી ગોઠવાએલી કાનની નેળ (Meatus) એક ઇંચ લાંબી હોય છે. એના પ્રવેશદ્વારમાં બહારની દિશા ભણી ઢળતા ગોઠવાએલા વાળ, ધૂળ અને જંતુઓને અંદર પ્રવેશતાં અટકાવે છે. વળી નેળની ચામડીમાં ત્રણ હજાર જેટલી મેદસ્વી ગ્રંથિઓ હોય છે. તેનો પીળો ને ચીકણો સ્રાવ (જેને આપણે મેલ કહીએ છીએ) નેળ તથા પડદાને સ્નિગ્ધ રાખે છે ને અંદર ઘૂસતાં જંતુને પકડી લે છે. નેળમાં રહેલી હવા પડદા ઉપર જતા અવાજને મોટો બનાવે છે, અને વાતાવરણમાં થતા ગરમીના ફેરફારોની માઠી અસરોથી વચલા કાનના નાજુક અવયવોને રક્ષે છે.

કાનની નેળ પૂરી થતાં મોતી જેવો ઝાંખો-સફેદ કે ગુલાબી રંગનો પડદો (Ear drum) કર્ણપટ આવે છે. તે ત્રાંસો ગોઠવાએલો છે. આથી તેની મોટી સપાટી ઉપર અવાજનાં મોજાં અથડાય છે. તેનો ઉપલો છેડો ઢીલો છે જ્યારે બીજી બાજુઓ સખત રીતે ખેંચાઇને આવેલી છે. આવી રચનાને લીધે તે હવાના દબાણના ફેરફારો સહન કરવા તથા જુદાજુદા પ્રકારના અવાજોનાં આંદોલનો અનુસાર ધ્રુજવા માટે મજબૂત છે. અહીં 'બહારનો કાન' પૂરો થાય છે.

વચલો કાન

'વચલા કાન'માં ત્રણ હાડકાં આવેલાં છે. ઘાટ ઉપરથી એમનાં નામ હથોડી (Malleus) એરણ (Incus) ને પેંગડું (Stirrup) છે. આ ત્રણે એકબીજા સાથે સંધિબંધનોથી જોડાએલાં છે ને એવી રીતે ગોઠવાએલાં છે કે હથોડીનો હાથો 'કર્ણપટ' પડદા સાથે જોડાએલો છે, જ્યારે પેંગડાનો છેડો 'અંદરના કાન'ના લંબગોળ દ્વારના પડદા સાથે. આ રીતે 'કર્ણપટ'ની ધ્રુજારી આ ત્રણ હાડકાંરૂપી પૂલ ઉપર વહન થઇ અંદરના કાનના પડદા પર જામે છે. આખા શરીરમાં આ હાડકાં (ossicles) નાનામાં નાનાં—આ અક્ષરો જેટલા કદના ટચુકડા છે. એમને જોડતી માંસપેશીઓ પણ એટલી જ નાનકડી છે.

વચલા કાનમાં હવા ભરેલી રહે છે. એનું અને પડદા બહારની બાજુની (એટલે કે કાનની નેળની) હવાનું દબાણ સદા સરખું રહે



આ લેખના મથાળાની આકૃતિમાં 'વચલા કાન'માં બતાવેલાં, અવાજનું વહન કરી જનારાં ત્રણ ટચુકડાં હાડકાં—હથોડી, એરણ અને પેંગડું—લગભગ છસાતગણાં મોટાં કરીને આ સામે દર્શાવ્યાં છે. આપણા આખા શરીરમાં તે નાનામાંનાનાં હાડકાં છે, અને છતાં કાયાગાં એક અજબ કરામતભરી કામગીરી બજાવે છે. એ ત્રણે હાડકાંનાં બનેલા પુલ ઉપરથી અવાજ જે માર્ગે વહે છે તે આકૃતિમાં કાળાં તીરથી દર્શાવ્યું છે. હથોડીનો છેડો કાનના પડદા 'કર્ણપટ' સાથે જોડાએલો છે. ત્યાંથી તે (પહેલું તીર) અવાજની ધ્રુજારીને એરણ પર પહોંચાડે છે (બીજું તીર); અને એરણ તેને પોતાના નીચલા છેડા દ્વારા (ત્રીજું તીર) પેંગડા પર લઈ જાય છે. પેંગડું એ ધ્રુજારીને 'અંદરના કાન'માં કર્ણશંખના પહેલા દ્વાર 'લંબગોર દ્વાર'માં પહોંચાડે છે. (જુઓ નીચેની કર્ણશંખની આકૃતિ.)

અવાજનું વહન કરનારાં ત્રણ અજબ હાડકાં
જેની કામગીરીની વિગત ઉપર સમજાવી છે.

છે. જ્યારે આમાં ખામી આવી પડે છે ત્યારે પડદા ઉપર એની અસર થાય છે; કદીક તેને નુકસાન પણ થાય છે. પર્વતીય પ્રદેશ કે લિફ્ટમાં ઊંચે ચડતી વખતે વાતાવરણમાં હવાનું દબાણ ઓછું હોવાથી કાનની નેળની હવાનું દબાણ પણ ઘટેલું હોય છે. પણ વચલા કાનની હવાના દબાણમાં કશો ઘટાડો થએલો નહિ હોવાથી કાનમાં હવાનું દબાણ વધ્યાનો આપણને અનુભવ થાય છે. પડદાની બન્ને બાજુએ હવાનું દબાણ સરખું કરવા માટે કુદરતી કરામત યોજાએલી હોય છે. આ છે યુસ્ટેચિયન નળી (Eustachian Canal) આ નળી વચલા કાનમાંથી નીકળી ગળાના પાછલા ભાગમાં (Naso Pharynx) ખૂલે છે. જ્યારે વચલા કાનના પોલાણમાં હવાનું દબાણ વધી જાય છે ત્યારે યુસ્ટેચિયન નળી દ્વારા તે બહાર નીકળી જાય છે. આ વખતે કાનમાં 'ખટાક' જેવો અવાજ થયાનો આપણને અનુભવ થાય છે. આવી જ રીતે મોટા ધડાકાથી કે દારૂગોળો ફૂટવાથી થતો મોટો અવાજ કાનની નેળમાં હવાનું દબાણ વધારે છે. આ વખતે કાન બહેર મારી ગયાનું અનુભવાય છે આ દૂર કરવા માટે મોઢું ખુલ્લું રાખવાથી હવા યુસ્ટેચિયન નળી દ્વારા કાનમાં પ્રવેશે છે, જેથી અંદરની હવાનું દબાણ પડદા બહારના જેટલું જ થઈ જાય છે.

દોઢ ઇંચ લાંબી યુસ્ટેચિયન નળી આમ તો બંધ રહે છે, પણ ગળવાની કે બગાસું ખાવાની ક્રિયા વખતે ખુલે છે. તેથી વચલા કાનમાં હવાની આવજા થતી રહે છે અને ત્યાંની હવાનું દબાણ પડદા બહારની બાજુ જેટલું જ એકસરખું રહે છે. આ રીતે યુસ્ટેચિયન નળી વચલા કાનની વા-બારી (Ventilator) જેવું કામ ઉપાડે છે.

આ વા-બારીના કાર્યની મહત્તા શરદી થાય ત્યારે ખસુસ અનુભવાય છે. શરદી વખતે ગળાનો સોજો યુસ્ટેચિયન નળીના દ્વાર સુધી આવતાં, વચલા કાનમાં હવા જવાનો રસ્તો બંધ થાય છે. પરિણામે કાનમાં શૂન્યાવકાશ (Vaccum) ઉત્પન્ન થાય છે. આથી આપણી સાંભળવાની શક્તિમાં ખામી આવે છે. વળી નેળની હવાના પડદા ઉપરના દબાણને અંદરની બાજુએથી સામનો (Resistance) નહિ મળવાથી પડદો અંદરની બાજુ ધકેલાય છે. આના પરિણામે કાનમાં દાટા વાગી ગયાનું આપણે અનુભવીએ છીએ.


શરદી સળેખમ વખતે બંને નસકોરાં દબાવી જોસથી નાક નસીકવું ભયભરેલું છે, કારણ કે આ ક્રિયા વખતે ગળામાં હવાનું દબાણ વધવાથી ગળાનો ચેપ કાન ભણી પ્રસરવાની ધાસ્તી રહે છે. વળી જાણવા જેવું છે કે યુસ્ટેચિયન નળી એડીનૉઇડ્ઝની (એટલે ગળાના પાછલા ભાગમાં આવેલી બે લસી ગાંઠોની) બાજુમાં જ ઊઘડે છે. એટલે ચોળિયાનો સોજો, અવાજની પેટીનો ચેપ કે એડીનૉઈડ્ઝનો સોજો હોય ત્યારે કાનમાં અસહ્ય સણકા અને દરદ ઉપડી આવે છે. ગળાનો ચેપ કાનમાં જવાથી કાન પાકે છે. નાનાં બાળકોના કાન વારંવાર પાકી ઊઠતા હોય ત્યારે ચોળિયા ને એડીનૉઇડ્ઝનું ઑપરેશન કરાવવાની દાકતરો સલાહ આપે છે તે આ કારણોથી. કાનના સણકા કે પાકવાનાં કારણોમાં બહારના કાનથી માંડી કર્ણપટ, વચલા કાન અને યુસ્ટેચિયન નળી સુધીના પ્રદેશોની રોગાવસ્થા હોય છે અને આ રોગાવસ્થાનું મૂળ તો ગળામાં જ આવેલું હોય છે. નાના બાળકોને ગળ્યા પદાર્થોના વધુકા સેવનથી અને શરદી ઠંડીથી રક્ષવામાં આવે તો તેઓ કાનના રોગોમાંથી અવશ્ય ઊગરી જાય છે.

અંદરનો કાન

અવાજ ગ્રહણ કરનારો અવયવ અઢી આંટા મારી ગોળ ગૂંચળું વળીને અંદરના કાનમાં આવેલો છે. શંખ જેવા એના ઘાટ ઉપરથી એનું નામ કર્ણશંખ (Cochlea) આપવામાં આવ્યું છે. કર્ણશંખમાં જ્ઞાનસંવેદક કોષો આવેલા છે, જે હવામાંના ભૌતિક અવાજનાં મોજાંને જ્ઞાનોદ્દીપક પ્રવાહમાં ફેરવી નાખે છે.


કર્ણશંખનું ગૂંચળું ઉકેલવામાં આવે તો ત્રણ નળીઓના બનેલા તતૂડા જેવો દેખાવ ખડો થાય છે. જેમાંની પહેલી Vestibular Canal અને ત્રીજી Tymponic Canal વચ્ચે સળંગ વ્યવહાર છે. આમના ખુલ્લા છેડા અનુક્રમે 'લંબગોળ દ્વાર' અને 'ગોળ દ્વાર' કહેવાય છે. લંબગોળ દ્વાર ઉપરના પડદા સાથે પેંગડા-હાડકાનો છેડો જોડાએલો છે. આ પડદાથી 'અંદરના કાન'ની શરૂઆત થાય છે.


આ બંને નળીઓ એક પ્રકારની રસી (Perilymph)થી ભરેલી છે, જ્યારે વચલી નળી (Cochlear Canal)માં જુદી જ જાતની રસી (Endolymph) હોય છે. બીજી ને ત્રીજી નળીને જુદી પાડનાર પડદાને પીઠ-પડદો (Basilar Membraine) કહેવામાં આવે છે. આ પડદા ઉપર એક અવયવ ગોઠવાએલો છે. એનું નામ ઑર્ગન ઑવ કૉર્ટાઇ (Organ of Corti). આ અવયવની અંદર વાળકોષો

ઉપલા ચિત્રમાં કહ્યા મુજબનાં પેંગડા દ્વારા આવેલાં હવાનાં ભૌતિક મોજાંને તે પછી જ્ઞાનોદ્દીપક પ્રવાહમાં ફેરવતો કર્ણશંખ તેના મૂળ કદમાં મથાળે બતાવ્યો છે. બીજું તેનું મોટું કરેલું ચિત્ર છે. શંખ આકારના એ ગૂંચળાને ઉકેલી નાખીએ તો ત્રણ નળીઓના તતૂડા જેવું એ લાગે. તેની આકૃતિ સામેના પાને છે.

સામેના પાને દર્શાવેલ કર્ણશંખ પોતે 'પેંગડા' દ્વારા ઝીલેલાં અવાજનાં ભૌતિક મોજાંને જે અજબ રચના વડે જ્ઞાનોદ્દીપક પ્રવાહના રૂપમાં ફેરવી નાખે છે તે રચના દર્શાવતી આકૃતિ જમણી બાજુ મથાળે બતાવી છે. સામેના પાને કર્ણશંખ-ની મોટી આકૃતિમાં વચ્ચેતૂટક લીટીથી દર્શાવેલી જગ્યાએથી જો કર્ણશંખને કાપી નાખવામાં આવે તો તેની અંદરનો ભાગ સન્મુખ કેવો દેખાય તે દર્શાવતા 'આડછેદ'નું એ દર્શન છે. એમાં પહેલી નળી વેસ્ટીબ્યુલર કૅનાલ તથા ત્રીજી ટિમ્પૅનિક કૅનાલ એક જ પ્રકારની રસીથી ભરેલી હોય તે ભાગ બારીક ટપકાં વડે બતાવ્યા છે, જ્યારે વચલી નળીનો ધોળો દેખાતો ભાગ જુદા પ્રકારની રસી ધરાવે છે. નીચેનું ચિત્ર, એ ત્રણે નળીઓને ઉકેલીને સીધી કરીએ તો ત્રણ નળીના તતૂડા જેવી જે આકૃતિ બને તેને સાદી રીતે સમજાવતું આલેખન છે.





આવેલા છે, જે અવાજ-સંગ્રાહક (Auditory Receptors)નું કામ કરે છે. આમાંથી શ્રુતિતંતુ (Auditory Nerve)ના તાંતણાઓ નીકળે છે. ઑર્ગન ઑવ કૉર્ટાઈ ઉપર આવેલા સ્પર્શ્ય-પડદા (Tactile Membrane) સાથે વાળકોષો અડકતા હોય છે.

અવાજના મોજાં કાનની નેળમાં થઈ કર્ણપટ પર અથડાતાં કર્ણપટમાં આંદોલનો કે કંપન (vibration) ઉત્પન્ન થાય છે, જે વચલા કાનનાં હાડકાંના પુલ દ્વારા મોટાં બની, વહન થઈ, અંદરના કાનના લંબગોળ દ્વારના પડદા પર અથડાય છે. અહીંથી તે કર્ણશંખના પ્રવાહીમાં કંપન લાવે છે. પ્રવાહીનું કંપન પીઠ-પડદાને કંપાવે છે, જેના પરિણામે વાળકોષો ઊંચાનીચા થઈ, વાંકા વળી સ્પર્શ્ય પડદાને અડકે છે.

વાળ સ્પર્શ્ય-પડદાને અડકવાથી શ્રુતિતંતુના તાંતણા ઉત્તેજાય છે જેના પરિણામે જ્ઞાનની સંવેદના શ્રુતિતંતુ દ્વારા લમણાના ભાગમાં આવેલા મગજના શ્રવણકેન્દ્રમાં નોંધાય છે, જે આપણે મોટા કે મંદ સ્વર રૂપે સાંભળીએ છીએ. શ્રુતિતંતુના છેડાઓ સુધી જે અવાજ આવે છે એ તો ફક્ત આંદોલનો જ હોય છે. આ પછી-શ્રુતિતંતુની ઉત્તેજના શ્રુતિકેન્દ્રમાં પહોંચ્યા બાદ એ આંદોલનોનો જે અર્થ મગજ કરે છે તે આપણે અવાજ રૂપે સાંભળીએ છીએ.

અવાજના જુદાજુદા સૂર સાંભળવા અંગેનો હેલ્મહોલ્ટ્ઝ (Helmholtz)નો સિદ્ધાંત એ છે કે આપણો પીઠપડદો વીણા, સારંગી કે હાર્પ (યુરોપીય તંતુવાદ્ય)ની જેમ લાંબ-ટૂંકા તાંતણાઓનો બનેલો છે. લાંબા તાંતણાના કંપનથી મંદ (Low-pitched Sound) અને ટૂંકા તાંતણાના કંપનથી મોટો સ્વર (High-pitched Sound) પેદા થાય છે. આ હકીકત તો પ્રયોગની કસોટીએ ચડી સાબિત થએલી છે. ઑર્ગન ઑવ કૉર્ટાઇના જે ભાગનો નાશ થાય તે મુજબની બધિરતા આવે છે. મોટા અવાજવાળાં કારખાનાંઓમાં કામ કરનારાઓના ઑર્ગન ઑવ કૉર્ટાઈની બેઠકનો ભાગ નાશ પામવાથી તેમની મોટા અવાજ સાંભળવાની શક્તિ નાશ પામે છે.

સરોવરના શાંત પાણીમાં પથરો નાખવાથી જેમ મોજાંઓની પરંપરા જામે છે, તેમ કોઈ પણ જાતનો અવાજ હવામાં મોટાં કે નાનાં, ઝડપી કે ધીમાં મોજાં ઉપજાવે છે. અવાજનાં ત્રણ તત્ત્વો છે: પ્રમાણ, મોટાઈ અને ગુણ (Timber=સૂર). 'પ્રમાણ'નો આધાર અવાજનાં મોજાંની સંખ્યા ઉપર છે. તે જેમ વધુ તેમ પીઠ-પડદો ખૂબ જોસથી કંપે છે. પરિણામે શ્રુતિકેન્દ્રમાં વધુ સંખ્યામાં જ્ઞાનતંતુ-પ્રવાહ (Nervous Impulse) વહી મગજ મોટો અવાજ પારખે છે. આંદોલનોની સંખ્યા જેમ ઓછી તેમ અવાજ ઘેરો. આ પ્રમાણ અનુસાર અવાજ મોટો, તીણો કે મંદ ઓળખાય છે. આપણા કાન એક સેકન્ડનાં ૧૬ આંદોલનોથી માંડી વધુમાં વધુ ત્રીસથી ચાલીસ હજાર આંદોલનો સાંભળવાની શક્તિ ધરાવે છે! આટલી કક્ષામાં થતા બધા અવાજો આપણે સાંભળીએ છીએ. સરખાં અંતર, લંબાઈ, પહોળાઈ અને મોટાઈવાળા અવાજનાં આંદોલનો આપણે સંગીત રૂપે સાંભળીએ છીએ. જાણવા જેવું છે કે ચામાચીડિયાંની બારીક ચીસ જેવા કેટલાક અવાજો તો આપણા માટે અગોચર છે. (ચાલુ)

અમુક સંજોગો એવો સકંજો ગોઠવે છે કે માણસને એકાએક પગલું ભરવું પડે. સવારે ખબર નહોતી કે બપોર પહેલાં તો બિસ્તર બાંધી, સાંજની મેઈલમાં કલકત્તા તરફ જવું પડશે. દોડતી ટ્રેને કવિતા લખવાની મઝા આવે છે એ અનુભવ એમાં નવો થયો! ત્યાં ચોકશી દંપતી હાજર હતાં. મુંબાઇમાં એમણે મને ખાસ્સો લાંબો વખત સંતાડી રાખેલો. નવનીત ચોકશી અને ઓચ્છવલાલ ઘીવાળા, એ બે મિત્રોએ મારા પિતાના અવસાન બાદ રેલવેની ગ્રૅચ્યુઇટીના પૈસા પોતાને નામે રાખી, કાળજીપૂર્વક સાચવી, ખાસ્સા વર્ષ એ રીતે રોકી, પાઈએ પાઇનો હિસાબ રાખી મૂકયો હતો.

નવનીતે પહેલી પત્ની ગુજરી જતાં બીજી વાર લગ્ન કર્યું હતું. એમ જ—માત્ર પાંચ સાત દિવસમાં જ વહુ પસંદ કરી હતી; અને નિર્મળાએ વર પસંદ કર્યો હતો. પરણીને બંનેએ ધીમે ધીમે પ્રેમ-દીવડો સતેજ કરી જીવનમાં ઉજ્જ્વલ પ્રકાશ આણ્યો હતો. એ એવું કંઈ ભણેલી નહોતી, કે નહોતું એણે એવું કંઇ ભારેખમ વાંચ્યું; છતાં ધણીને વર માની સંસારને સોહામણો બનાવ્યો હતો.

મુંબાઈમાં વરલી પર કૉંગ્રેસ ભરાઇ ત્યારે બધા દિવસ એ કૉંગ્રેસમાં આવવા એને મન થયું, ત્યારે નવનીતે એને કહ્યું કે 'તારે જ્યાં જવું હોય ત્યાં જા, હું તને નથી લઈ જવાનો; હું તો નોકરી કરવા જઈશ. ચન્દ્રવદન સાથે જવું હોય તો જા; પણ એ છે ચક્કર માણસ, એટલે તારે અગવડો વેઠવી પડશે.' મેં કહ્યું, 'હું તો સવારથી જાઉં; ગજવામાં ભાખરીઓ અને મીઠાનું પડીકું; પછી આખો દિવસ ત્યાં રાજા; તમને કેમ ફાવશે?' તો કહે કે આવીશ. અને ખરેખર, ત્યાં બધી રખડપટ્ટીમાં, ગમે તે વખતે ગમે તે ખાવામાં, ગમે તેટલા



શ્રી બલવંત ભટ્ટે પાડેલા છેલ્લા ફોટોગ્રાફો પૈકીનો એક

બાંધ ગઠરિયાં

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

કલાક રખડવામાં એ બાઇએ સાથે ફરી મને જરા પણ ભાર રૂપ થયા વિના બારેની હિંમત બતાવી: સબ્જેક્ટ્સ કમિટીમાં પણ અમે ગયાં. પણ મારું ધ્યાન ક્યાં રાજકારણમાં હતું? હું તો 'રોમાન્સ'માં અટવાતો હતો. ત્યારે મારી સાથે—મારે પડખે રહી, મારા મનસૂબા જાણ્યા ન જાણ્યા છતાં, મને બધી રીતે મદદગાર થવામાં પણ એ બાઇએ જે નીડરતા બતાવી એનો આભાર પણ ભારે હતો. ફોન કરવો હોય તો કરે, ચિઠ્ઠી પહોંચાડવી હોય તો પહોંચાડે, કોઇ વળગાડને બાજુએ રાખી વાતે પરોવી રાખવો હોય તો તે પણ કરે. કોઈ એવી અજબ સમજથી એણે એ બધું કામ કર્યું, કે મને એને માટે માન પ્રગટ્યું. કૉંગ્રેસમાં આવવાનો લાભ મળ્યો એ માટે તો જાણે શો યે મોટો મેં એના પર ઉપકાર કર્યો એમ એણે માન્યું.

એ દિવસથી એ મને સગા ભાઈ કરતાં વધારે માનતી આવી છે. કલકત્તાથી મને એ આગળ જવા જ ન દે. મારું મન વ્યગ્ર હતું, એટલે એ મને એકલો જવા દેવાની ના પાડતી. આખરે મને એણે આગળ જવાની રજા આપી ને હું બ્રહ્મદેશ જવા ઊપડ્યો.

રસ્તે પદ્મા મળી. અદ્ભુત અને મહા પ્રબલ પ્રભાવશાળી સરિતા. ના;—સરિતા નહિ, નદી નહિ, સાગર. બધા એને 'પદ્મસાગર' જ કહેતા. ટ્રેઈનમાંથી ઊતરી, આગબોટમાં બેસી, તેને પાર કરી સામે સ્ટેશને જવાનું. અને એ છ સાત કલાકનો રસ્તો. વિશાળ એનો પટ; અને એમાં પૂર તથા વહેણના જોરને તો હદ નહિ. આ નદીઘાટે અને નદીજલે ટાગોરે કંઈક ગીતો ને કથાઓ ગૂંથ્યાં છે. એમની નવલકથા 'ગોરા'માં પણ આ જ નદી આવે છે, નહિ? કંઈક હાડકાં એને તળિયે અનંત જલસમાધિ લેતાં પડ્યાં હશે. એનું પેટાળ પણ વિચિત્ર છે એવી વાતો, સાગરકથાઓના આપણા મહારથી લેખક 'સુકાની'ને મોઢે ચટગાંવ (ચિતાગૉંગ)માં સાંભળી. પદ્મા નદીને બેવડું પેટાળ છે: એટલે કે, એક નદી તો ઉપર વહે છે જ, પણ વચ્ચે વચ્ચે તળિયાની નીચે બીજા પેટાળમાં બીજી નદી પણ વહે છે: જાણે બે મજલાની વહેતી નદી, એવું એમણે સમજાવ્યું! 'સુકાની' ત્યારે ચટગાંવમાં સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપનીના અફસર, અને તે (ચંદ્રશંકર બૂચ) એ વાત કહે એટલે માનવી જ જોઇએ. હોડી, ખલાસી, વહાણ, માલમ, સાગર, ભરતી, સાહસ વગેરેની દરિયા વિષેની હકીકતોમાં, કથાનકોમાં, કિસ્સા-કહાણી તથા ઐતિહાસિક નોંધો બાબતમાં એનું જ્ઞાન સાગર જેટલું જ વિશાળ છે. 'કુમાર'માં વર્ષો પહેલાં (અંક ૧૩૭થી ૧૪૦માં) આવી ગએલી 'ધુડાકિયા બાણ'ની વાત જેણે ન વાંચી હોય તે જરૂર વાંચશો. ખાતરી થશે કે આપણે ત્યાં યે જોસેફ કૉનરાડ જેવા લેખકો છે ખરા.

આ એ ચટગાંવ, જ્યાં બૉમ્બીઓ પાકતા. ઢાકા, કોમિલ્લા, મિદનાપોર અને ચટગાંવ, એ ચાર ધામમાં એ જમાતનો અડ્ડો રહેતો. એમની કારકિર્દી વિષે પણ ત્યાં ઘણું જાણ્યું હતું. ચટગાંવનો 'હિલ ડિસ્ટ્રિકટ' જોવા જેવો છે. કુદરતે જાણે એકસરખી રીતે સમાન અંતરે, પૃથ્વીની લીલી જાજમ પર ગિરિટેકરીઓની વડીઓ ન મૂકી હોય! ચન્દ્રશંકરનો બંગલો પણ જોવા જેવી બાંધણીનો હતો. પાસે એક નાનું તળાવ હતું, તે એ દિવસે તે ખાલી કરાવતા હતા, કેમકે એમાં ખૂબ સાપ પાકયા હતા! બ્રહ્મદેશ એટલે સાપની ભૂમિ. તક્ષક

નાગ ત્યાં રહેતા: ટેક્કુ યા ટેમ્ખુને નામે ઓળખાતા.

ત્યાંથી સ્ટીમરમાં આક્યાબ ગયો. બે મહાકાય ગિરિમાળાએ જમીનની બહાર આવી દરિયામાં જાણે દરવાજો ન બનાવ્યો હોય, એવું કુદરતી રીતે સુરક્ષાએલું એ બંદર છે. જૂનો જોગી સનતકુમાર વીણ ત્યાં હતો. એની સાથે એના લાકડાના બંગલામાં રહ્યો.

બ્રહ્મદેશ અસલ તો હિંદુસ્તાન જ ને? એમ જ શ્યામ, મલાયા, બાલિ વગેરે ભરતભૂમિનાં જ ભાગ હશે. પણ કાળચક્ર કેવાંકેવાં કરતૂકો કરી સરહદો બદલ્યા જ કરે છે? આજે જે એક જ દેશ ગણાય, ત્યાં કાલે જતાં પાસપોર્ટ લેવો પડે! દેશદેશના એમ ટુકડા થતા રહે છે; અને લોક પાછા વિશ્વબંધુત્વની વાતો પણ કર્યા કરે છે!

અહીં બ્રહ્મદેશમાં સારા પ્રમાણમાં ગુજરાતીઓ હતા. હિંદની અસર એમના લોક ઉપર પણ સારી પેઠે પડેલી જણાતી હતી. આક્યાબમાં એક જાણીતી દુકાનેથી લૂંગીઓ લીધી હતી ત્યાં અવારનવાર જઇને બેસતા. એમાં સનતે એક બબ્બુભાઈની ઓળખાણ કરાવી. એનો પણ પ્રેમકિસ્સો સાંભળવા જેવો હતો. પ્રેમકિસ્સો કહો કે ધર્મકિસ્સો કહો. માણસના જીવનમાં કેવાકેવા પલટા આવે છે એનો આ દાખલો જુઓ. બબ્બુ અસલ સૌરાષ્ટ્રમાં ધોરાજીનો; હિંદુ; વેપાર કરવા બર્મા નાસી આવ્યો, અને અહીં આક્યાબમાં મેમણ વસતિ ભેગો રહી મુસલમાન થયો. આવ્યો ત્યારે પૈસા નહોતા; અને મેમણને ત્યાં નોકરી મળી, એટલે એ પ્રમાણે ચલાવ્યું; અને એમાં ઠીક કમાયો. થોડાં વરસ પછી ધોરાજીથી બાપે પાછો બોલાવવા કાગળો લખ્યા. ન ગયો, એટલે બાપ એને તેડવા આક્યાબ આવ્યો. એકબે દિવસની સમજાવટથી એ જવા નીકળ્યો. કલકત્તા પહોંચતાં એણે બાપને ધરમ બદલ્યાની વાત કરી, એટલે હોંશભેર તેડવા આવેલો બાપ, ગુસ્સે થઇ એકલો જ દેશ પાછો ફર્યો, અને દીકરાને છોડી દીધો.

બબ્બુ પાછો આક્યાબ આવી પોતાને ધંધે વળગ્યો, અને એમાં એક બર્મી છોકરીના પ્રેમમાં પડયો. વાત વધતાં બંનેએ પરણવાનો વિચાર કર્યો. પણ છોકરી કહે કે તું હિંદુ થાય તો જ પરણું. એથી ત્યાં જ બર્મામાં એણે ફરી હિંદુ ધર્મ સ્વીકાર્યો અને પરણ્યો. બંને ઠીકઠીક સુખી હતાં અને સારો રોટલો કમાતાં હતાં, એટલે એક દિવસ એણે હવે સજોડે દેશ જવાનો વિચાર કીધો અને ધોરાજી ગયો. ત્યાં જઈ બાપને આખી હકીકત કહી. પણ બાપે એને સંઘર્યો નહિ, એટલે પત્ની જોડે તે આક્યાબ પાછો ફર્યો અને ત્યાં જ વસ્યો.

આ હકીકત સનતે અને મેં આક્યાબમાં ટપકાવી લીધી હતી. મારો વિચાર એ ઉપરથી એક વાર્તા લખવાનો હતો; પણ એ કળા મને આવડી જ નહિ, એટલે માત્ર હકીકત અહીં આપી છે. પણ એ પરથી જાતજાતના વિચારો ત્યારે આવ્યા હતા, આજે પણ આવે છે. પ્રેમ, ધર્મ, દેશ, સંસાર, ગુજારો, કુટુંબકબીલા એ બધો કેવો ચમત્કારિક રગડો છે એનો ખ્યાલ કરો. ક્યાં સૌરાષ્ટ્ર અને ક્યાં બર્મા! અને અહીં આક્યાબમાં પરણીને ઠામ થવા કેડે બીજાં થોડાં વર્ષો બાદ કોણ જાણે કેવાકે અનુભવો એને થયા હશે–થશે, કોને ખબર! અને મને આવા વિચારો આવે છે તો તમે વિદ્વાન વાંચનારને તો કેટલી યે જાતના આવતા હશે. બબ્બુનો મુલ્ક કયો, એનો ધર્મ કેવો, એની પ્રેમભાવના કઇ, એની દેશદાઝ કયા પ્રકારની, એની વફાદારી કોના પ્રત્યે, એનો જો સાર કાઢવા બેસીએ તો ગુંચવાઈ જ જઇએ. એ ગૂંચ આવે છે એનું કારણ એ કે આપણે નાનાંનાનાં વર્તુલોમાં વિચારીએ-વિહરીએ છીએ. પણ હું જો ખરેખર ધરતીનો જ પુત્ર હોઉં,—એટલેકે નરસિંહરાવ એમના 'ચંદા' કાવ્યમાં ગાય છે તેમ 'માત મારી મેદિની' કહી આપણે વસુધા-કુટુંબમાં ભળી જઇએ, તો પછી સર્વત્ર એક જ દેશ, એક જ પ્રભુ, એક સામ્રાજ્ય, એક બંધુત્વની ભાવના: ક્યાંય ઝગડા નહિ, કલહકજિયા નહિ, મારપીટ નહિ...

આક્યાબમાં ઘરો સારાં. એ બાજુ બસો-ત્રણસો ઇંચ વરસાદમાં પણ લાકડાનાં સુંદર ને ટકાઉ ઘર જોયાં. અહીં તો કોઇને લાકડાનાં ઘર બાંધવાની વાત કરીએ તો જાણ્યાકર્યા વિના હસી જ કાઢનારા પડયા છે. મોલમીન-ટીકના ચોક્કસ માપના ટુકડા કપાવી, સિંધિયાની સ્ટીમરમાં એવું છૂટું ઘર મુંબાઈ લાવી, ચાર સુથારો રોકી અહીં ઊભું કરી દેવાની યોજના પણ તૈયાર કરી નાખી! આઠદસ દિવસની બારે મેઘની હેલી નાખનારું ત્યાંનું ચોમાસું પણ ચાખ્યું, —ચાખ્યું શું, ઘરની બહાર કરી નીકળાય જ નહિ ને!

એક દિવસ આક્યાબનો ભૂરો દરિયો આરામ લેતો પથરાયો હતો. સનત અને એની સાથે કામ કરનારા સૂરતના વાંકાવાળાએ નાની સ્ટીમલૉંચ લઇ દૂરની દીવાદાંડી ઉપર જવા નક્કી કર્યું. આ છ મહિનામાં જ ત્યાં જવાય; ચોમાસું જામ્યા પછી તો ત્યાં જવાની કોઇ હિંમત પણ ન કરે. ત્યાં રહેનારને તો એ છ મહિનાની ખાસ્સી દરિયામાં કેદ! ખાવાનું વગેરે ભરી ત્યાં દિવસરાત કાઢ્યા કરવાનાં! આસપાસ નાનામોટા ખડકોની વચ્ચે અડીખમ જેવી, બેઠા બાંધાની ઠાવકી દીવાદાંડી ખડી હતી. ત્યાં ત્રણ માણસો, બેચાર ધર્મનાં પુસ્તકો, નાની મતા અને ખપ જોગો દાણોદુણી લઈ રહે. ખૂબી તો એ હતી કે ત્યાં વચ્ચે જ, મીઠા પાણીનો નાનો પણ ઊંડો કૂવો હતો! ખરેખર, સાગરરાણાની દયા પર જ જીવવાનું, ઉપર બત્તીઓ ફરતી રાખી સાવધાની આપ્યા કરવાની, અને જતીઆવતી ફતેહમારીઓને બચાવવાની. પેલા ત્રણમાંનો એક પુન્નુ મારે હાથ ચડી ગયો. મને એ છેક ઉપર લઈ ગયો. પવન તો એવો સૂસવે કે જાણે હમણાં એ ડુંગરાઓની સોગટાંબાજી રમશે એવું જ લાગે! પુન્નુ તે 'પુણ્ય' શબ્દ પરથી હશે પણ હતો મદ્રાસ તરફનો અને; કહેતો કે મદ્રાસ બાજુના ઘણા નાવિકો આ તરફ નોકરી કરે છે.

દીવાદાંડીની પણ એક સૃષ્ટિ છે. પુન્નુ કહેતો કે દર છ મહિને એમને જુદીજુદી દીવાદાંડી પર બદલતા રહે છે, એટલે કંટાળો કંઈક ઓછો થાય. ધૂળ ઓછો થાય! ચોમેર દરિયો તો એનો એ જ ને? આપણે બે દિવસમાં બાર વિટામિનોની ને તાજી ભાજી ખાવાની વાતો કરીએ; પણ અહીં ખડકો વચ્ચે થોડા કોથળા માટી લાવીને નાખી, એમાંથી નાનું-સરખું બોબા જેવું 'કુંજનવન' બનાવી કૈંક લીલોતરી ઊગાડવા પ્રયત્નો કરેલા તે પુન્નુએ બતાવ્યા. પણ જ્યારે મેઘલો ત્રૂટે ને મહેરામણ ઊલટે ત્યારે એને બચાવવી પણ ભારે થઈ પડતી. પણ એ યે એક આનંદ અનુભવવાનો કિમિયો હતો!

સવારના ગએલા અને છેક સાંજે ત્યાંથી નીકળ્યા. સાથે ભાથું લઈ ગયા હતા તે ખાધું; દીવાદાંડીના રખેવાળોને પણ સમજાવી પટાવી ખવડાવ્યું; અને એ લોકોએ ચા પીવડાવી ત્યારે ખબર પડી કે એ નાની સરખી જગ્યામાં એક ગાય પણ એમણે રાખી હતી!

નીકળતાં પહેલાં તો પુન્નુ જોડે ખૂબ વાતે ચડી ગયો. બીચારો દિલ ખાલી પણ કોની આગળ કરે? એ તો મેં એને પૂછ્યું કે તને આ ગમે છે, ત્યારે દૂરદૂરની પગથાર પર નજર નાખી એણે વાત કીધી. નાનપણમાં પરણેલો. થોડાંક જ વર્ષો સુખ ભોગવી નાના મછવામાં બંગાળના અખાતમાં એની વહુ ડૂબી ગઇ હતી. એને બચાવવાને એણે બહુ વલખાં માર્યાં; બે વાર સાગરમાં ડૂબકીઓ ખાઈ આવ્યો, પણ કંઈ ભાળ ન લાધી. બસ તે દિવસથી એ દીવાદાંડીથી દીવાદાંડી ભમતો રહ્યો છે: જાણે ક્યાંક કદીક ડોકું ઊંચું કરી એના મનની પટરાણી

સાગરદેવડી જેવી પણ દેખાશે! એ પછી એણે લગનનું નામ જ નથી લીધું. કાળના ઓવારાની રાહ જોતો જીવન વિતાવ્યા કરતો. ત્યાંથી જ્યારે અમારી કિશ્તી પાછી ફરી ત્યારે બે ત્રણ કલાકમાં થએલી પુન્નુની માયામાંથી છૂટવા મન નહોતું માનતું.

એક દિવસ અમારો રસાલો આકયાબથી દૂર પૂર્વમાં જઇ રહ્યો હતો. આકયાબની બંને બાજુ બે નદીઓ આવી ભળે છે, એમાંની એક અમે ઓળંગી ગયા હતા. મોટર હતી. જવામાં હતા ત્રણ જણા: સનત, હું, ને ત્રીજો સનતનો એક ત્યાંનો મિત્ર સુંગ. એ પૈસેટકે સુખી, વાડીવજીફાનો માલિક, દુલ્લા સ્વભાવનો, મજબૂત બાંધાનો બ્રહ્મી હતો. ચાળીસ-પચાસ માઈલ દૂરની એક લીલીછમ વાડીમાં એણે એક નાનકડી બંગલી બાંધી હતી. સાંજે પહોંચી, રાત રહી, બીજે દિવસે આસપાસના ડુંગરા ખૂંદી, ત્રીજી સવારે અમે પાછા ફરનાર હતા.

સુંગ તે ત્યાંનો સિંહ જ હતો. બંદૂક પણ રાખતો. અમે પહોંચ્યા એટલે એક મોટી નિસરણી આણવામાં આવી, ને એ વડે બંગલીમાં જવાનું હતું બંગલી તે બંગલી જ હતી: ત્યાંનાં ચાર-પાંચ અડીખમ ઝાડનાં મથાળાં કાપી એ ઉપર અદ્ધર એ બાંધી હતી! થડ મજબૂત, ને પાકા પાયા પર ખાસ્સા ચાર નાના ખંડ થાય એ રીતે માળિયું બાંધ્યું હતું. મને તો દેખાવે જ એ વિચાર આકર્ષક લાગ્યો! આસપાસ ભારે જંગલ, થોડે દૂર ગીચ ઝાડી, વચ્ચે ખાસ્સી વાડી, બાજુમાં નાનો વોંકળો, સાપોલિયાંનો તો પાર નહિ; પણ બંગલીમાં પૂરતી સગવડ. એવું રહેઠાણ મેં ક્યાંય જોયું નહોતું.

કેટલી મહેનતથી એ બાંધી હતી એ બધું સુંગે સમજાવ્યું. સુંદર રસોઇ અને લિજ્જતદાર પીણાં તૈયાર હતાં. પવનના સુસવાટા સિવાય ભયંકર શાંતિ હતી. કોઇ દસેક વરસના ઉજાગરા પછીની નિરાંતે ઊંઘ તે રાતે કાઢી હોય એવું લાગ્યું.

સવારે નાસ્તો કરી, બપોરે જમી પછી રખડવા નીકળ્યા. સુંગ એ બેચાર ગામડાંનો જાણે રાજા હોય એમ લાગતું. રસ્તે નાનું ગરીબ બાળક મળતું તો તેને રમાડતો, પૈસા આપતો, બધાની પૂછપરછ કરતો. સાંજ પહેલાં એક નાના ડુંગરા નીચે એક માણસને બાંધી રાખેલો તે તરફ ગયા. અમને થોડે દૂર થોભવા કહી એ ઊપડ્યો. થોડી વારમાં પાછો આવ્યો, ને કહ્યું કે પોતે પેલાને મારી આવ્યો.

અમને કહે જોવું હોય તો ચાલો; પણ અમને કંઈ મનમાં જ ભય લાગ્યો. તરત ખબર પડી કે માર્યો એટલે મારી જ નાખ્યો! આટલા દયાળુ-માયાળુ દેખાતા સુંગે આમ કેમ કર્યું હશે એની અમને સમજ જ ન પડે. પછી તો હિંમત કરી અમે એને કારણ પુછ્યું. તો કહે 'તો શું થાય? અહીં મારા વજીફામાં એક ચોરી નહિ, એક ખૂન નહિ, કદી મારામારી નહિ. આ ડામીજ બધાને રંજાડતો હતો. બચ્ચાંઓના કદી કાન પણ કાપતો ને ચોરી પણ કરતો. હવે હું અહીં બધાને પૂરતું ખાવાનું આપું છું, પૂરતું પહેરવાનું આપું છું, એમની બધી જાતની સંભાળ લઉં છું. પછી ચોરી કરે તો આ સજા. હવે દસ પંદર વર્ષ સુધી અહીં નિરાંત; એક પણ ગુનો થશે નહિ!' સુંગની આ ફિલસૂફી સાંભળી અમે તો ઠંડા જ થઈ ગયા!

આકયાબથી 'બર્મિસ્તાન' સ્ટીમરમાં પાછો કલકત્તા આવવા નીકળ્યો. સનત જૂનો દોસ્ત, એટલે છૂટા પડતાં જરા લાગ્યું ખરું.

બંગાળનો અખાત ચોમાસામાં ઘુમરડીએ ચડે છે. અને એની ઉપર વાયવ્યના વાયરા સવારીએ ચડે, પછી તો ધરણીની થાળીને ડામાડોળ કરી હોકારો બોલાવી જ દે ને!

'બર્મિસ્તાન'ના કપ્તાનનું નામ મને યાદ નથી; પણ કપ્તાનોના દમાગ તપાસવા જેવા હોય છે. ઠરેલ પણ તો કોઈ અજબ રીતે વણાએલું હોય છે. તે ઉપરાંત દિલની દિલાવરી અને સાગરી ભાષા પણ ઓર આનંદ આપે એવાં હોય છે.

'બર્મિસ્તાન' ઠીકઠીક મોટી સ્ટીમર, ને કપ્તાન સારો, એટલે એણે મને એક દિવસ કાળું પાણી બતાવ્યું. આન્દામાન તરફ એ ગઇ હશે ત્યારે ત્યાંનું કાળું પાણી થોડું સંઘરી લીધેલું, અને પછી એને મૅગ્નીફાઈંગ યંત્રોમાં બતાવી એણે સમજાવ્યું કે આન્દામાનની આસપાસ પાણીમાં કરોડોની સંખ્યામાં જંતુઓ થાય છે. તેઓ આવા રંગના હોવાથી પાણી કાળાં દેખાય છે, અને એથી આન્દામાનને પણ કાળાં પાણી કહે છે. ખરી ખોટી વાત તો ભગવાન જાણે, અથવા તો ત્યાંનાં કાળાં પાણીમાં ખરેખાત જઇએ ત્યારે ખબર પડે.

સાગરમાંથી હુગલી નદીમાં દાખલ થવું એ પણ એક જોવાજેવો દેખાવ છે. થોડી મથામણ પણ છે, ને થોડી હિકમતનું પણ કામ છે. કલકત્તા પહોંચતાં ગગનભાઇ મળ્યા. પણ બીજી વાર અમે મળ્યા ત્યારે એમણે દુઃખદ સમાચાર આપ્યા કે 'બર્મિસ્તાન' પાછી ફરતાં બંગાળના અખાતમાં ડૂબી ગઇ! તમે આવ્યા તે આખરનો જ ફેરો હતો' કોણ જાણે કેમ, પણ એ જાણીને મારો જીવ બહુ બળ્યો.

ફરી નિર્મળા બહેનને જેમતેમ સમજાવી હું હિમાલય તરફ વળ્યો ને દાર્જિલિંગ પહોંચ્યો. આ વખત તો એકલો હતો, એટલે હૉટેલમાં ઊતર્યો, અને પછી દરદૂર રખડપટ્ટી શરૂ કરી. કંજીની ખબર કાઢી, પણ એ તો નહોતી; ક્યાંક ચાલી ગઈ હશે: કદાચ એની દીકરીને શોધવા મુંબાઇ પણ ગઇ હોય.

(અનુસંધાન પૃષ્ઠ ૨૪મે)

સુભાષિત

यौवनं धनसंपत्तिः प्रभुत्वमविवेकिता ।
एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम् ॥

(અનુવાદ)

જુવાની ને ઘણો પૈસો. સત્તા ને અવિવેકિતા.
એક મૂળ અનર્થોનું, થાયે શું ચાર જ્યાં મળે?

[વિવરણ: આ સાદા શ્લોકનાં ઉદાહરણો આજની દુનિયામાં તો અનેક મળશે. સંસારની જોખમદારીઓ સમજ્યા વિનાની યુવાની માણસને જનાવર બનાવે છે; ધનનો મદ અને સત્તાનો કેફ એ તો એક જ સિક્કાનાં બે પાસાં છે; અને અવિવેક તો એ ત્રણેને લાગુ પડે છે; તેમજ ક્વચિત્ એકલો પણ એ હોય છે. 'વિવેક' શબ્દ આપણે જે રૂઢ ગુજરાતી ભાષામાં વાપરીએ છીએ તે અર્થમાં તેમજ એના ખરા અર્થમાં (વિવેક=સારું ખોટું પારખવાની શક્તિ)–બંને રીતે લેતાં વિવેકશૂન્યતા અનર્થકારક જ છે. સોએ નવ્વાણુ ટકા તો ધન અને પ્રભુત્વ-શેઠાઈ અને સત્તા–ની સાથે અવિવેકિતા 'અતિમિત્રતા'ના હકથી આવે છે. (અતિ મિત્ર એ જ્યોતિષની પરિભાષાનો શબ્દ છે અને એનો અર્થ પરમ મિત્ર થાય છે.) યુવાનીની સાથે ધન કે સત્તા ન હોય તો અવિવેક કેટલેક અંશે દબાઇ જાય છે. પણ ધન ને સત્તાની સાથે સૌજન્યને તો બહુ ઓછું બને છે. ધનવાન કે સત્તાવાળા સુશિક્ષિત હોય તોપણ એમના 'અવાજ'–toneમાં તો વિવેકની ખામી જણાઈ જ આવે છે. એમની વાણી જાણે કોઇને આશ્રયનું દાન દેતા હોય એવી (patronizing) ભાસે છે. લોકવ્યવહારમાં આ બધાં ઉદાહરણો શોધવા કાંઇ દૂર જવું પડતું નથી. —ર. ભી.]

ચિ. પ્રિય નંદિની

જાકાર્તા જતાં

શ્રી ઉમાશંકર જોષીએ લખેલો પત્ર કે વેરેલી જ્ઞાનકણિકાઓ?

યાદ છે ને—હું પ્રવાસે નીકળવાનો હતો ને તું નકરો ખોલીને બેઠી હતી. ઊંચું જોઈને અચાનક તેં સવાલ કર્યો હતો: 'ઇન્ડોનેશિયા જશો ને?' 'ઇન્ડોનેશિયા જાઉં તો પંદર દિવસ મોડો ઘેર આવું.' 'તે આટલા દિવસ તો અમે રહેવાનાં જ ને? પંદર દિવસ વધારે! પણ આ ઇન્ડોનેશિયા તો રસ્તામાં પાસે જ છે.'

આપણો આ સંવાદ મને તો ચાલુ યાદ રહ્યો છે. પણ સિંગાપોર આવ્યો છતાં ઇન્ડોનેશિયા જઇ શકાશે કે કેમ એની શંકા રહ્યા કરતી હતી. પેકિંગથી અમે ઇન્ડોનેશિયા જવા માટેના 'વીસા'(પ્રવેશપત્ર)-ની અરજી કરી હતી. અમને ખાતરી આપવામાં આવી હતી કે ૭મી નવેમ્બર સુધીમાં સિંગાપોર ઑફિસમાં રજા આવી જશે. અમે ૨૦મીએ આવ્યા. આગબોટમાંથી ઊતરીને તરત ત્યાંના એલચી-ખાતાની ઑફિસમાં તપાસ કરી. લોભ એ હતો કે અમે આવ્યા એ આગબોટ 'જુલુવા' થોડા કલાક પછી આગળ જાકાર્તા જવાની હતી, એટલે 'વીસા' મળી જાય તો તેમાં જ જઇને પાછા બેસી જવાય. પણ અહીં તો રજાનાં કાગળિયાં આવેલાં જ નહિ. રામ તારું નામ! બીજી બે સ્ટીમરો ગઈ. ખાસ્સું અઠવાડિયું રાહ જોવી પડી. જાકાર્તા તાર કર્યા. પેટનું પાણી હાલે તો ને? પણ સિંગાપોર એલચીખાતાના વડા ડૉ. રશીફ બહુ સારા માણસ. બે અઠવાડિયાં માટેનો 'વીસા' મને મળી શક્યો. અહીંના વેપારી ભાઇઓ કહેતા હતા કે 'વીસા' મેળવવા માટે ભારે તપ કરવું પડે છે. નવી અરજી વગેરે કરવામાં સવાસો રૂપિયાના ખાડામાં પણ ઊતરવું પડત. પણ ડૉ. રશીફે કોણ જાણે પણ મારો રસ્તો મોકળો કરી આપ્યો અને 'વીસા' પણ 'ઑફિશ્યલ કર્ટસી' (સરકારી વિનય)ની રાહે આપ્યો. કશા જ કામ વિના જાઉં છું(અને ન જવા મળે તો પણ કાંઈ નહિ એવું વલણ છે) એટલે સંસ્કૃતિના કામે જાઉં છું એથી કદાચ એમણે સહાનુભૂતિ બતાવી હશે. રાહ જોવામાં ત્રણચાર દિવસ ગયા (એનો બીજો ઉપયોગ તો થયો જ)—એનું સાટું વાળવા પાણીને બદલે હવે હવાને રસ્તે જવા જાઉં છું.

આ કાગળ તને વિમાનમાંથી જ લખી રહ્યો છું. વિમાન ડચ (વલંદા) કંપનીનું છે. ચાર એન્જિનનું મોટું (કૉન્સ્ટેલેશન) છે. એનું નામ છે The Flying Dutchman (ઊડતો વલંદો). સદ્‌ભાગ્યે મારી પડખેની બેઠકમાં એક ચોવીસ વરસનો ફક્કડ વલંદો છે. આ હુલ્સમનની ને મારી તરત મિત્રતા શરૂ થઈ. ઈજનેર છે. આ તરફ ચાર વરસ રહ્યો છે. કહે: 'તમને વડા પ્રધાન સારા મળ્યા છે.' ગાંધીજીને માટે ઘણું માન ધરાવતો હતો. આ સદીના 'સર્વોત્તમ પુરુષ'... 'માનવજાત માટે જીવતા હતા'... એવુંએવું એ કહેતો હતો. મારી સાથે મલાયાની ભાષા બોલવા લાગ્યો. હું તો ચીની કરતાં પણ મલાયી ઓછું જાણું. 'તાડા' એટલે 'ના' કહીને ઊભો રહ્યાં! મને કહે, અંગ્રેજી તમે ઉત્તમ બોલો છો. એટલું ખરું કે એ આવડે એવું બેધડક બોલતો હતો અને હું ગભરાઇને બોલતો હતો. આપણે નાનપણથી અંગ્રેજી ભણવું પડે છે એની મેં વાત કરી. ને ઉત્તમ આવડવા વિષે તો શું કહેવું? નવરો પડું ને જરૂર ઊભી થાય તો વાંચવા માટે મંગલમને ત્યાંથી ચોપડી થેલીમાં મૂકી લાવ્યો હતો: 'અંગ્રેજીમાં થતી ભૂલો.' એની એને ક્યાં વાત કરું? મારે તો ગુજરાતીમાં (શહેર-ની ગુજરાતીમાં) પણ ક્યારેક ગલ્લાંતલ્લાં કરવાં પડે છે. તેં જોયું હશે કે કાન્તિદાદા ને દેવુકાકાની સાથે ગામની બોલીમાં વાત કરીએ છીએ ત્યારે કેટલી બધી મજા પડે! ચીનમાં ફરતાં મહારાજ જોડે થોડાક દિવસ વચ્ચેવચ્ચે ગામડાની બોલીમાં ઠીકઠીક ચલાવ્યું હતું ને ખૂબ મઝા પડતી હતી. મહારાજે એમના ગામમાં અમુક બ્રાહ્મ-ણોની ખાસ એક જુદી ભાષા જ છે તેની પણ રસભરી વાત કરી હતી.

પણ આ મલાયી ભાષાના એકબે શબ્દમાં તો તને જરૂર મઝા પડશે. માણસજાતના વડવાઓને માટે આપણે ઉરાંગ ઉટાંગ શબ્દ વાપરીએ છીએ. ખરું જોતાં મલાયી ભાષાનો શબ્દ છે 'ઓરાંગ ઉતાન'. ઓરાંગ એટલે માણસ. ઓરાંગ ઇન્ડીઆ એટલે હિંદનો માણસ—હિંદી. 'ઉતાન' એટલે જંગલ. ઓરાંગ ઉતાન એટલે જંગલનો માણસ. ઇન્ડોનેશિયામાં પણ આ ભાષા ચાલે છે. આમ તો ઘણી ભાષાઓ છે, પણ મલાયીમાંથી નીકળેલી ભાષાને ઇન્ડોનેશિયાની રાષ્ટ્રભાષા-બહાસા(એટલે કે ભાષા)ઇન્ડોનેશિયા—નું પદ મળ્યું છે. પણ મલાયા અને ઇન્ડોનેશિયાની ભાષામાં થોડોક ફેર છે. મલાયાવાળા લોકોની ભાષા બરછટ, તોછડી, કર્ણકટુ લાગે. ઇન્ડોનેશિયાની ભાષા કોમળ લાગે. 'તાડા'ને બદલે તેઓ 'તીડા' પણ કહે છે. મલાયીની ભાષા જેવો તડતડાટ આખો વખત સંભળાયા ન કરે.

ક્યાં ભાષામાં ચડી ગયો! પેલાં બે બાળકોની ભાષા તો સૌને તરત સમજાઈ જાય એવી લાગણીઓની જગતભાષા છે. અમારી હાર-માં બીજી બેઠક છે, ત્યાં એક ડચ બાઇ બેઠી છે. એની સાથે એનાં બે બાળક છે. તદ્દન આગળની બેઠક ઉપર અમે છીએ. એ બેઠકોની આ-ગળ કોઇ બેઠક ન હોઈ ત્યાં સામે બાળકને સુવાડવા માટેનાં ઘોડિયાં હોય છે. હું પેઠો ત્યારે વિમાનવાળાએ સુંદર ગમ્મત કરેલી. બીજાં બાળક ન હતાં એટલે મારા હાથમાંથી થેલી ને હાથપેટી લઇ લઇને બીજું ખાલી ઘોડિયું હતું તેમા મૂકીને કહે લાવો અહીં જ મૂકીએ. બાળકની પેઠે રડતું હશે તો એ છાનું રહી જશે.

પેલી ડચ બાઈ! બે ગુજરાતણોને ભેગી વણી હોય ત્યારે એ જોગમાયા થાય. નાના બાળકને લઇને બાથરૂમ તરફ ગઈ ત્યારે મોટા છોકરાએ અહીં જમાવ્યું. નીચે પગવાળીને બેસી ગયો. બેઠકનું બના-વ્યું ટેબલ. એક રંગીન ચિત્રોવાળી અર્ધી ફાડી નાખેલી ચોપડી કાઢી અને મોટેથી 'સાન્ટા કલાઉઝ'નું ગીત ડચ ભાષામાં (મારા હુલ્સ-મને મને સમજાવ્યું) લલકારવા માંડયું. વિમાનના આછા ઘર્ઘરાટમાં ઊંચો ઘાંટો કાઢીને મસ્તપણે એ ગાતો હતો. થોડી વાર પછી એણે ગાવાનું પડતું મેલ્યું. પાનાં ફરફરાવતો ગયો અને આંખો અરધી ઢાળીને ખડખડાટ હસવા લાગ્યો. આટલે ઊંચે વિમાનમાં બાળકનું નિર્દોષ ખુલ્લું હસવું સાંભળીને આનંદ આનંદ થતો હતો. એટલામાં પેલાં બે આવ્યાં. થોડી વાર પછી જોઉં તો પેલું ધાવણું બચ્ચું મારી સામે તાકી રહેલું. અરે! ખરું તું! એની મા જોતી હતી. મને થયું કે આ બાળક સાથે પ્રેમ કરવો જ. આજે વાદળાં બહુ હતાં એટલે નીચેના સમુદ્રનો રંગ ઘેરો ભૂરો ન હતો, પણ આછોઆછો ભૂરો ને લીલાશ પડતો હતો. પણ સમુદ્ર તરફ એ રંગ જોવા માટે નજર કરવાની જરૂર ન હતી. આ બાળકની આંખોમાં એ રંગ ઘૂંટીને ભર્યો ન હોય! હવે, એની સામે જોવા જાઉં ને મોટેથી તાણે તો? પણ એ જુએ ને આપણે એની સાથે દોસ્તી ન કરીએ એ પણ કેવું? મારા કરતાં યે એ ભૂરાં-લીલાં તેજનાં ટપકાં જેવી આંખોમાં મને વધુ વિશ્વાસ હતો. એણે તો ભેંકડો ન તાણ્યો. ને લુચ્ચું કેવું? ઊંચે નજર કરીને

(જાન્યુઆરી ૧૯

બધું જ એની બાને એક પલકમાં કહી દીધું:-

આ બધું ચાલતું હતું ત્યારે આપણે સમજવા જેવી એક વાત બની રહી હતી. ખોલ જોઉં તારો નકશો. જરી જો તો ખરી. હું તો સિંગાપોરથી થોડુંક ઊડતાંના સાથે સરી ગયો દક્ષિણ ગોળાર્ધમાં અને તું રહી ગઈ ઉત્તર ગોળાર્ધમાં. વચ્ચે વિષુવવૃત્તની રેખા આવી ગઈ. આ રેખા પૃથ્વી ઉપર પગે ચાલતા હોઈએ તો જાણે હમણાં પગમાં ભરાશે એવું લાગે. હું તો ઊડતો હતો. હમણાં વિષુવવૃત્તની રેખા હાથમાં આવશે, હમણાં હાથમાં આવશે એમ થતું હતું. પણ આપણા ભણવાના નકશાઓ પર દોરેલી હોય છે એવી કંઈ પૃથ્વીના ગોળા ઉપર કોઈ રેખા ક્યાં કોઈએ દોરી છે? ખબરે ન રહી ક્યારે એ રેખાને ઓળંગી ગયા. વચ્ચે વિમાન વાદળોમાં અટવાઇ ગયું હતું. બારી પર વરસાદના રેલા હતા. ચારેકોર ધુમ્મસિયા અંધારું. ત્યાં થોડી વારમાં ખુલ્લા તડકામાં વિમાન સરકી આવ્યું. જમણી તરફ જમીન ડોકિયાં કરવા લાગી. ઊઠીને હું વિમાનની પૂંછડી તરફ બારી પાસેના બેઠકમાં જઇને ગોઠવાયો. વચ્ચે આપણા દેશના લોકો દરિયો ઓળંગતા ખંચકાતા હતા. દરિયાને 'કાળાં પાણી' કહી વગોવતા. પણ સૈકડો વર્ષ પૂર્વે દેશથી દૂરદૂર હજારો માણસો આ નીચે દેખાય એ ભૂમિ સુધી આવજા કરતા હતાં. આ દેખાય છે એ છે સુવર્ણદ્વીપ સુમાત્રા. ખરે જ વિમાનમાંથી નીચે સુવર્ણ દેખાતું હતું! ટેકરીઓ વચ્ચેની હથેળીમાં મોલ ઉપર સૂરજનો તડકો વરસતો હતો, હસતો હતો ને દીપતી ભૂમિ સુવર્ણ હાથમાં ધરીને ઊભી હોય એવું લાગતું હતું.

એક નદી સમુદ્રને મળવા અમળાતી અધીરી આવી રહી હતી. આવ, આવ! આ સમુદ્ર પણ કેવો મળવા અધીરો બનીને ઊછળી રહ્યો છે! બિચારી નદી! ઉતાવળી આવી તો ખરી, પણ એનું મુખ કેવું લાલલાલ થઈ ગયું છે! 'સમુદ્ર જેવું પેટ' કહ્યું છે તે કાંઇ અમથું? આટલાં આટલાં મોટાં મોજાં અફાળતો ધસી રહ્યો હોય છે, પણ નાનકડી નદીનું માન કેટલું બધું રાખે છે! એક માઇલના ઘેરાવામાં નદીનું લાલ (ગોરમટી રંગનું) પાણી ઉપરથી દેખી શકાય છે. તે પછી દરિયાનાં પાણીનો આછો ભૂરો રંગ શરૂ થાય છે.ઓ પેલી બીજી એક નદી દોડી આવે—લચકાતી મચકાતી, મુકામ પાસે આવી ગયું છે એટલે એને જાણે ઉતાવળે ન હોય એમ વળાંકો લેતી આવી રહી છે. એની ઓળખાણ કરું છું ત્યાં તો બીજી એક ડોકાવા લાગી. સૈકડો વરસો પૂર્વે નાનાંનાનાં જહાજોમાં આપણા પૂર્વજો આ નદીઓ દ્વારા આ સમૃદ્ધ દ્વીપમાં પ્રવેશ્યા હશે! અહીં ભારતવર્ષની અવનવી અનેક વસ્તુઓ લઈ આવ્યા હશે અને ખાલી વહાણોમાં અહીંની અનેક ભાતભાતની ચીજો ભરીને દેશ જવા ઊપડ્યા હશે. આંખ મીંચતાંની સાથે મનમાં એ કાફલાઓની અવરજવર ઉપરથી જોઇ શકાતી હતી. અમે નાનપણમાં ભણ્યા હતા:

જાવા જે કો નર ગયો, ના'વે મંદિર માંહ્ય;
જો આવે પાછો ફરી, પરિયા પરિયા ખાય.

કેટકેટલી સમૃદ્ધિ એ સાહસિક વેપારીઓ પામ્યા હશે! આજ છેલ્લાં ત્રણસો વરસથી વલંદાઓએ આ ટાપુઓની લક્ષ્મીનું દોહન કર્યું છે અને આજે અમેરિકા પણ એ માટે આગળ આવ્યું છે. એવું તો કાંઈ આપણે કર્યું નહિ હોય?

ત્રણ હજાર માઈલમાં પથરાએલા આ ટાપુઓનું મંડળ દુનિયામાં સૌથી મોટો દ્વીપસમૂહ છે. સિંગાપોર છોડતાં જ એક પછી એક નાનામોટા ટાપુઓ શરૂ થવા માંડ્યા હતા. હમણાં સુધી એને ડચ ઇસ્ટ ઈન્ડીઝ કહેતા હતા. પણ બીજા વિશ્વયુદ્ધમાં જાપાને કબજે મેળવેલો તે જાપાનની હાર પછી છૂટતાં લોકોએ સ્વતંત્રતા જાહેર કરી અને અંતે મેળવી ત્યારે જંપ્યા. ૧૮૮૪માં પ્રો. એ. બેસ્ટીઅને આપેલા 'ઈન્ડોનેશિયા' નામથી આ દ્વીપસમૂહ હવે ઓળખાય છે. પડખેના ઑસ્ટ્રેલિયા કરતાં એનું ક્ષેત્રફળ ચોથા ભાગ જેટલું છે, પણ વસ્તી ઑસ્ટ્રેલિયા કરતાં માત્ર દશ ગણી છે! તેમાં જાવા, જેનું ક્ષેત્રફળ ઑસ્ટ્રેલિયા કરતાં પચાસમા ભાગનું છે તેની વસ્તી ઑસ્ટ્રેલિયા કરતાં સાતગણી છે. દુનિયાના પ્રમાણમાં સૌથી વધુ વસ્તીવાળો આ ટાપુ છે. જોવાનું તો એ છે કે આ છતાં જાવા પોતાની વસ્તુઓ પરદેશ નિકાસ કરી શકે છે. દ્વીપમંડલના પેદાશમાં મસાલા, રબર, પેટ્રોલિયમ, કલાઈ, ચા, તમાકુ, કૉફી, કોકો, ખાંડ, કોપરું, સાબુ, ચોખા, કાપોક, ક્વિનાઈન વગેરે મુખ્ય છે. રબર, ક્વિનાઈન અને તમાકુ બહારથી આવેલા છોડ છે, પણ અહીંની હવા એમને માફક છે. કાપોકનું મોટું ઝાડ થાય છે. તેની ઉપર ફળની જેમ જીંડવાં બાઝે છે. એમાંથી રૂ જેવો પદાર્થ મળે છે. ઇન્ડોનેશિયા દુનિયાનું ૬૦ ટકા કાપોક, ૯૦ ટકા સિન્કોનાની છાલ (જેમાંથી ક્વિનાઈન બને છે), ૮૫ ટકા મરી અને ૨૯ ટકા કોપરું પૂરું પાડે છે.

સુમાત્રાનો કિનારો ઓ અદૃશ્ય થયો! તો થોડી મિનિટમાં જ સામે બીજો કિનારો ક્ષિતિજ ઉપર ઊંચો આવવા માંડ્યો. અરે, નીચે તો જાણે હોડીઓ અને જહાજોનું ધણ લીલુડાં પાણીમાં ચરી રહ્યું છે ને! આ જ યવદ્વીપ—જાવા. વિમાની કહે છે: કમ્મરે પટ્ટા લગાવી દો...જાવામાં તમારી સફર આનંદભરી હજો...! જાકર્તાનું વિમાનઘર હવે હાથવેંતમાં છે. જાવામાં એક છેડેથી બીજે જવા માટે વિમાની સફરની સગવડ ઉત્તમ છે. માટે સમય બચાવવા સુરાબાયાથી બાલા અને બાલાથી સુરાબાયા વિમાનયાત્રા કરવાની રહેશે. પણ આખા જાવા ઉપર વિમાનમાં ઊડીએ અને ઊંચે, હજારો ફૂટ ઊંચે ચડીને જોઇએ તો નીચે સમુદ્રમાં જવનો કણ તરી રહ્યો હોય એવો આ યવદ્વીપ (જાવા ટાપુ) દેખાય. મને ખબર નથી કે એટલે ઊંચે ચડીને કોઇએ આ ટાપુનું જવ રૂપે દર્શન કર્યું છે કે નહિ. પણ સૈકડો વરસ પૂર્વે આપણા દેશના લોકોએ એની આસપાસ નાનાંનાનાં વહાણોમાં આંટા મારીને જરૂર એની જવ-આકૃતિ પકડી પાડેલી. અત્યારે આપણે તો બધું નકશામાં જ જોઇએ છીએ.

નકશામાં બધું ખરેખર પાસે છે. આમ હવામાં ઊડતાં પણ બધું જરૂર પાસે પાસે લાગે છે. પણ દેશદેશ વચ્ચે ઘણાં અંતર પડેલાં હોય છે. 'પાસપોર્ટ' અને 'વીસા'ની વસમી પીડા! માથેથી જકાતખાતાની જોહુકમી. વિમાનને આવતાં ૨-૧૫ કલાક થયા, જકાતખાતું તરી ઉતરતાં ૨-૦૫ કલાક લાગ્યા. એટલો વખત વિમાનઘર ઉપર ગરમ હવા ખાધી. આપણે તો જાવા 'પરિયા પરિયા ખાય' એ માટે આવ્યા ન હતા; એક મિનિટમાં જ ફેંસલો થયો (અને વળી 'ઓફિશ્યલ કર્ટસી'વાળો વીસા હતો ને?) પણ એક પછી એક ઉતારૂને ઓરડીમાં લઈ જડતી લે તેમાં વારો આવે ત્યારે ને?

મોટી થઈશ ત્યારે અંગ્રેજ કવિ ટેનિસનના ભાઇએ લખેલી એક કવિતા 'લેટીનો પૃથ્વી-ગોળો' નામે છે તે તું વાંચીશ. નાનકડી બાલિકા લેટી પૃથ્વીના ગોળા ઉપરના રંગો પર ખુશ થઇ હશે કે શું, પણ એને બચી ભરી લે છે અને જુદાજુદા રંગ વડે એકમેકથી પોતાની જુદાઈ બતાવતા દેશોને પોતાના વહાલથી એક કરી દે છે. લેટીએ ભૂતળ ઉપરના દેશોને એકાકાર જોયા, તને નકશામાં દેશદેશ વચ્ચે આછું અંતર ન દેખાયું, એમ દુનિયાના અનુભવી અને ડાહ્યા ગણાતા 'મોટા' ઓને લાગતું હોત તો કેવું સારું?—લાગવા માંડે તો કેવું રૂડું?

—ઉમાશંકર જોષીના સપ્રેમ શુભાશિષ

ક્રિકેટની રમતમાં બૅટિંગ નહિ, બૉલિંગ પણ નહિ, પરંતુ

ફીલ્ડિંગ જ ખરો રસમય ભાગ છે; અને તે શા માટે છે એ શ્રી

બકુલ ત્રિપાઠી આ નિબંધિકામાં સમજાવે છે.



હું ક્રિકેટના મેદાન પર પહોંચ્યો ત્યારે મૅચ ચાલુ થઈ ગઈ હતી. પ્રેક્ષકોમાંના ઘણા જોતા હતા. કોઈ બેઠાંબેઠાં ઝોકાં ખાતા હતા, ને વચ્ચે વચ્ચે લોકો હર્ષના પોકારો કરે કે તાળીઓ પાડી ઊઠે ત્યારે ટટ્ટાર થઇ જઈ પોતાનો સૂર પૂરાવી લેતા હતા! બીજા કેટલાકે વળી ચિનાઈ શીંગના અખંડ ચર્વણનો કાર્યક્રમ રાખેલો હતો. કેટલાક વળી વાતોમાં જ ગૂંથાએલા હતા. કેટલાક શૂન્ય દૃષ્ટિએ-ગાયની આંખોમાં હોય છે એવી જ શૂન્ય દૃષ્ટિએ ખેલાડીઓ સામે જોઈ રહેલા.

મને તો તે દિવસે મૅચ જોવામાં મઝા ન આવી. કંટાળીને ઊઠવાની તૈયારી કરતો હતો ત્યાં અચાનક જ ચારે બાજુ ઘોંઘાટ થઇ રહ્યો. રમનારા બધા એક બાજુ દોડી ગયા. પ્રેક્ષકો મેદાન પર ધસી ગયા. મેં જોડેવાળાને પૂછ્યું, 'હુલ્લડ થયું ?'

'ના, લંચ-ટાઇમ થયો.' એમણે કહ્યું.

હું ભદ્રંભદ્ર ન હતો એટલે સમજી ગયો કે એકલા રમનારાઓને જ લંચ-નાસ્તો મળશે. પણ બહાર નીકળ્યો ને જોયું તો જનતા આખી નાસ્તો કરવા મંડી પડેલી! બપોરે દોઢ વાગે સૌને આટલી બધી ભૂખ ક્યાંથી લાગી ગઈ એનો વિચાર કરતો હું એક રેસ્ટોરાંમાં ઘૂસ્યો, અને આરામથી થોડી વારે શરૂ થએલી કૉમેન્ટરી સાંભળતો બેઠો.

ક્રિકેટમૅચ માત્ર જોવામાં કંઈ મઝા આવી નહિ. ક્રિકેટની ખરી મઝા તો મને હમેશાં ફીલ્ડિંગમાં જ—ફીલ્ડિંગ કરવામાં જ આવી છે. એના જેટલી મઝા તો બૉલિંગમાં કે બૅટિંગમાં પણ નથી આવી, તો જોવાની તો વાત જ ક્યાં રહી ?

હા, એકબે વાર અમ્પાયર થએલો ત્યારે લહેર આવેલી ખરી. વર્ષો પહેલાં એક વાર હું અમ્પાયર બનેલો—હા, અમને પણ લોકો ક્યારેક અમ્પાયર બનાવે છે! ત્યારે એક રમનારો બિચારો નૉટ-આઉટ હતો. મારી નજર પ્રેક્ષકો તરફ હતી, એટલે રમનારામાંથી કો'કે બૂમ પાડી 'આઉટ'! અને ઉત્સાહમાં આવી મેં પણ બૂમ પાડી દીધી, 'આઉટ!' રમનારો સડક થઈ ગયો! બીજાઓને પણ નવાઈ લાગી. એમણે તો દલીલો પણ શરૂ કરી દીધી: 'આ તે કેમ કરીને આઉટ કહેવાય ?' આમ થયું ને તેમ નથી થયું, ને બૉલ આમ ગએલો ને બૅટ તેમ હતું, ને એવી તો કંઈકંઈ દલીલો થઈ. એમની એ દલીલો ખરી પણ હતી. પણ હું તો અમ્પાયર! બ્રહ્મા અને અમ્પાયર એ બેના શબ્દો કદી ખોટા હોય જ નહિ ને! આપણે તો ઝીણી આંખો કરીને ચુકાદો આપી દીધો: 'નો, નો, નો! નો આર્ગ્યુમેન્ટ્સ. વૉટ ધ અમ્પાયર સેઝ, ઇઝ ઑલ્વેઝ રાઈટ.' રમનારાએ ઘણાંય માથાં પછાડ્યાં, પણ અમ્પાયર સાહેબનો નિર્ણય એટલે ખલાસ! બિચારો તાળીઓના ગડગડાટ વચ્ચે ટેન્ટમાં પાછો ગએલો અને ત્યારે અમ્પાયરે—એટલે કે મેં જે ગૌરવ અનુભવેલું તે જિંદગીમાં નહિ ભુલાય! પછી તો જોકે મારા 'અમ્પાયર સેઝ...' કરવાને પરિણામે અમારે અમારાં સ્ટમ્પલાં અને બૉલ-બૅટ પારકા મેદાન પર છોડીને ભાગી આવવું પડેલું. બસ, મારી અમ્પાયર તરીકેની કારકિર્દી તે દિવસથી પૂરી થઈ ગઇ છે.

પણ અમ્પાયરશિપનો એ અમૂલો બાદશાહી આનંદ બાદ કરીએ તો ક્રિકેટમાં મને ગમતી વસ્તુ માત્ર ફીલ્ડિંગ જ છે. ક્રિકેટમાં—અને જીવનમાં—ખેલાડીઓના બે મુખ્ય વર્ગ હોય છે. એક વર્ગના ખેલાડીઓની નજર સદા બૅટ ઉપર જ હોય છે, ચોગ્ગા અને છગ્ગાનાં જ એ સ્વપ્નાં જોતા હોય છે. જ્યારે જ્યારે કોઇક આઉટ થાય છે ત્યારે પોતાનો વારો આવવાની આશાએ એમનું હૈયું નાચી ઊઠે છે; પણ કૅપ્ટન કોઇ ત્રીજાને જ બૅટ પકડાવે છે, એટલે એ પાછા દુઃખના દરિયામાં ડૂબી જાય છે! ફીલ્ડિંગ એ એમને મન સજા છે, બૅટિંગ જ એમને મન જીવવાનો ખરો લ્હાવો છે. અને લ્હાવાની રાહ જોવામાં, તથા એ મળ્યા પછી એમાંથી ધારી મોજ ન મેળવી શકવાના શોકમાં જ, એમનું બાકીનું જીવન પસાર થાય છે.

જ્યારે બીજો લઘુમતિનો વર્ગ છે. ફીલ્ડિંગ-પ્રેમીઓનો. હું એ વર્ગમાં છું. મને ખુશ કરવાની દાનતથી એક જણે કહેલું કે ફિલસૂફોને હમેશાં ફીલ્ડિંગ જ ગમે છે. બૅટિંગ કે બૉલિંગ નહિ! કારણ આ માયાવી સંસાર અને એમાં રમાતી આ માયાવી ક્રિકેટની રમત વિષે ચિંતન કરવાની જેવી તક ફીલ્ડરોને હોય છે એવી કોઇને ય નથી હોતી. સિકંદરને જો બૅટિંગનો—છગ્ગા લગાવવાનો શોખીન ગણીએ તો ડાયોજીનિસને મારા જેવો ફીલ્ડિંગ-પ્રેમી ગણવો જોઇએ. સરોવર વચ્ચે રહ્યા છતાં અણભીંજ્યા રહેતા કમળ જેવી સ્થિતિ ફીલ્ડરની હોઈ શકે. બૅટિંગ કે બૉલિંગ કરનારની તો એવી નહિ જ ને?

પણ ફીલ્ડિંગ-ફીલ્ડિંગમાં ય ફેર હોય છે. દર વખતે 'એ બૉલ આવ્યો, એ કૅચ આવ્યો' એમ બૉલે બૉલે શ્વાસ અધ્ધર થઈ જતો હોય તો એવા સ્વભાવવાળાએ ફીલ્ડિંગ કરવા કરતાં સરકસમાં દોરડાં પર ચાલવાનો ખેલ કરવા જવું વધુ સારું. ફીલ્ડિંગનો સાચો આનંદ મેળવવા તમારામાં ઉદારતાનો સદ્‌ગુણ હોવો જોઈએ. રમનારો બીચારો બેચાર રન વધારે લઇ ગયો તો ય શું, ન લઈ ગયો તો ય શું; એકાદ કૅચ ઝડપ્યો તો ય શું, ન ઝડપ્યો તો ય શું; અંતે તો ક્રિકેટર માત્રને લંચ ભેગા જ થવાનું છે ને? એવી સ્વસ્થ દૃષ્ટિ રાખનાર જ ફીલ્ડિંગની મઝા ભોગવી જાણે છે. એક જમાનામાં, જ્યારે હું ક્રિકેટનો ખેલાડી હતો ત્યારે, મારે ને કૅપ્ટનને આ અંગે ઘણો મતભેદ થતો.

'તમે અહીં ઊભા રહો.' સૂરજનો તડકો મોં ઉપર આવે અને બૉલ પણ વધારે આવે એવી, ફીલ્ડના વચલા ભાગની એકાદ જગ્યા બતાવીને કૅપ્ટન સાહેબ મને કહેતા.

'એના કરતાં તમે જ અહીં ઊભા રહો તો?' હું સૂચન કરતો, અને ઉદારતાથી ઉમેરતો, 'મને તો ત્યાં સામેની બાજુએ—છેક છેડે બાઉન્ડરી પાસે ઊભો રાખશો ને તો ય હું વાંધો નહિ લઉં, હો.'

કૅપ્ટન બીચારો 'ના ના, તમે અહીં જ ઊભા રહો' એમ કહી બીજાને સૂચનાઓ આપવા જતો એટલે હું મેદાનને પેલે છેડે ઊભેલા કોઈ મિત્ર જોડે જગતની અસારતા વિષે વાર્તાલાપ કરવા ઊપડી જતો.

ક્રિકેટમાં તેમ જીવનમાં ખરી મઝા–ખરો આનંદ બૅટ્સમૅન થવાની ચિંતામાં અદ્ધર શ્વાસે જીવવામાં નથી; કે કાતિલ બૉલિંગ કરી બીજાને ખેરવી નાખ્યાનો દુષ્ટ આનંદ મેળવવામાં નથી; પણ નિરાંતે ફીલ્ડિંગ કરતાં-કરતાં, રમ્યા છતાં નહિ રમવામાં છે, ખેલાડી હોવા છતાં પ્રેક્ષક અને પ્રેક્ષક હોવા છતાં ખેલાડી બનવામાં છે, રંગાયા વિના જોઈ શકવામાં છે. અને એમાં જે મઝા છે તેને તો ગીતાકારે પણ બિરદાવી છે ને?

થોડી વારે બીજાઓને ગોઠવી કૅપ્ટન મૂળ સ્થાને પાછો આવતો. મને ગોઠવેલો એ જગ્યાએ હું ન હોઉં એટલે એને નવાઇ લાગતી. બીચારો ભલોભોળો માણસ. એટલું ન સમજે કે આ જગતમાં જ્યાં ધરતીકંપોને લીધે યુગેયુગે જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ થઈ જાય છે, મોટાંમોટા નગરો અદૃશ્ય થઇ જાય છે ત્યાં મારા જેવો એક નાચીઝ માણસ સંજોગવશાત્ પહેલાંની જગ્યાએથી અદૃશ્ય થઈ જાય એમાં નવાઈ શી?

ગમે તેમ, પણ એની જોડે વાટાઘાટોને પરિણામે કંટાળીને છેલ્લો દાવ આપવાની શરતે એ મને મેદાનને છેક છેડે ફીલ્ડિંગનું કામ સોંપવા કબૂલ થતો, પણ તેય બબડતો બબડતો! સાચું પૂછો તો મારે અને કૅપ્ટનોને પહેલેથી લેણાદેણી જ નથી. કો'ક વાર હું ફીલ્ડિંગ કરતો હોઉં અને એ કરતાં કરતાં કોઇ જોડેવાળા ફીલ્ડરની હૅટને તાકીને કાંકરા મારતો હોઉં ત્યાં એકાદ બૉલ ઝડપથી મારી પાસેથી પસાર થઇ જાય! હવે આવે વખતે કૅપ્ટન ખૂબ છેડાઇ પડે. એ કહે 'તમે બૉલ રોકયો કેમ નહિ?' પણ આનું તો ભાઈ, એવું છે ને, કે બૉલ આવે ત્યારે આપણા જેવા વિચારશીલ માણસનું ધ્યાન હોય બીજા વિચારમાં. બૉલ આવે ત્યારે એ વિચારોને મગજના એ વિષયના ખાનામાં ભરી દેવા, ખાનું બંધ કરી, તાળું મારી, નવી કૂંચી શોધી, મગજનું ક્રિકેટવાળું ખાનું ઉઘાડીએ ત્યાં સુધીમાં તો બૉલ સડસડાટ પસાર થઈ પણ ગયો હોય. હવે તમે જ કહો, આવા સંજોગોમાં એ બૉલ રોકવો પણ કેમ કરીને? અને બૉલ ન રોકયા બાબત તો ઠીક, પણ એ બાઉન્ડરીએ પહોંચી ગયા પછી જે નિરાંતથી હું ધીમે પગલે એ લેવા જતો તે જોઇને કૅપ્ટનોને ખૂબ ગુસ્સો ચડતો. મારી માન્યતા એવી છે કે પાસેથી પસાર થઈ ગએલા બૉલ પાછળ દોડનારો માણસ ગુમાવેલી તક પાછળ દોડનાર જેવો મૂરખ લાગે છે. ગયું તે ભલે ગયું, ભૂતકાળને બદલે આપણે ભવિષ્ય તરફ દૃષ્ટિ રાખવી જોઇએ, હવેથી આવનારા ફટકાઓનો આપણે વિચાર કરવો જોઇએ, લેવાઈ ગએલા ચોગ્ગાનો નહિ, એવી ભાવના હું રાખી શકતો, કૅપ્ટનો ન રાખી શકતા, ને એમાં જ બધી ઉપાધિ ઊભી થતી.

અને આ તો ઠીક, પણ ક્રિકેટની રમતની એક મોટી નબળાઈ એ છે કે એમાં ફીલ્ડરોના રાજ્યની હદો નક્કી કરેલી નથી હોતી. અમુક બૉલ આવે છે તે આપણી હદમાં છે કે બીજા કોઈ ફીલ્ડરની હદમાં, એને આપણે રોકવો જોઇએ કે બીજા કોઈએ, એ કેમ ખબર પડે? મારા પૂરતો તો હમેશાં એ પ્રશ્ન ઊભો રહેતો કે બૉલ કોની હદમાં છે? પુરાણા કાઠિયાવાડનાં રજવાડાંઓ જેવી જ મુશ્કેલી મારી અને મારા જેવા જ ફીલ્ડિંગ-પ્રેમીઓ વચ્ચે ઊભી થતી. ઘણું-ખરું અમે સૌ આ બાબતમાં ઉદાર રહેતા ને હમેશાં અમારામાંનો દરેક જણ એમ જ કહેતો કે 'બૉલ મારી હદમાં નહિ પણ પેલા જોડેનાની હદમાં છે' (જગતનાં રાષ્ટ્રો પોતપોતાની સીમાઓ માટે અમારા જેવું ઉદાર વલણ દાખવે તો વિશ્વયુદ્ધો કદી ન થાય.) છેવટે કૅપ્ટન આવીને એ બૉલ કોણે લઇ આવવો એ ઠરાવતો. જોકે ઘણી વાર કોઇ ઉત્સાહી ભાઇઓ મારી હદમાં આવીને પણ બૉલ લઇ જતા; પણ હું તો કદી એનો વિરોધ કરતો જ નહિ, ભલેને એ બીચારો રમવાનો લ્હાવો લે, આપણે સંકુચિત માનસ તો કદી રાખવું જ નહિ. પણ આવે વખતે ય પાછો કૅપ્ટન આવીને ઘાંટા પાડી જતો કે બૉલ તમારી પાસેથી ગયો તો ય તમે કેમ ન રોકયો ને છેક પેલાને આવીને લઈ જવો પડયો?' હે દુનિયા! હે દુનિયાના કૅપ્ટનો!

રમતને છેક અંતે અંદરઅંદર એકબીજા તરફ કાંકરા ફેંકી બૉલિંગ-ની પ્રૅક્ટિસ કરતા મારા જેવા ફિલ્ડીંગપ્રેમીઓનો બૅટિંગ કરવાનો વારો આવતો. હું ફટકા લગાવતો, સરસ લગાવતો, પણ મોટે ભાગે તો હું જે ઉદારતા બીજા બૅટ્સમેનો પ્રત્યે રાખતો તે એ લોકો ફીલ્ડર્સ તરીકે મારા પ્રત્યે નહિ રાખતા. એકાદ સરસ ફટકો લગાવી, હું બંસી-ધારી કૃષ્ણકનૈયાની જેમ એક પગની આગળ બીજો પગ રાખી, બૅટને ટેકે અદાથી ઊભો રહી, ગગનમાં અદ્ધર જતા બૉલને નીરખી રહ્યો




હોઉં ત્યાં એ બૉલનો 'કૅચ' થઇ જાય! મેં જે રમનારાના સંખ્યાબંધ કૅચ ગુમાવી એની બૅટ્સમેન તરીકેની જિંદગી અનેક વાર લંબાવી આપી હોય તે જ મારા એ બૉલનો 'કૅચ' કરી લેતો! માનવજાતનું આ વિશ્વાસઘાતીપણું જોઈ મારું મન પણ ભાંગી જતું અને હું બૅટ લઇને ટેન્ટમાં પાછો આવતો રહેતો.

આ રીતે બૅટ્સમૅન તરીકે મેં કદી ક્રિકેટનો વિશુદ્ધ આનંદ પ્રાપ્ત નથી કર્યો, કે કાતિલ બૉલિંગ કરીને બીજાને ખેરવી નાખ્યાનો દુષ્ટ સંતોષ પણ કદી મેળવ્યો નથી. સાચો આનંદ મને ફીલ્ડિંગે જ આપ્યો છે. કયારેક તો મને લાગે છે કે ક્રિકેટમાં તેમ જીવનમાં, ખરી મઝા, ખરો આનંદ, બૅટ્સમૅન થવાની ચિંતામાં અદ્ધર શ્વાસે જીવવામાં નહિ, પણ નિરાંતે ફીલ્ડિંગ કરતાંકરતાં, રમ્યા છતાં નહિ રમવામાં છે, ખેલાડી હોવા છતાં પ્રેક્ષક અને પ્રેક્ષક હોવા છતાં ખેલાડી બનવા-માં છે, રંગાયા વિના જોઈ શકવામાં છે; અને એમાં જે સંતોષ છે, જે મઝા છે એને તો ગીતાકારે પણ બિરદાવી છે ને?

અમદાવાદની અદ્‌ભુત કારીગરીનો દુનિયાભરમાં દિગંત ડંકો વગાડનાર

કાબેલ કોતરણીથી ભરેલી બેનમૂન જાળીઓ ધરાવતી



સીદી સયીદની મસ્જિદની દક્ષિણ તરફની દીવાલમાંની, વિવિધ ભૌમિતિક આકૃતિઓના શોભનખંડો ધરાવતી ત્રણ જાળીઓ (બર્જેસના પુસ્તકમાંથી)

સીદી સયીદની મસ્જિદ

'ગુજરાતના મુસ્લિમ સ્થાપત્ય' ઉપરની ગયા વર્ષમાં શરૂ થએલી અભ્યસનીય લેખમાળાનો ચોથો હપતો*


લેખક · રત્નમણિરાવ ભીમરાવ

અમદાવાદમાં લાલ દરવાજાના મેદાનને અડીને આવેલી આ મસ્જિદ એનાં કદ અને બાંધણીની દૃષ્ટિએ ખાસ કાંઇ મહત્ત્વની નથી. એની લંબાઈ ૬૮ ફીટ અને પહોળાઈ ૩૬ ફીટ છે. આખું યે મકાન એક સામાન્ય લંબચોરસ જેવું દેખાય છે. અમદાવાદની મસ્જિદોની બાંધણીમાં સોળમી સદીના ચોથા દસકાથી ફેર પડવા માંડ્યો હતો. અગાઉની પેઠે થાંભલા તથા પાટડાથી હિંદુ મંદિરોના અષ્ટકોણ મંડપ ઉપર ઘુંમટ કરીને અગાસી કરવાને બદલે હવે માત્ર કમાનો ઉપર ચપટા ઘુંમટ કરીને જ અગાશી કરેલી છે. તેમાં એકએક થાંભલા ઉપરથી ચારચાર કમાનોનો ઉઠાવ કરેલો છે. કમાનોની આ બાંધણીને લીધે મસ્જિદના મ્હોરાની ઊંચાઈ વધારી દેવામાં સરળતા પડી છે. અને આ બધી કમાનો અમદાવાદી કમાનો છે. મિનારા સાદા ને અષ્ટકોણ છે; અને તે પણ મસ્જિદના પ્રવેશદ્વારને બે પડખે મૂકવાને બદલે મસ્જિદના છેડા ઉપર કરવાનો રિવાજ ગુજરાત સલ્તનતના પાછલા ભાગમાં વધ્યો હતો. વળી મિનારામાં જવાની સીડીના દ્વાર ઉપર પણ નકસી કરેલી છે અને કંદોરો આખી મસ્જિદની આસપાસ મિનારા સાથે ફરીવળે છે એ નવીનતા છે.

પણ બીજી બધી રીતે સાદી દેખાતી આ મસ્જિદે અમદાવાદની ખ્યાતિ આખી દુનિયામાં વધારી છે. એનું કારણ એમાં જાળીઓની રચના અમદાવાદની બીજી બધી મસ્જિદો કરતાં જુદીરીતે કરી છે. જાળીઓની આ રચના કરવામાં સ્થપતિએ જૂની ચાલી આવતી પ્રણાલિકાને વેગળી મૂકી છે. ઉત્તર-દક્ષિણનાં પડખાંમાં ત્રણ ત્રણ ભાગ પાડી મોટી જાળીઓ કરી છે ને પાછલી પશ્ચિમ તરફની દીવાલમાં એવી પાંચ મોટી જાળીઓ છે. ઉત્તર તરફ આ જાળીઓ ખાલી રહેલી છે, જ્યારે દક્ષિણ તરફ ભૂમિતિની આકૃતિઓ કોતરેલી છે. પશ્ચિમ તરફની ભીંતમાં પાંચમાંથી એક વચલી જાળીની કમાનમાં તો પત્થર મૂકીને તે બંધ કરી છે. બાકીની ચાર જાળીઓ પૈકી બંને છેડાની બે જાળીઓ પણ ભૂમિતિની નકશીથી જ ભરેલી છે. પણ વચલી બંધ કરેલી કમાનની આસપાસની જે બે જાળીઓ છે તેમાં ઝાડ-પાનની જે અદ્‌ભુત, અપૂર્વ કોતરણી કરી છે તે વર્ણનાતીત છે. આ બે જાળીઓ જ આ મસ્જિદના ખરા શ્રેષ્ઠત્વનું અને આખા યે અમદાવાદ તથા ગુજરાતના સ્થાપત્ય-કલાના ગૌરવનું કારણ બનેલી છે. એમાં ખરું મહત્ત્વ તો એ આખી યે કમાનને ભરી દેતી સમસ્ત જાળીની સળંગ રચનાનું છે. જાળીઓની પહોળાઇ ૧૦ થી ૧૧ ફીટ અને ઊંચાઈ ૬⅚ થી ૭ ફીટ છે. આકૃતિ અર્ધગોળ છે. આટલી મોટી જગ્યામાં, જુદાજુદા ચોરસ પત્થર ગોઠવીને, તેમાંથી જાળીની જે સળંગ નકશીનો ઉઠાવ કરેલો છે તેમાં કોઇ ઉદ્યાનનું દશ્ય હોય એવી કલાત્મક રચના કરી છે. (જુઓ મથાળે તથા આ પછીનાં પાનાંઓ પર)


મિ. હોપે એને વિષે લખ્યું છે કે 'આવી જાળીઓ પૂર્વની આખી દુનિયામાં બીજે ક્યાંયે નથી.' ફર્ગ્યુસન કહે છે કે 'હિંદુસ્તાનમાં બીજે ક્યાંય–ખુદ દિલ્હી-આગ્રામાં આવી સુંદર જાળીઓ નથી. ગ્રીક અને મધ્યકાલીન સ્થાપત્યના કોઈ પણ કલાના નમૂનાઓ કરતાં આમાં કુદરત વધારે શોભે છે.' રશિયાના માજી ઝાર જ્યારે આ જાળીઓ જોઈ ત્યારે કહેલું કે 'હિંદુસ્તાનનું વનસ્પતિસૌંદર્ય અહીં જાળીઓમાં કોતર્યું છે. આ જાળીઓ જોઇએ છીએ ત્યારે ધૂળિયા ને ઉજ્જડ અમદાવાદ શહેરમાં ઊભા છીએ એ ભૂલી જઇએ છીએ.' એ ઝાર અહીં આવેલા ત્યારે અમદાવાદની સ્થિતિ એવી જ હતી. બીજા ઘણા યુરોપીય મુસાફરો તથા કલાકારો આ જાળીઓ ઉપર મુગ્ધ થએલા છે. સર જૉન માર્શલ જેવા કડક ટીકાકાર પણ કહે છે કે 'આ જાળી-

* ગયા સપ્ટેમ્બરમાં અમદાવાદની 'ગુજરાત સાહિત્ય સભા' તરફથી યોજાએલી સ્થાપત્યયાત્રા પ્રસંગે અપાએલાં વ્યાખ્યાનો પૈકીનું ચોથું.



અમદાવાદની સીદી સચીદની મસ્જિદમાંની કોતરણીવાળી જાળીઓએ આખી દુનિયામાં ગુજરાતની કારીગરીનું નામ રોશન કર્યું છે. બનાવતાં અધૂરી રહેલી એ મસ્જિદમાં મૂકવા ધારેલી અગિયાર જાળીઓ પૈકી માત્ર સાત જ બની શકી છે, જેમાંની પાંચ જાળીઓ તો આ ઉપર આપેલા નમૂના જેવી, જુદીજુદી તકતીઓમાં ભૌમિતિક આકૃતિઓથી ભરેલી છે. પરંતુ બાકીની બે જાળીઓ તો એવી અદ્ભુત બારીક કોતરણી ધરાવે છે કે તેણે અમદાવાદની શિલ્પકલાનો દુનિયાભરમાં ડંકો વગાડ્યો છે, જે પૈકીના એક આ પછીના પાને અને બીજી આર્ટપ્લેટ તરીકે આપી છે. વૃક્ષવિટપોથી ઊભરાતા ઉપવનનાં જાણે એ દૃશ્ય હોય એવી ખૂબીભરી શોભનગૂંથણી ધરાવતી એ જાળીઓ નાનાં ચોસલાંઓ જોડીને જ બનાવેલી હોવાં છતાં સમગ્રદૃશ્યની પ્રવાહિતા એમાં સળંગ જળવાઈ રહી છે એ એની સવિશેષ ખૂબી છે.

એની સુંદર કારીગરીથી જ આ મસ્જિદ આખી દુનિયામાં નામાંકિત થઈ છે. ફળ-ફૂલ-ઝાડ અને વેલાની આ બે જાળીઓ જેવી સુંદર રચના બીજી કોઇ જગ્યાએ જોવામાં આવતી નથી.' ફરગ્યુસન કહે છે કે 'એને જોતાં એ શિલ્પ-કલાને બદલે જાણે કુદરતી હોય એવી લાગે છે.' કલા-વિવેચક પર્સી બ્રાઉન આ જાળીઓનું વર્ણન જે ખૂબ સુંદર શબ્દોમાં કરે છે એ તો એમના જ શબ્દોમાં જોવા જેવું છે:



In the production of the Sidi Saiyad's Mosque, however, an artist was forthcoming with exceptional vision, who put aside all conventions, & proceeded to treat these stone tympanums as a finely meshed canvas on which he could freely express in ornamental form what was in his mind. The subjects are treated with such aesthetic sensitiveness and technical skill as to compare favourably with applied art of any other country.

આમ આ મસ્જિદની કલામાં શિલ્પકલાની ઝીણવટ ઉપરાંત રસ ને સૌંદર્યનું ઊંડું તત્ત્વ વ્યક્ત કર્યું છે. સોની, ચિત્રકાર, શિલ્પી, સ્થપતિ અને સુતાર જાણે એક જ વ્યક્તિના આત્મામાં વસેલો હોય એવું એ જાળીઓને જોતાં દેખાય છે. આ જાળીઓની પહેલી નકલ એક હજાર રૂપિયાને ખર્ચે લાકડામાંથઈ હતી. આજે અમેરિકામાં ન્યૂ યૉર્ક ને લંડનમાં સાઉથ કેન્સિન્ગટન મ્યૂઝિયમમાં એની નકલો છે. ફર્નિચરો તથા બીજાં ઉપસ્કારોનાં શોભનોમાં પણ એની નકલો થઇ છે. આ જાળીઓ અમદાવાદના કારીગરોની કાબેલિયતનો એક ચમત્કાર છે.

આ મસ્જિદની સ્થિતિ પેશ્વાઇ અને અંગ્રેજી સમયમાં વિચિત્ર હતી. એને ધોળાવીને ગંદી કરી હતી. એમાં મામલતદારની કચેરી બેસતી હતી. તે પછી લૉર્ડ કર્ઝને હિંદના પ્રાચીન અવશેષો સાચવવાનો કાયદો કર્યો તે ઇતિહાસ અને સ્થાપત્યના પ્રેમીઓ ઉપર મોટો ઉપકાર કર્યો છે. એણે કચેરી ફેરવાવીને મસ્જિદને સારી સ્થિતિમાં લાવવા હુકમ કરેલો. આ મસ્જિદમાં બે સુંદર જાળીઓની વચ્ચેની જાળી નથી. એ લૉર્ડ એલ્જિનના સમયમાં કાઢી લઈ વિલાયત મોકલાવેલી એવી લોકવાયકા છે; અને બીજી વાયકા લૉર્ડ કર્ઝને તે કાઢી લીધેલી એવી છે. પણ એ બંને વાતો ખોટી છે. એનું કારણ આગળ જોઇશું. આ મસ્જિદ ભદ્રના કિલ્લાને અડીને આવેલી હોવાથી મરાઠા સમયમાં તેને ખૂબ સંહન કરવાનો વખત આવેલો, પણ કાંઇ ખાસ નુકસાન નથી થયું એ સદ્‌ભાગ્યની વાત છે.

હવે આ મસ્જિદની બાંધણીના ઇતિહાસમાં હોપ અને ફર્ગ્યુસનથી માંડીને છેલ્લા ૧૯૪૨માં લખનારા પર્સી બ્રાઉન સુધીના કલાવિવેચકોએ એક ગોટાળો કર્યો છે તે જોઇએ. એક જણ એને અહમદશાહના સીદી ગુલામે બાંધી એમ કહી પંદરમી સદીના પૂર્વાર્ધમાં મૂકે છે. બર્જેસ જેવા વિદ્વાન તેની બાંધણીમાં કમાનો આવી છે તેની ચર્ચા કરવા છતાં એને મહમૂદ બેગડાના સમયમાં—એટલે પંદરમી સદીના અંતમાં મૂકે છે. પર્સી બ્રાઉન જેવા સ્થાપત્યના નિષ્ણાત વિવેચક પણ એને ૧૫૧૦ની લગભગમાં—એટલે મહમૂદના અંતના સમયમાં મૂકે છે. મારા 'અમદાવાદ'ના ગ્રંથમાં મેં આ વિષયની ચર્ચા કરી છે. તે પહેલાં 'વસંત' માસિકમાં, એની બાંધણીના ઇતિહાસ ઉપરથી અને કમાનોની રચના ઉપરથી તે સોળમી સદીના સાતમા દસકામાં બંધાઈ હોવી જોઇએ એવું વિધાન મેં કર્યું હતું; અને એનો બંધાવનાર સીદી સૈયદ નહિ પણ સીદી શહીદ હશે અને એ વ્યક્તિ અમદાવાદમાં એક વાર સર્વોપરિ સત્તા ભોગવી ગએલો જુઝારખાન સીદી હોવો જોઇએ એવું અનુમાન મેં કરેલું. તે સમયના ઇતિહાસના પ્રોફેસર કોમીસેરીએટને એ લેખ મેં બતાવેલો. મસ્જિદમાં કોઇ શિલાલેખ ન હોવાથી બાંધણીનો સમય કહી શકવાનું સાધન નહોતું. એ સમયે સર ડેનિસન રૉસે સંપાદિત કરેલો ગુજરાતનો અરબી ઇતિહાસ જોવાનું બનેલું નહિ; પરંતુ એનો અરબ લેખક ગુજરાતમાં સીદીઓનો આશ્રિત હતો એટલે એમાંથી કાંઈ વિગત મળશે એવી આશા મેં વ્યક્ત કરેલી.

મને આજે કહેતાં આનંદ થાય છે કે પ્રો. કોમીસેરીએટે તે પછી એ ઇતિહાસ ગુજરાત કૉલેજના ફારસીના અધ્યાપક પાસે વંચાવી એ વાતની ખાતરી કરી છે, અને આ મસ્જિદ જુઝારખાન સીદીએ નહિ પણ એ જેને પોતાના ખાસ સગા ભાઈ જેવો માનતો હતો એવા એક સીદી સઈદ નામના ધનવાન હબસીએ ઈ. સ. ૧૫૭૨માં બંધાવેલી એવું નક્કી થયું છે. જુઝારખાન સીદી સર્વસત્તાધિકારી હતો એટલે જ રાજગઢના-ભદ્રના કિલ્લા પાસે આવી જગ્યા એને મળી. અરબી ઇતિહાસનો લેખક હાજી અદ્દ દવીર લખે છે કે 'હિજરી સન ૯૮૦માં (ઈ.સ. ૧૫૭૨માં)' સરિયામ રસ્તા ઉપર, દાર ફેરસલ્તનત–(રાજગઢ-ભદ્રનો કિલ્લો)ની પાસે, એનો બંધાવનાર શેખ સઈદ સીદી જાતનો હતો. મસ્જિદને માટે બહુ જ સારી જાતના પથ્થરો મંગાવવામાં આવેલા અને ભીંતમાં ઘણી જ સુંદર જાળીઓ કરાવી. આ સીદી સઈદનું આખું નામ શેખ સઈદ અલ હબસી સુલતાની છે; અને એ સુલતાન મહમુદ ત્રીજાનો ગુલામ હતો. જુઝારખાન હબસી એને ભાઈ જેવો ગણતો એટલે પોતાની સત્તા વખતે એને ગામો આપેલાં અને તેની સારી વ્યવસ્થા કરી એ ખૂબ કમાએલો. એની પાસે ઊંટ અને ઘોડાનો સારો રસાલો હતો અને એણે હજ પણ કરી હતી. પૈસાનો એણે સદ્‌વ્યય કર્યો હતો. આ મસ્જિદ બંધાવ્યા ઉપરાંત એણે મસ્જિદ આગળ લંગરખાનું કાઢેલું. તેમાં રોજ એક હજાર માણસને અન્ન આપવામાં આવતું હતું. વિદ્યા અને વિદ્વાનોનો એને શોખ હતો એટલે સારું પુસ્તકાલય પણ ભેગું કર્યું હતું. ઈ. સ. ૧૫૭૨માં અકબર બાદશાહે અમદાવાદ લીધું એ જ સાલમાં આ મસ્જિદ બંધાતી હતી, એટલે રાજ્યક્રાંતિને લીધે તે અધૂરી રહી હોય એમ ચોક્કસ માની શકાય. જે જાળીઓ આજે નથી એ પણ એ કારણથી બનાવવી રહી ગઈ છે અને એને કોઈ ઉઠાવી નથી ગયું એ પણ ચોક્કસ છે. આ સીદી સઈદનું મરણ ઈ. સ. ૧૫૭૬માં ૨૪મી ડિસેમ્બરે (એટલે અકબરના રાજ્યસમયમાં જ) થયું. જુઝારખાને ચંગીઝખાનને પોલોની રમતમાં કારંજના મેદાનમાં મારી નાંખેલો એ ગુના માટે અકબરના હુકમથી એને હાથીના પગ તળે કચરાવી નાખેલો. અરબી ઇતિહાસમાં આ મસ્જિદ વિષે લેખ છે કે 'ખુદાને માટે આ મસ્જિદ સઇદે બાંધી'. અરબી સમયાલેખનની પદ્ધતિ પ્રમાણે એના અક્ષરોનાં મૂલ્યો પરથી ગણત્રી કરતાં એની હિજરી સાલ ૯૮૦ નીકળે છે. આ જુઝારખાનના નામનો કારંજમાં એક રસ્તો પણ હતો. એટલે અરબી ઇતિહાસના આધારે જુઝારખાન અને સીદી સઇદના સગા ભાઇ જેવા સંબંધ–મસ્જિદનો સંબંધ–અને તે બંધાયાના સમય માટે મેં પ્રથમ કરેલું અનુમાન લગભગ ખરું ઠરે છે.

અમદાવાદની આ જગપ્રસિદ્ધ મસ્જિદની જોઈએ તેવી જાહેરાત થઈ નથી. પશ્ચિમના દેશોમાં પોતાના ઐતિહાસિક અવશેષો બતાવવા માટે રાજ્ય તરફથી જે સગવડો અને યોજનાઓ તથા જાહેરાત હોય છે તેવું કાંઈ આપણા દેશમાં નથી. પાટનગર દિલ્હીમાં એ હતું અને આજે છે તેથી બધાની નજર દિલ્હી તરફ દોડે છે. અમદાવાદીને તો જ્યાંથી પૈસો ન મળતો હોય એવું કાંઈ પણ જોવાની પડી નથી, એટલે આ ઉત્કૃષ્ટ ચીજની જાહેરાત થાય કે ન થાય તેની પણ તેને કાંઇ પડી નથી. હવે સ્વતંત્રતાના જમાનામાં આપણે કાંઈ રસ લેતા થઇએ તો સારું.

ગણિત-ગમ્મત

(૧) કોઇ પણ દ્વિઅંકી સંખ્યા (દાખલા તરીકે ૧૫) ત્રણ વખત પાસેપાસે મૂકો: ૧૫૧૫૧૫. આવી સંખ્યા ૭થી અને ૧૩થી અલગ અલગ નિઃશેષ ભાગી શકાય.

(૨) કોઈપણ પાંચઅંકી સંખ્યા (જેમકે ૧૨૩૪૫) ત્રણ વાર પાસેપાસે મૂકો: ૧૨૩૪૫૧૨૩૪૫૧૨૩૪૫. આવી સંખ્યા ૩૧થી નિઃશેષ ભાગી શકાય.

(૩) કોઈ પણ છઅંકી સંખ્યા (ઉદાહરણાર્થ ૧૨૩૪૫૬) ત્રણ વખત પાસેપાસે મૂકો: ૧૨૩૪૫૬૧૨૩૪૫૬૧૨૩૪૫૬. આવી સંખ્યા ૧૯થી નિઃશેષ ભાગી શકાય.

(૪) કોઇ પણ સાતઅંકી સંખ્યા (દા. ત. ૧૨૩૪૫૬૭) ત્રણ વખત પાસેપાસે મૂકો: ૧૨૩૪૫૬૭૧૨૩૪૫૬૭૧૨૩૪૫૬૭. આવી સંખ્યા ૪૩થી નિઃશેષ ભાગી શકાય.

(૫) એ જ રીતે કોઈ પણ અગિયાર-અંકી સંખ્યા ત્રણ વખત પાસેપાસે મૂકો તો એવી સંખ્યાને ૬૭થી નિઃશેષ ભાગી શકાય.

(૬) કોઇ પણ વીસ અંકી સંખ્યાને ત્રણ વખત પાસેપાસે મૂકો તો તેને ૬૧થી નિઃશેષ ભાગી શકાય.

(૭) કોઈ પણ બત્રીસ અંકી સંખ્યા ત્રણ વખત પાસેપાસે મૂકો તો તેને ૯૭થી નિઃશેષ ભાગી શકાય. આવી બધી બાબતો ગણિતના અમુક નિયમથી ઉપજાવી શકાય છે.

મૂળજી જેઠુ જોષી

બાંધગઠરચિાં (અનુ. પૃ. ૧૫થી) દાર્જીલિંગથી જરા આઘે સંડકપુ કરીને જગ્યા છે. વચ્ચે ત્રિસ્ટાની ખીણ ઓળંગવાની, પણ પછી તો હિમાલય જે દર્શનો આપે છે તે અદ્‌ભુત જ છે. લીલોતરી, જંગલો, ફૂલમંડપો, હિમપગથારો...જોયા જ કરો, એ અનંત સમાધિસ્થની અગાધ શાંતિ પ્રમાણ્યા જ કરો. હે પિતામહ નગાધિરાજ! અમારાં હૃદયને તો ઘડીભર ઠારો. આટલો વિપુલ હિમઠાર ભરી અકેલા બેઠા છો, એક અણુની હિમારા તો અમને આપો.

અહીં મને એક દિવસ હૉટેલમાં સ્મિથનો ભેટો થઈ ગયો: ફ્રૅન્ક સ્મિથનો. કોઈ એને 'સ્માઈથ' કહે છે. કામટ શિખર પર ચઢનારો, ને 'કાંચનજંઘા ઍડવેન્ચેર' તથા 'સ્પિરિટ ઑવ ધ હિલ્સ'નો લખનારો, પહાડખેડુ, ખડતલ, કલમબાજ. તે દિવસે હું કંઇ જમવામાં મોડો પડ્યો, અને એ પણ મોડો થતાં અમે બે એકલા જ ટેબલ પર હતા. અને અચાનક વાત નીકળનાં ઓળખાણ થઇ. મને તો વહેમ નહિ કે આ સ્મિથ જ છે. પછી તો ચાલ્યું. જમી રહ્યા અને ત્યાં જ બેઠાંબેઠાં કાશ્મીરથી માંડી ગોહતી સુધીના હિમાલયના પગથારો ઉથલાવવા માંડ્યા.

સ્મિથને મન પહાડ એટલે એક કૂમળું ફૂલ, અથવા ધરતીના વક્ષઃસ્થલ પર સુકોમલ સ્તન. પણ એમાં આમ 'હું!' કરવાની કશી જરૂર નથી; કાલિદાસે ઉજ્જયિની આગળની બે ગિરિટેકરીઓને શું કહ્યું છે? પહાડ સાથે લાડ કરીને જ દોસ્તી કરાય; વૈજ્ઞાનિક સાધનો વડે જોહુકમી કરીને તો નહિ જ. ગિરિકન્દરાનો એ ભક્ત. હિમાલયનો તો એ જોગી. એનો અભ્યાસ, એનો ખંત, એની હિંમત, એનો ઉત્સાહ, એની ભક્તિ તારીફ કરવા લાયક હતાં. હાઆ: રાજ કરનારી પ્રજાનો સ્વતંત્ર શહેરી એટલે એને એવા શૉખ પાલવે એમ કોઇ જરૂર કહેશે. સાધનોની સગવડ પણ એમને બરાબર; ને આપણે તો આ ભવ કરતાં પેલા ભવનો જ વિચાર કરનારા આજન્મ ફિલસૂફો. એ પણ ખરું. દેશ સ્વતંત્ર થઇ હવે બે દાયકે પણ મ્સ, એપ્રુગી, યંગહસબન્ડ, હીડન, સ્મિથ, મેલરી, ઑડેલ, નૉર્ટન, શિપ્ટન, અર્વિન, સ્ટલેજ પેદા કરશે ખરો એવી તો આશા રાખીએ!

કોઈ કહેશે એમ તો કંઈક લોક ઘરડે ઘડપણ કૈલાસ આત્રા કરે જ છે?! એમને હું વંદન કરું છું. કોઇ કહેશે કે એમ પૃથ્વીને મથાળે શિખર ઉપર પલાંઠી વાળીને બેઠા તો યે શું અને ન બેઠા તો યે શું? હા, એ પણ ખરું. ત્યાં પહેલાં પગલાં માંડનારાને કંઇ રાજપાટ તો નથી જ મળવાનાં. સ્કૉટ, શૅકલટન, આમુન્ડસન, આન્દ્રી ધ્રુવપ્રદેશના એ ખેપિયાઓ ને ભોમિયાઓ તો ખાલી એમ જ સાહસ ખેલવા હથેલીમાં જીવ લઇને નીકળ્યા હતાને?

વાતોમાં સ્મિથને મારા ઉપર કંઇ જીવ બેઠો, એટલે એણે એક દિવસ એક નાનકડી મોટરમાં જવાય એટલે દૂર જઈ, પછી ચાલતાં એવરેસ્ટની સામી બાજુ માકાલુ શિખર તરફ જવામાં મને સાથે આવવા પૂછ્યું. આપણે તો તરત જ તૈયાર થઇ ગયા. ત્રણ દિવસની ટ્રિપ હતી. અને અમે ઊપડ્યા. લગભગ પચાસ-સાઠ માઈલ દૂર-સીધા દૂર ઉમાશિખર (એવરેસ્ટ) સામી છાતીએ ઝળકતું હતું. એ તો આપ હવે જાણતા જ હશો કે એવરેસ્ટ ઉપર જવું હોય તો સામે માર્ગે નહિ પણ પાછળને બંધે, તિબેટને રસ્તે થઈને જ જઈ શકાય. પણ સ્મિથને તો કંઇ આ તરફના ફોટોગ્રાફ જોઇતા હતા કે એવું કંઈક હતું.

રસ્તે બહુ વાતો કરી. એના દુનિયાભરના પહાડો વિષેના અગાધ જ્ઞાનનો સારો લાભ મળ્યો. આલ્પ્સ ઉપરાંત એણે આફ્રિકા-અમેરિકાના પહાડો ખૂંદ્યા હતા. એવરેસ્ટ નજીક આવતાં યંગહસબન્ડે આલેખેલી ને પહેલી એ જ વાંચેલી ૧૯૨૪ની નૉર્ટન, શિપ્ટન, અર્વિન, મેલરીની ટોળીની વાત કાઢી.

દૂર દેખાતા જમણા ખંધા ઉપરથી ૨૭,૦૦૦ ફૂટ ઊંચે, પાંચમી છાવણીમાંથી, સવારે સાડા સાત-આઠે બે વ્યક્તિઓ પસાર થવાની હતી તે બાર વાગે જતી દેખાઈ. નૉર્ટનને આવેલો અંધાપો, અને આખરે એમના પાછા આવવાની પડતી મુકાએલી આશા, એ બધું એણે ફરી વાર ચિત્રાત્મક શૈલીમાં વર્ણવ્યું. મને પણ ત્યાં મેલરી ને અર્વિન આખરી પ્રયાસ માટે દોરડાંફાંદાળી ભેરવી, ચશ્માં ચડાવી, પૃથ્વી-શિરે પગ માંડવા ઊપડતા દેખાયા. ઑડેલે સાડા બારે જોએલા બે ઓળા જણાયા. અને એ ૨૮૦૦૦ ફૂટ ઊંચે પછી આગળ વધ્યા તે વધ્યા જ. ગયેબમાં ગેબ થઇ ગયા, કે ત્યાં જ અદ્‌ભુત દૃશ્યો જોતા અહાલેક જગાવતા અહીં જમાવી બેઠા? ક્યાં ગયા, કોણ જાણે!

ઑડેલ તે સાંજે એમની તપાસે નીકળ્યો હતો. એ પણ ૨૬થી ૨૭ હજાર ફીટ પર ડુંગર પગથારે શોધ કરી આવ્યો. ફરી વાર ગયો. આખરે નીચેથી એણે નિશાની મળતી જોઈ કે આશા છોડી દો; હવે પાછા વળો; એ આપણા બે સાથીદારો ગયા. ને ઑડેલ પાછો વળવા માંડ્યો. પણ ઑડેલ પોતાની નોંધપોથીમાં લખે છે કે ના, ડુંગરોમાં પણ ભુરકી નાખવાની અજબ આકર્ષણશક્તિ છે અને એમાંથી છૂટી નીચે ઊતરવું એને કપરું લાગ્યું. આખો ને આખો એ ચિતાર ત્યાં દશ વર્ષે મારી આંખો સામે ફરી પાછો તરવરવા લાગ્યો.

પણ જુઓ, માણસો ક્યાં અને કેમ અથડાય છે! ૧૯૨૪ પછી પંદરેક વર્ષો બાદ બીજી લડાઇ જાગતાં, એક દિવસ મુંબાઇના એક રેસ્ટોરાંમાં બેઠો હતો, ત્યાં મારા બે ઓળખીતા અને ગોઠિયા જૉન રૉડન અને ઑબરી મેનન મારી પાસે આવ્યા. બંને સારા નટો ને લેખકો. હિમગિરિ પ્રત્યેની મારી ભાવનાના જાણકાર, તે કહે ચાલો. અને મને અજાયબી પમાડવા, કહ્યા વિના, એમના ટેબલ પર લઇ ગયા. ત્યાં લશ્કરી પોષાકમાં એક બ્રિટિશ અફસર બેઠો હતો એની સાથે બેઠા. રૉડને મારી ઓળખાણ કરાવી. પહેલાં પણ કંઈક કહ્યું હશે. અને છેવટે એની ઓળખાણ એક જ શબ્દમાં આપી. એ સાંભળતાં જ મારાથી ઊભા થઇ 'હેં? ધ સેઈમ ઑડેલ!' એમ બોલી જવાયું!

'યેસ, ધ સેઈમ ઓડેલ' એટલું કહી, મિઠાશથી હસી એણે બે કલાક વાતો કરી. દુઃખ એટલું જ થયું કે એને એ જ દિવસે દહેરાદુન જવાનું હતું. (ચાલુ)

જોડાસાંકોર ધારે (અનુસંધાન પૃષ્ઠ ૩૦થી)

એમ એ રોજ આવતી. ચૂપચાપ બિલ્લીપગે આવે એટલે ખબર ન પડે કે ક્યાંથી આવે છે. વિના પૈસાની રમતની સાથી એકલી પડી રહેતી, માણસોની વચ્ચે પણ એ એકલી પડી રહેતી. કચરાપૂંજાની વચ્ચે એ પણ ભેગી જ હતી. ફગાવેલી વસ્તુઓ જે કંઇ અમે વીણી લાવતા તેનાથી હું ખુદ્દા અને એ બાળા વરંડામાં બેસીને રમતાં. એક દિવસ તેણે પૂછ્યું, 'તમારું ઘર મને બતાવશો?'

મેં કહ્યું, 'જોવું છે?' અને રાધુને બોલાવીને કહ્યું કે આને અંદર વહુમા પાસે લઇ જા; એને ઘર જોવું છે. વહુમાએ એને પ્રેમથી ખવડાવ્યું અને એ પાકી ગૃહિણીની જેમ બધું ફરીફરીને જોઈ પણ આવી. એ બહાર આવતાં મેં પૂછ્યું, 'કેમ જોયું ને?'

'હા.'

'ઠીક. હવે તું તારે ઘેર જા. હું યે જાઉં. મારે નહાવું-ખાવું છે.'

દક્ષિણ વરડાનો એ છેલ્લો પ્રવેશ: ફેલાવતી અને હું. તે પછી હું માંદો પડ્યો. અને એ દશામાં જ સાંભળ્યું કે દક્ષિણનો વરંડો કોઈ મારવાડીને વેચાઇ ગયો છે. પણ હું માંદો હતો એટલે મને એક મહિનો ત્યાં રહેવા દેવાની મહેતલ મળી હતી. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં



પોષ ૧૯૮૪
અંક ૪૬માંથી

ગઈ પોષ સુદ પાંચમે પ્રેમાનંદ જયંતી આવી ગઈ. પચ્ચીસ વરસ પહેલાં તે નિમિત્તે ગુજરાતના એ લાખેણા કવિનો પરિચય શ્રી નરહરિ પરીખે સ્વ. નવલરામ પંડયાના અવતરણ લેખ સાથે આપેલો, તેમાંનો પ્રસ્તુત ભાગ તથા શ્રી રવિશંકર રાવળે એ કવિને સાકાર કરી આપતું આલેખેલું ચિત્ર આ નીચે આપીએ છીએ:

વિક્રમ સંવતના સત્તરમા-અઢારમા શતકમાં હિંદુસ્તાની સિવાયની દેશી ભાષાઓ બહુ પાછળ હતી. બંગાળીના અંકુર જ ફૂટવા માંડ્યા હતા; પેશ્વાઇને પ્રતાપે મરાઠી મહારાષ્ટ્રમાં પૂજા પામતી થઈ હતી; રાજદરબારના આશ્રયથી તથા તુલસીદાસ સુરદાસ જેવા અનેક ભક્ત કવિઓના પ્રસાદથી હિંદી આખા આર્યાવર્તમાં પ્રસરી હતી; પણ ગુજરાતી ભાષા તે વખતે કેવી તુચ્છ લેખાતી તેનો ખ્યાલ નીચેના આક્ષેપ ઉપરથી આવશે: 'અખે તખે'કા સોલહિ આને, 'અઠે કઠે'કા બાર; આઠહિ આને 'ઈકડં તિકડં', 'શુંશાં' પૈસા ચાર.

ભાષાભક્ત કવિ પ્રેમાનંદથી આ સ્થિતિ સહી ન ગઈ, અને હિંદી સાહિત્યને પણ ઝાંખું પાડે એવાં કાવ્યો રચવામાં તે ઉદ્યુક્ત થયો. એમ કહેવાય છે કે ગુજરાતી ભાષા અન્ય ભાષાઓના જેવી સાહિત્યમાં સમૃદ્ધ ન થાય ત્યાં સુધી માથે પાઘડી પહેરવી નહિ એવો તેણે સંકલ્પ કર્યો હતો. અને અંતે જોકે એણે અને એના શિષ્યમંડળે ભારે પરિશ્રમ ઉઠાવીને ગુજરાતી સાહિત્યનદ રેલમછેલ કરી મૂક્યો, છતાં એ વિનયનમ્ર કવિએ મરતાં લગી પાઘડી નહિ જ પહેરેલી.

પ્રેમાનંદે મોટે ભાગે મહાભારત, રામાયણ, ભાગવત ને પુરાણોમાંથી વસ્તુ લઇ આખ્યાનો રચેલાં છે. પરંતુ વાર્તાનો વિસ્તાર, પાત્રોનું આલેખન, પ્રસંગોનાં વર્ણન તથા રસની જમાવટ એ બધું પ્રેમાનંદનું પોતાનું છે. એના વિષે સ્વ. નવલરામભાઈ લખે છે કે એને જનસ્વભાવનું બહુ જ ઊંડું જ્ઞાન છે. ગ્રંથસંકલના પણ એની સર્વોપરિ છે. એની ભાષા શુદ્ધ અને પ્રૌઢ, શૈલી સીધી અને સંક્ષિપ્ત તથા પદબંધ સરળ અને કોમળ છે.

આ બધા ગુણોને લીધે એ કવિ ઘણો જનપ્રિય છે. એનાં ઘણાંખરાં કાવ્ય તો એક રીતે ગુજરાતમાં પૂજાય છે એમ કહીએ તો પણ ચાલે. હજારોને સુદામાચરિત્ર શનિવારે, અને હુંડી રવિવારે ગાઈ જવાનો નીમ છે. ગામોગામ ચૈત્ર માસમાં એનું ઓખાહરણ તો ઊછળી જ રહે છે, જુવાન કે વૃદ્ધનાં અંતઃકરણ વિહ્વળ કરી નાખે છે અને વ્યાસની એ કાવ્યથી રોજી ચાલે છે. શ્રાદ્ધના દહાડામાં જ્યાંત્યાં નરસિંહ મહેતાના બાપનું શ્રાદ્ધ વંચાય છે, અને લોકો અરધી રાત આનંદમાં અને નાગરો ઉપર ફિટકાર પાડવામાં કહાડે છે. સુરતમાં-કે જ્યાંના લોકોએ એ કવિનો રસ વિશેષ ઝીલ્યો હોય એમ માલમ પડે ત્યાં દરેક સ્ત્રીના સીમંત પ્રસંગે સાસરે અને પિયર મોસાળું ગવડાવવું એ તો એક આચારનો જ ભાગ થઈ પડ્યાં છે. ચોમાસાના



'...ને ભટ્ટ પ્રેમાનંદ! એની માણમાંથી ઉત્સાહ ને વીરતા રણકે છે; એની વાણીમાંથી ગુજરાતીનું માધુર્ય ઝર્યાં કરે છે. એની મહત્ત્વાકાંક્ષા ભગવાન વ્યાસ થવાની છે,—ગુજરાતીને સંસ્કૃતની સાહેલી બનાવવાની છે. દર રાત્રે શિષ્યોમાં ને એકચિત્તે સાંભળી રહેલા લોકવૃંદમાં તેનો પ્રચંડ અવાજ ગર્જે છે; ને નળ ને ધ્રુવ એની વાણીના અમૃતથી સજીવ બની ગુજરાતને ઘેલું બનાવે છે. —કનૈયાલાલ મુનશી ['ગુજરાતના જ્યોતિર્ધરો']

દહાડામાં ત્યાં એક પણ ગામડું એવું નહિ માલમ પડે કે જેમાં પ્રેમાનંદકૃત દશમસ્કંધ વંચાતો નહિ હોય. ત્યાં ભાગવત વાંચ્યે ભણ્યું સાર્થક થયું ગણાય છે. ધન્ય છે પ્રેમાનંદને કે જેના કાવ્યસમુદ્રમાં પર્વેપર્વે સ્નાન કરવાને આટલા બધા જીવ ધાઇને આવે છે અને શુદ્ધ, કોમળ તથા ભક્તિમાન થઇને સંસારમાં પાછા વળે છે.'

કવિ ગોવર્ધનરામે ગાયું છે તે પ્રમાણે 'જન-પશુ-જગના કલ્યાણયજ્ઞ પર' પોતાના જીવનની આહુતિ આપી શોધખોળ કરનારા વિજ્ઞાનવીરોનો એક રોમાંચક પ્રેરકલેખ આ અંકમાં આવેલો. તેમાંનાં પ્રોત્સાહક ઉદાહરણ:

'રેડિયમની શોધખોળના અગ્રગામીઓમાંનો એક, ફ્રેંચ પ્રોફેસર એમિલી બરગૉની મરણ-પથારીએ પડયો હતો. કમકમાટી ઉપજાવે એટલી રોજરોજ નવી ઉમેરાતી પીડામાં એ ત્રણ મહિના સુધી રિબાયો. ઘેનવાળી દવાઓ ઠીંચાઠીંચીને એની ઇન્દ્રિયો બધી બહેર મારી ગઇ હતી. છતાં બની શકે તેટલી તરકીબોથી પોતાના પ્રાણ ટકાવી રાખીને એ પ્રોફેસર દરરોજ પોતાની પાસે ડૉક્ટરોને બોલાવતો, પોતાના દર્દમાંથી તારવી પરિણામો એમને સમજાવતો ને રેડિયમની શોધ આગળ કેમ ચલાવવી એ વિષે સૂચનાઓ આપતો. મૃત્યુ પછી વાઢકાપથી પોતાનું શરીર તપાસવાની ઝીણામાં ઝીણી વિગતો પણ એ જાતે નક્કી કરતો ગયો.

એક્સ-રે વડે 'કૅન્સર'નો રોગ મટાડવાના અખતરા એણે વર્ષો સુધી કર્યા. એ પ્રયોગમાં એક વાર એ પ્રાણઘાતક કિરણ એના પર જ ફરી વળ્યું ને એથી દાઝવાને પરિણામે થએલા કૅન્સર વડે જ એ મરણ પામ્યો. મરણ પહેલાં ત્રણ વર્ષ પર એ જ કામ કરતાં એનો જમણો હાથ જોખમાઇ જવાથી કાપી નાખવો પડેલો. છતાં એણે તો એક હાથ વડે કામ ચાલુ રાખ્યું. પાછળથી ડાબા હાથની પણ ત્રણ આંગળી એણે એમાં જ ગુમાવી!

માનવતાના કલ્યાણ માટેની એ શોધના અખતરા પાછળ પોતાની જાતનું કમકમાટી ઉપજાવે એવું બલિદાન દેનાર એ વીરને એની મરણપથારીએ ફ્રાન્સે પોતાના દેશના મોટામાં મોટા ઈલ્કાબ 'ગ્રાન્ડ ક્રૉસ ઑફ ધ લિજિયન ઑવ ઑનર'થી નવાજ્યો.

આંતરડામાં જીવડાંના દંશથી થતા હૂકવર્મ નામના રોગનો ઉપાય શોધવા માટે યુનાઇટેડ સ્ટેટ્સના ખેતીવાડી વિભાગનો ડૉક્ટર મૉરિસ સી હૉલ લાંબા વખતથી મથતો હતો. જુદાંજુદાં પશુઓ પર અખતરાઓ કરીને એણે શોધી કાઢયું કે કાર્બન ટ્રીટ્રેક્લોરાઇડ નામનો ક્લૉરોફૉર્મને મળતો ને કપડાં ઉપરથી ડાઘ કાઢવાના ઉપયોગમાં આવતો પદાર્થ કૂતરાને થએલા હૂકવર્મને તો જડમૂળથી કાઢી નાખે છે. પણ પછી એ જ દવા એણે સસલા પર વાપરી જોતાં એ મરી ગયું!

પણ માણસજાત ઉપર એની શી અસર થતી હશે? એ જાણવાનો એક જ રસ્તો હતો: પ્રયોગ કરી જોવો! પણ જે દવા કૂતરાને આપતાં તે સાજું થયું ને સસલાને આપતાં તે મરી ગયું એવા અનિશ્ચિત એ ઝેરનો ઉપયોગ પોતાની જાત પર કરવા દેવા કયો માણસ તૈયાર હોય? ડૉ. મૉરિસે ટ્રીટ્રેક્લોરાઇડના ત્રણ ક્યૂબિક સેન્ટિમિટર માપીને એક ગ્લાસમાં કાઢયા. એક પળમાં એ કદાચ મોત કરી નાખે. પણ અદ્ભુત હિમ્મત, સાહસ ને શ્રદ્ધાથી એ જાતે જ તે ગટગટાવી ગયો! અને—અને દુનિયાને ખાતરી કરી આપી કે માણસને માટે એ જોખમકારક નથી! પણ એ ખાતરી કરાવી આપવા માટે એણે મોતના મોંમાં માથું નાખ્યું હતું. રણક્ષેત્રમાં ઘૂમનારાઓના કરતાં એનું એ વીરત્વ કોઇ રીતે ઉતરતું ન હતું. અને એ વીરત્વે, સૈકાઓથી જગતને પીડતા એ કારમા રોગ હૂકવર્મનો ઈલાજ શોધી કાઢયો.'

ભારતનાં હવા ખાવાનાં સ્થળોમાં 'ગિરિનિવાસોની રાણી' તરીકે પ્રખ્યાત ઉતાકામંડ વિષેના સચિત્ર લેખમાંની વાનગી:

'નીલગિરિ સો વર્ષ પહેલાંથી હવા ખાવાના મથક તરીકે જાણીતું છે ને યુરોપિયનોએ હિમાલયનાં મથકો હાથ કર્યાં તે પહેલાં ઊટી (ઉતાકામંડનું ટૂંકું અંગ્રેજી નામ) જ ગિરિનિવાસોમાં ઉત્તમ ગણાતું. તે સમુદ્રની સપાટીથી સાતેક હજાર ફૂટની ઊંચાઇએ છે; પણ દાર્જીલિંગની પેઠે અહીં હિમશિખરો નહિ હોવાથી બારે માસ તેની હવા ખમી શકાય એવી રહે છે.

ઊટીના પહાડો વચ્ચે પહેલાં તો વિશાળ સરોવર હતું, પણ અત્યારે તે પૂરી દઇને ત્યાં એક અતિ વિસ્તારવાળું મેદાન બનાવી દીધું છે, અને તેથી ઊટી શરતની દોડ અને પોલોની રમતનું મેદાની મથક થયું છે.

ઊટીમાં સૌથી રમ્ય તો ત્યાંની ગુલાલ સમી લાલ માટી લાગી. લીલાંછમ ઝાડોની વચ્ચે એ લાલ જમીન બહુ આકર્ષક લાગતી. નીલગિરિની બીજી એક મઝા એ છે કે ત્યાં વરસાદ સતત ચાલુ રહેતો નથી. બેચાર દિવસ ઝાપટાં મારી જાય કે પછી ખુલ્લો સૂર્યપ્રકાશ મળે. અગાઉ નીલગિરિ પર મોટાં વૃક્ષોમાં તો ગમ ટ્રી–કપુરવૃક્ષો જ હતાં. પણ સિત્તેરેક વર્ષ પહેલાં અહીં ઑસ્ટ્રેલિયાથી યુકૅલિપ્ટસનાં ઝાડો લાવી રોપવામાં આવ્યાં. તે અહીંની જમીનને એટલાં તો ભાવી ગયાં કે આજે તો અહીં યુકૅલિપ્ટસનાં જંગલો બની રહ્યાં છે.

પણ નીલગિરિની સૌથી જબરી પેદાશ તો ચા ને કૉફીની છે. અહીંની ચા બહુ ઊંચી ગણાય છે અને તેમાંનો સર્વોત્તમ માલ તો ખાસ પરભાર્યો ઇંગ્લંડ જ ચડી જાય છે.

મ્હૈસુરના સપાટ પ્રદેશ ઉપર નીલગિરિ જ એકલો ઊંચા કિલ્લા સમા ઘાટે ઊભો છે. ત્યાંનું સૌથી ઊંચું શિખર દોડાબેટા કરીને છે; ત્યાં પહોંચતાં દોઢેક કલાક થાય. પણ રસ્તાનો દરેક વાંકવળાંક ઝાડની લીલીછમ ઘટામાંથી પસાર કરતાં આનંદના ઊભરા જ આવે. એકબે ઠેકાણેથી નીચે ઉતાકામંડનું શરતનું મેદાન ને સફેદ બંગલાઓ જોઇએ તો જાણે કોઈ લીલીછમ તાસકને ધોળી કાંગરીઓથી મઢી હોય એવું લાગે. કુંઢા હિલ્સની બગલોમાં ખૂબ ઘેરી વૃક્ષઘટાઓમાં અનેક ઝરણાં વણાઇને પાયકરા નદીનો ધોધ બન્યો છે. આ ધોધ અમે પહેલો જોયો તે દિવસના અમારા ઉછાળા વર્ણવાય એમ નથી. નીલગિરિના કાંગરા પરથી ઝીંકાતું પાણી સો સો ફીટની છલાંગે મોટાં તાંસળાંમાંથી હાથી જેવડા પથરાઓ વચ્ચેથી માર્ગ કરતું અરધાક માઈલ પછી સીધું ૨૦૦ ફીટ ઉપરથી પછડાતું જોયું. એ નીલગિરિનું અદ્ભુત દૃશ્ય હતું. કુદરતનું અપાર અતુલ શક્તિબળ અને મનુષ્યની પામરતા સમજવા અથવા જીવનના જોમ અનુભવવા યુવાનોએ અને સાહસિકોએ તો આ સ્થળમાં દિવસો વિતાવવા જોઇએ.'

અને, નીચેનું કાવ્ય કોનું હશે, કહેશો?

આશા

આભ મોટું પાંદરડું,
ઉપર ચળકે ચાંદરડું;
જાણે ઝાકળ મોતીડું:
હસતું, તગમગતું!
બ્હેન આ ઊંચેની વાત!
નીચેની પણ એવી વાત!
માનવ ઉર એ આભલડું,
ઉપર આશા ચાંદરડું;
જાણે ઝાકળ મોતીડું;
લસતું, ઝગમગતું!
મારૂં ઉર એ આભલડું,
ઉપર બ્હેની ચાંદરડું.

'મરાલ'

જેમનાં કાવ્યો, નાટિકા, વાર્તા વગેરેએ ગુજરાતી સાહિત્યમાં પાછળથી એક તેજસ્વી ચમકારો માર્યો તે શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીનું સૌપ્રથમ આ કાવ્ય (પંદર-સેળ વરસની વયે) 'કુમાર'ના બાલવિભાગમાં છપાએલું.

મૅટ્રિક પછીનું માર્ગદર્શન

* લેખક · પ્રો. સ. અ. રાનડે * * *

મૅટ્રિક અથવા એસ.એસ.સી. પછી કયો શિક્ષણક્રમ લેવો એ પ્રશ્ન ઘણાને મૂંઝવે છે; અને એનો યોગ્ય ઉત્તર ન જડવાથી યા અનેક બીજાં કારણોથી ઘણા વિદ્યાર્થીઓ ખોટો શિક્ષણક્રમ પસંદ કરે છે ને પછી નિષ્ફળતા કે નિરાશા અનુભવે છે. રાષ્ટ્રની દૃષ્ટિએ આ મોટું નુકસાન છે. એટલે મૅટ્રિકની તૈયારી સાથે જ વિદ્યાર્થીઓ, તેમના વડીલો તેમજ શિક્ષકોએ ભાવિ શિક્ષણક્રમની પસંદગી માટે વિશેષ રસ લેવો જોઇએ,—બલ્કે ખાસ ચિંતા રાખવી જોઇએ.

મૅટ્રિકોત્તર શિક્ષણ

ભાવિ શિક્ષણક્રમ પસંદ કરવામાં મોટે ભાગે ઘણાખરાને ડિગ્રીનો જ મોહ હોય છે, પણ તે માટેની લાયકાત અને ખંત બહુ થોડા વિદ્યાર્થીઓમાં જ હોય છે. એટલે કૉલેજમાં જવા માટે (૧) વિદ્યાર્થીની લાયકાત, (૨) એની આર્થિક સ્થિતિ તેમજ (૩) આગળ જે ધંધો અથવા કોર્સ તે લેવા ધારે છે તેની સ્થિતિ, આ ત્રણેનો વિચાર કરવો જોઇએ. આજે મોટેભાગે લાયકાત જોયા વિના માત્ર કૉલેજમાં જવાની તાલાવેલીથી અથવા કેટલેક સ્થળે આર્થિક સ્થિતિના આધારે જ છોકરાઓ કૉલેજોમાં જાય છે. તેથી જ કોઈપણ ક્ષેત્રમાં દેશને કાર્યક્ષમ યુવકો મળતા નથી.

આર્થિક સ્થિતિનો પહેલાં વિચાર કરીએ. કૉલેજમાં (રજાઓના દિવસો બાદ કરીએ તો) આર્ટ્સનો વિદ્યાર્થી દરેક દિવસ દીઠ એક રૂપિયો અને સાયન્સનો વિદ્યાર્થી બે રૂપિયા ફી ભરે છે. તે સિવાય ચોપડીઓ, પરીક્ષાની ફી વગેરે ધ્યાનમાં લઇએ તો દર વર્ષે ૩૫૦ રૂપિયા થાય. કૉલેજનાં ચાર વર્ષોમાં માત્ર ભણવાથી જ પૂરું થતું નથી. વિદ્યાર્થીએ શરીર તરફ અને સંઘજીવન તરફ પણ ધ્યાન આપવું જ જોઇએ; કારણકે આ ચાર વરસ એક રીતે જીવનનાં સોનેરી અવસર જેવાં છે. શરીરને મજબૂત બનાવવા માટે અને માનસિક શક્તિઓ ખીલવવા માટે આ જ કાળ સર્વોત્તમ હોય છે. એટલે કૉલેજના ખર્ચ સાથે આ વિકાસ માટે પણ જોગવાઈ હોવી જોઇએ અને ટેનિસ, ક્રિકેટ વગેરે રમતો, રંજનના કાર્યક્રમો, પર્યટનો આદિમાં વિદ્યાર્થીએ ભાગ લેવો જોઇએ. તો જ તેનો સર્વાંગી સંસ્કારવિકાસ થાય. આ દૃષ્ટિથી વિચાર કરીએ તો હાલના સંજોગોમાં વાર્ષિક સરેરાશ ૧૦૦૦થી ૧૨૦૦ રૂપિયા ખર્ચ આવે. એટલે જેટલાં વર્ષોનો કોર્સ હોય તેટલાંની ગણત્રીએ નાણાંની જોગવાઈ પ્રથમ કરવી જ જોઇએ; અને વધારામાં એકાદ વરસ માટે પણ બીજી રકમ જોઈએ.

કૉલેજમાં જનાર વિદ્યાર્થી બુદ્ધિશાળી અને વિવેકી હોવો જોઇએ. સામાન્ય રીતે એસ.એસ.સી.માં બીજા વર્ગમાં પાસ થએલો વિદ્યાર્થી જ કૉલેજ માટે યોગ્ય ગણાય. બી.એ. થવું હોય તો અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી અને ઇતિહાસ-ભૂગોળમાં ૫૦ ટકા માર્ક હોવા જોઇએ. તે જ રીતે વિજ્ઞાન-શાખામાં જવું હોય તો ગણિત અને સાયન્સમાં તેટલા માર્ક જોઇએ. તો જ વિદ્યાર્થી દીપી ઊઠે અને માબાપના ખર્ચેલા પૈસા લેખે લાગે. વળી, કૉલેજમાં બધા જ વિષયો અંગ્રેજીમાં ભણાવાય છે. થોડા વખત પછી ગુજરાતીમાં ભણાવાશે તોપણ અંગ્રેજીનું ઘણું સારું જ્ઞાન જરૂરી રહેશે જ. આ માટે ઉત્કૃષ્ટ રસ્તો એ છે કે એસ.એસ. સી.ની પરીક્ષા થઇ ગયા પછીના ત્રણ માસ વિદ્યાર્થીએ માત્ર અંગ્રેજીનું જ અધ્યયન કરવું. કૉલેજોમાં પ્રોફેસરો જે બોલે છે તે બરાબર સમજવા જેટલી પાત્રતા પણ ન હોય એવા વિદ્યાર્થીઓ હાલ ઘણા હોય છે. એટલે વિદ્યાર્થી જો રજાઓનો સદુપયોગ ખાસ અંગ્રેજીનો અભ્યાસ વધારવા કરે તો તેમને વિશેષ લાભ થાય. અંગ્રેજી સારું આવડતું હોય એવો વિદ્યાર્થી, પોતાના જેટલા જ બાહોશ પણ કાચા અંગ્રેજીવાળા વિદ્યાર્થી કરતાં ચડિયાતો નીવડવાનો એ નિઃશંક છે.

આર્ટ્સ, સાયન્સ વગેરે વિષયોમાં ઘણાઓને એમ જ લાગે છે કે સાયન્સની જ કિંમત છે અને આર્ટ્સની નથી. આ માન્યતા પણ ખોટી છે; કારણકે સાયન્સ સિવાય બીજાં એવાં અનેક ખાતાંઓ હોય છે કે જ્યાં બી.એ.ની પુષ્કળ માગ હોય છે. વળી સાયન્સમાં પણ એન્જિનીઅરિંગ અને ડૉક્ટરી લાઈનમાં ઇન્ટર સાયન્સમાં સામાન્ય રીતે પહેલો વર્ગ મેળવ્યો હોય તો જ જઇ શકાય છે. માંડમાંડ એસ.એસ.સી. થનારાએ એવી ઇચ્છા સેવવી એ ધૃષ્ટતા છે. આ ઉપરાંત, બીજી એક મહત્ત્વની વસ્તુ એ છે કે વિદ્યાર્થીમાં સાયન્સનું જો બિલકુલ વલણ જ નહિ હોય તો ગમે એટલો બુદ્ધિવાન વિદ્યાર્થી તેટલી જ બુદ્ધિવાળા પણ સાયન્સ વિષે જેને પ્રેમ છે તેના કરતાં સાયન્સમાં ઊતરતો જ રહેશે. આથી ઊલટું ખરા આર્ટ્સપ્રેમી વિદ્યાર્થીઓને હવે સારો મોકો છે. ધારો કે એક નિશાળમાં પહેલા પાંચ વિદ્યાર્થીઓ છે. તેમાંના પ્રથમ ચાર જણ આજના વલણ અનુસાર સાયન્સ લે છે. તો પાંચમાએ, પોતાને સાયન્સ ન ગમતું હોય તો, બી.એ. જ થવું. ત્યાં હરીફાઇ ઓછી નડશે અને પોતે વિશેષ આગળ આવશે. એ રીતે આગળ આવનાર બી.એ. ગ્રૅજ્યુએટો માટે સરકારી અને ખાનગી નોકરીઓમાં ખૂબ અવકાશ છે, કેમકે એવા વિદ્યાર્થીઓની બુદ્ધિ વ્યાપક અને વિશાળ હોય છે. ઉચ્ચ સરકારી નોકરીની પરીક્ષાઓમાં આવા ગ્રૅજ્યુએટો જ વિશેષ હોય છે.

અંગત તૈયારી

કૉલેજમાં અભ્યાસ કઈ રીતે કરવો જોઇએ એનો પણ ઘણા વિદ્યાર્થીઓને ખયાલ હોતો નથી. દરરોજ, નિયમિત અને ચુસ્તપણે ત્રણ કલાક તો અવશ્ય અભ્યાસ થવો જ જોઇએ. એમાં રાત્રે પુનરાવર્તન કરાય. વળી પોતાનો વિષય ગમે તે હોય તો પણ બીજા વિષયોનાં પણ એકબે પુસ્તકો દરેકે વાંચવાં જ જોઇએ. તો જ બુદ્ધિનો વિકાસ થાય અને જીવન વધારે સમૃદ્ધ લાગે. આ પ્રમાણે જ વિદ્યાપીઠે નિયુક્ત કરેલી અભ્યાસની ચોપડીઓ એક વખત ખસૂસ વાંચવી જ જોઇએ. ઉપરાંત પોતાની નોંધો (notes) આપમેળે પોતે જ થોડીઘણી તો અવશ્ય તૈયાર કરતાં શીખવું જોઇએ. ડિક્શનેરી, જ્ઞાનકોશ(એન્સાઈક્લોપીડિયા), અને સંદર્ભગ્રંથો(રેફરન્સ બુક્સ)નો ઉપયોગ કરવાનું પણ આજે તો કેટલાકને આવડતું નથી. એટલે આવા સ્વાવલંબનના પાઠો પણ શીખી લેવા જોઈએ. અભ્યાસ કર્યા પછી પણ કાંઈક ગૂંચવણ રહે તો પ્રોફેસરોને વારંવાર પૂછતા રહેવું જોઇએ. એવા રૂબરૂ સંપર્કથી જ્ઞાન વધારે વિશદ થાય છે.

સાયન્સ, મેડિકલ અને એન્જિનીઅરિંગ જેવા કોર્સ માટે તો ખૂબ શ્રમ કરવાની તૈયારી પણ જોઇએ. એન્જિનીઅરિંગમાં આઉટડોરમાં અને સાયન્સ વગેરેમાં પ્રયોગશાળામાં સતત પુષ્કળ વખત ગાળવો પડે છે તેની પણ તૈયારી જોઇએ. એ જ રીતે વ્યાપાર-વાણિજ્ય (કૉમર્સ) જેવા વિષયોમાં સુવાચ્ય હસ્તાક્ષર, વ્યવહારું ગણિત અને એક બેઠકે ચારપાંચ કલાક બેસીને કંટાળો આવે એવું હિસાબનું કામ કરવાની ધીરજ તથા ચિંકટ મન કેળવવાં જોઇએ. તો

વળી આર્ટ્સની બાજુમાં માતૃભાષા તથા અંગ્રેજી ઉપર સારો કાબૂ અને કોઇ પણ વિષય ટૂંકમાં સ્પષ્ટપણે વ્યક્ત કરવાની શક્તિ જોઇએ.

માનવીના, બહિર્મુખ(extrovert) અને અંતર્મુખ(introvert) એવા બે પ્રકારો હોય છે. ખૂબ બોલકણા પહેલા પ્રકારમાં અને શરમાળ કે સંકોચશીલ બીજા પ્રકારમાં આવે છે. ભાવિ કારકિર્દીની પસંદગીમાં આ બાબત પણ ધ્યાનમાં રાખવી. વકીલાત માટે પહેલા પ્રકારના વધારે અનુકૂળ ગણાય. ઉપરાંત તેનામાં ગણિતીની ચોક્કસાઈ અને માનવસ્વભાવનું તથા દુનિયાનું બહુરંગી જ્ઞાન હોવું જોઇએ.

ડિગ્રી અને ડિપ્લોમા

અભ્યાસક્રમો બે પ્રકારના હોય છે: ડિગ્રી કોર્સ અને ડિપ્લોમા કોર્સ. એમાં ડિગ્રી કોર્સ વધારે લાંબો અને ખર્ચાળ હોય છે. ડિપ્લોમાની કિંમત, અલબત્ત, ડિગ્રી કરતાં ઓછી જ ગણાય. પણ ડિપ્લોમા કોર્સ પ્રમાણમાં સસ્તા હોય છે અને કૉલેજના ભારે ખર્ચ ન ખમી શકે તેવાં મધ્યમ વર્ગનાં માબાપો માટે પાલવે એવા હોય છે. માણસમાં જો ઝવેરાત હોય તો એ અભ્યાસથી પણ તે આગળ આવી શકે છે. દાખલા તરીકે એમ.બી.બી.એસ.નો ડૉક્ટરી કોર્સ બહુ જ ખર્ચાળ છે અને એકંદરે આઠ વર્ષે બારેક હજાર રૂપિયાના ખર્ચે પૂરો થાય એમ મનાય. પણ સાદો આયુર્વેદનો કોર્સ ચાર વર્ષે અને ચારેક હજારના ખર્ચે પૂરો થાય. એવો વૈદ્ય જો સારો હોય તો થોડાં જ વર્ષોમાં આગળ આવે અને માસિક ત્રણસોક રૂપિયા સહેલાઈથી મેળવી શકે.

વળી આપણા ગરીબ દેશમાં ઘણી મોટી આવક આપતી ઉચ્ચ જગ્યાઓ ઓછી જ રહેવાની અને પ્રમાણમાં ડિપ્લોમાવાળાની જરૂર વધારે પડવી જોઇએ. મને તો એમ લાગે છે કે આપણી યુનિવર્સિટીઓએ એવા બેત્રણ વરસના ડિપ્લોમા-કોર્સ વધારે રાખવા જોઇએ અને ડિગ્રી કોર્સ કડક રાખી તે ઓછા કરવા જોઇએ.

કૉલેજો સિવાયનું શિક્ષણ

કૉલેજોમાં જેઓ ન જઈ શકે તેવાઓએ પણ નિરાશ થવાની જરૂર નથી. આ દેશમાં બાહોશ કારીગરો (skilled workers)ની આજે અછત છે. શ્રી રાજગોપાલાચાર્યે પણ કહ્યું છે કે આ દેશમાં ધીમે ધીમે જે સમાનતા આવવાની છે તેથી જેઓ કેવળ બુદ્ધિજીવી હશે એવા લોકોને બેકારી ભોગવવી પડશે, ને તેથી શ્રમની મહત્તા સમજવી જોઇએ. એટલે કૉલેજોમાં ન જવાય તોપણ યંત્રો, રેડિયો, મિકૅનિક્સ વગેરેની શાળાઓમાં જોડાઈ જવું. ને તેમાં દાખલ થવામાં નાનમ નથી.

ભવિષ્યનો ખયાલ

કોઈ પણ કોર્સ લીધા પછી ચોક્કસ નોકરી કે ધંધો મળશે ખરો એવો સવાલ ઘણા વિદ્યાર્થીઓ મને પૂછે છે. પણ એની કોઈ જડીબુટ્ટી હોઈ શકે નહિ. વિદ્યાર્થીએ એટલું જ ધ્યાનમાં રાખવું કે જીવનમાં તનમનધનથી પુરુષાર્થ આદરવો એટલું તો પોતાના હાથમાં છે જ; અને શ્રદ્ધાપૂર્વક કર્તવ્ય કરનારનો પરિશ્રમ કદી એળે જતો નથી. એટલે શું થશે એવી નકામી ચિંતા કર્યા વિના ચુસ્ત ધ્યેયનિષ્ઠાથી જીવન-વિકાસના બધા નિયમો સંપૂર્ણરીતે અમલમાં મૂકી તે માટે તનતોડ પ્રયત્ન કરવો. એવાઓને યોગ્ય તક જરૂર મળે છે એટલી શ્રદ્ધા બસ છે.

ધંધાની પસંદગી કરતી વખતે ૮-૧૦ વર્ષ બાદ જેમાં માતબર સ્થિતિ થાય અથવા રહે એવો ધંધો પસંદ કરવાની દૃષ્ટિ પણ રાખવી અને ધંધો પોતાના માનસિક વિકાસને અવકાશ આપનારો છે કે કેમ તે પણ જોવું. વળી બધાને જ કંઈ હજાર રૂપિયા પગાર મળી શકે નહિ, એટલે એવા હવાઈ કિલ્લા બાંધવા કરતાં સત્ય વસ્તુસ્થિતિ શી છે તે બરાબર સમજીને કોર્સ ઠરાવવો. જીવનમાં પૈસા ઉપરાંત બીજી પણ અનેક એવી વસ્તુઓ હોય છે કે જે સાત્ત્વિક આનંદ આપે છે અને આપણા માનસિક સમાધાન તથા આયુષ્ય બંનેમાં વધારો કરે છે.

નિશાળોનું કર્તવ્ય

આપણી માધ્યમિક શાળાઓ પણ ઘણું માર્ગદર્શન આપી શકે. એ માટેનું સાહિત્ય અંગ્રેજીમાં તો પુષ્કળ છે. ઉપરાંત ગુજરાતમાં જે જે શિક્ષણસંસ્થાઓ છે તેની માહિતી પણ તે ભેગી કરી શકે અને પોતાના વિદ્યાર્થીઓની લાયકાત, વલણ વગેરેની નોંધ કરતા રહી તેનાં માબાપો તથા પાલકોને બોલાવીને તે વિષે તેમની સાથે ચર્ચા કરે. ઉપરાંત જુદીજુદી શાખાઓના વિદ્વાનોને આમંત્રી તેમનાં એ વિષે માર્ગદર્શક વ્યાખ્યાનો કરાવે. (ચાલુ)

ગયા અંકમાં આ લેખમાળાની જાહેરાત કરતાં 'કુમાર'ના તંત્રીશ્રીએ મારા વિષે જે લખ્યું તે માત્ર તેમનો સદ્ભાવ છે. આ લેખમાળા વિષે મહત્ત્વની વાત એ છે કે આમાં ખાસ મારું પોતાનું કશું નથી. આજ દસ વરસથી આ પ્રકારના લેખો ને પુસ્તકો દ્વારા મેં મહારાષ્ટ્રી વિદ્યાર્થીઓને માર્ગદર્શન કરાવ્યું છે અને 'કુમાર'નાં પૃષ્ઠોની મર્યાદામાં રહી આ વિષયની ટૂંકમાં માહિતી આપવાનો આ પ્રયાસ છે. છતાં આ લેખમાળા ગુજરાતી વિદ્યાર્થી મિત્રોને થોડીઘણી ઉપયોગી થશે જ એવી મારી શ્રદ્ધા છે. તે માટે સરકારની 'વોકેશનલ ગાઈડન્સ બ્યૂરો'ની પત્રિકાઓની તથા એવાં જ બીજાં પુસ્તકો અને સરકારી ખાતાંઓની મેં મદદ લીધી છે એ ઋણસ્વીકાર કરવો જોઇએ.

ધંધાર્થી માર્ગદર્શન વિષેનું એક ઉપયોગી પ્રકાશન

પ્રગતિશીલ શિક્ષણપ્રણાલિના પુરસ્કર્તા માસિક 'નૂતન શિક્ષણ'ને પ્રકટ થયે ગયા મે માસમાં ૨૦૦ મહિના પૂરા થયા એ પ્રસંગે તે તથા તે પછીના (જૂન'પર સુધીના) બીજા ત્રણ અંકોના ખાસ વિષય તરીકે 'ધંધાર્થી માર્ગદર્શન'ને પસંદગી આપી તદ્વિષયક લેખો તથા માહિતીઓ સંપાદિત કરીને એ માસિકે દળદાર અંક બહાર પાડેલો. તેમાં શિક્ષણ અને ધંધાર્થી માર્ગદર્શનના સંબંધો ચર્ચતા ઉપયોગી લેખો સાથે એ વિષયના અભ્યાસક્રમો તથા તેનું શિક્ષણ આપતી સંસ્થાઓનો પરિચય તથા યાદી આપવામાં આવ્યાં છે. મૅટ્રિક કે એસ. એસ. સી. પછીના અભ્યાસક્રમો, તેની આવશ્યકતા, મહત્તા તથા ઉપયોગિતા દર્શાવવા સાથે જે તે ખાસ વિષયોની તાલીમ આપતી સંસ્થાઓ, તેમાંના અભ્યાસક્રમનો સમય તથા તેમાં લાગતા ખર્ચની વિગતો પણ તેમાં સમાવાઇ છે. મહિલાઓ માટેના પણ અનેક નવા વ્યવસાયોનો પરિચય, તેની શક્યતાઓ ને મહત્ત્વ તથા ઉપયોગિતા સાથે આવકના અંદાજ આપતી અનેક ઉપયોગી માહિતીઓ પણ તેમાં છે. ત્રણે સંકલિત પ્રકાશનની કિંમત રૂ. ૨; પ્રકાશક: ચંદ્રવદન શાહ, જીવનભારતી, સૂરત.

એક મફત પુસ્તિકા

એવું જ એક બીજું પ્રકાશન 'અંગુલિદર્શન' નામથી (લેખકો 'પ્રશાંત' અને બદ્રી ભટ્ટ) બહાર પડયાનું બદ્રી ભટ્ટ જણાવે છે, જે મૅટ્રિક ભણતા વિદ્યાર્થીઓને મફત વહેંચી દેવાનું છે. તેમાં ટેકનિકલ તેમજ નૉનટેકનિકલ અભ્યાસક્રમોની સંપૂર્ણ માહિતી ઉપરાંત શિષ્યવૃત્તિઓ, લોન વગેરે મદદ આપતી સંસ્થાઓની વિગતો તથા અભ્યાસક્રમના ત્રણ નકશાઓ (Career charts) આપેલા છે. પૃ. ૬૬+૧૨. ટપાલખર્ચ માટે ૦-૦-૯ની ટિકિટ નીચેને સરનામે બીડવાથી મળશે. શ્રી મૂળજીભાઈ ના. ભટ્ટ ચોરંદા, વાયા મિયાગામ, જિલ્લો વડોદરા.

આ ઉપરાંત મુંબાઈ સરકારના વોકેશનલ ગાઇડન્સ બ્યૂરો (ઠે. ધોબી તળાવ સામે મુંબાઇ) તરફથી પણ ધંધાર્થી શિક્ષણ માટેની માહિતી આપતી પત્રિકાઓ મળે છે.

કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરની આત્મકથા જોડાસાંકોર ધારે

શ્રીમતી રાણીચંદના બંગાળી ઉપરથી અનુવાદક રમણિક મેઘાણી

૧૩ દખણાદો વરંડો

તમે કદાચ વિચારતા હશો કે હું ઘરમાં–સ્ટુડિયોમાં બેઠો બેઠો જ ચિત્રો દોરતો હોઈશ. પણ એવું નથી. વરંડામાં એક બાજુએ હું બેસતો ને બીજી બાજુએ વિદ્યાર્થીઓ બેસતા. મારો મુસ્લિમ વિદ્યાર્થી શામિકરૂદ્દીનમાં એક બાજુ આસન લઇ આખો દિવસ ચીતરતો રહેતો ને સાંજ પડતાં મક્કા તરફ મોં કરી નમાઝ પણ એ વરંડામાં જ ભણી લેતો. દક્ષિણ તરફના એ વરંડામાં સહુ આવે, બેસે, ચિત્રો ચીતરે અને ગીતો ગાય, ને વાતો પણ ચાલે. અને એ રીતે જ હું ચિત્રો ચીતરવા ટેવાયો છું. પેલો પાગલ અવિનાશ પણ આવતો. પોતાનો ખેલ દેખાડવા સાથે જાતજાતના લોકોને તેડી લાવતો. એક દિવસ વળી એક જણ આવ્યો, તે 'ફૂ' કરતોક ને આખા મકાનને ગુલાબની સુવાસે મહેકમહેક કરી દઇ ચાલ્યો ગયો! વરંડો જાણે જીવતું જાગતું એક મ્યૂઝિયમ હતું. ત્યાં જાતભાતના લોકો જોવા મળતા. બહાર નીકળ્યા વિના જ આ બધું થતું, તેઓ આપમેળે જ ત્યાં આવતા.

એમાં એક હતો પૂર્ણ મુખુજ્જે. માથે લગભગ વાળ જ નહિ. ચાંચવાળું પોપટિયા નાકવાળું મોં. એ મરતો હતો. બાને બોલાવીને કહે, 'મા, મારે ગંગાયાત્રાએ જવું છે.' બાએ અમને કહ્યું, 'આને ગોઠવણ કરી દેજો.' ને અમે ગોઠવણ કરી આપી. માણસ મરી જાય અને જે રીતે એને ઠાઠડી બાંધીને લઇ જાય તે રીતે જ એને કાઢી જવામાં આવ્યો. બીજે માળથી બા ઊભીઊભી જુએ છે, પહેલે માળથી અમે જોઈએ છીએ. બુઢ્ઢો ઠાઠડીમાં સૂતોસૂતો જુએ છે. ઉપર માને જોતાં જ તેણે બે હાથ જોડીને પ્રણામ કર્યા અને માથું હલાવીને ઇશારાથી અમને પણ કહ્યું કે જાઉં છું. મહેતાજી તેને ખભે ઉપાડીને હરિ બોલો કરતા કાઢી ગયા. આ બધુ વરંડામાંથી જ દેખાતું. જાણે બૉક્સમાં બેઠાબેઠા એકએક દૃશ્ય જોતા હોઈએ. પારસનાથનું સરઘસ જોયું, લગનનો વરઘોડો જોયો ને જીવતઃજીવત પૂરણને કાઢી જતાં જોયો.

મોતીબાબુની છબિ તો તમે જોઈ છે ને? એ મોટાભાઇએ ચીતરેલી. ખુરસી ઉપર બેઠાબેઠા એ બુઢ્ઢો હોકો ગડગડાવી રહ્યો છે, હોકો પીતાંપીતાં તેની મૂછો પણ સોનેરી થઇ ગએલી. સવારે કલાવિષયક કામકાજ થતું, અને સાંજે એ મોતીબાબુ સાથે અમે ગીતોની ચર્ચા કરતા મેહફિલ જમાવતા. હું મેંડોલીન કે ઈસરાજ વગાડું અને એ પાંચાલી અથવા શિવવિવાહનાં ગીતો ગાય. બહુ રસિક માણસ હતા. દીકરાના વિવાહ ટાણે માંડવો નાખવાનો હતો. પણ મોતીબાબુ વિના બીજું કોઈ એ કામ સંભાળી શકે તેમ નહોતું. શહેરમાં ક્યાંના ક્યાંય ફરીને કારીગરને ભેગા કરી નકશા મુજબ માંડવો બંધાવે અને પોતે એક બાજુ બેઠાબેઠા હોકો ગગડાવે. મૃત્યુ પછી યે આ મોતીબાબુ એક વાર દેખાયા હતા. એ એક અજબ વાત છે.

એક વાર એ ખૂબ જ માંદા પડી ગએલા. એમના દીકરાએ આવીને કહ્યું કે હવે બચશે નહિ. એ તેમને દેશમાં લઇ ગયો. પછી કંઇ ખરખબર આવ્યા નહિ. મને થયું કે શું થયું હશે? ઘણા દિવસ પછી એક દિવસ એ પાછા આવ્યા. તાજામાજા અને લાલગુલાલ ચહેરા સાથે. મેં પૂછ્યું, 'આવા ગુલાબી ક્યાંથી થઈ આવ્યા?' એમણે કહ્યું, 'આ વખતે તો પાછા ઊઠવાની વાત જ નહોતી. ખૂબ પીડાતો હતો; ડાકટર વૈદ્યની દવા ખાતો હતો પણ કોઇ રીતે કંઇ ફેર પડતો નહોતો. છેવટે એક દિવસ ગામના ગોસાંઈએ આવીને કહ્યું કે 'ઠાકુર, આ દવાબવાથી કાંઇ નહિ વળે. મારી એક દવા ખાશો? થોડોક શેરવો બનાવીને રોજ લેતો આવીશ. ઘણા દિવસથી હેરાન થતો હતો એટલે તેને હા પાડી. અને એ શેરવો ખાતાંખાતાં જ આ તમે જુઓ છો તેવો ચહેરો બની ગયો.' મેં કહ્યું, 'એ તો બહુ સારું! હજુ યે થોડોથોડો ચાલુ જ રાખજો. બબરચી બનાવી દેશે.' એણે કહ્યું. 'ના, હવે જરૂર નથી.' પણ એ પછી જ્યારે ખરાખરીનો સાદ પડ્યો ત્યારે એ ગયા અને પાછા ન જ આવ્યા. એ વખતે પણ એ માંદા પડ્યા અને દીકરો તેમને દેશમાં લઈ ગયો,–લગભગ પરાણેપરાણે. ઘણા દિવસ સુધી કાંઈ ખબર ન મળ્યા. વિચારતો હતો કે આ વખતે પણ એકાએક આવીને ઊભા રહેશે. સવારે વરંડામાં બેઠો હતો, ત્યાં એક માણસ ધીરેધીરે બગીચામાં પ્રવેશ્યો. જોઉં તો મોતીબાબુ! નોકરોને કહ્યું, 'એ ય જુઓ, જુઓ, મોતીબાબુ આવે છે. તમાકુ-પાણી તૈયાર કરી રાખો.' નોકર નીચે દોડ્યો. જઇને જુએ તો કોઇ ન મળે! મેં કહ્યું, 'મેં મારી સગ્ગી આંખે, ધોળે દિવસે એમને બગીચામાં આવતા જોયા છે ને! જરા સરખી રીતે જો; આજુબાજુ હશે. જાય ક્યાં?' પણ એ શોધ્યા ન જ મળ્યા! બેચાર દિવસ પછી એમના દીકરાએ આવીને ખબર આપ્યા કે તેમનું અવસાન થયું છે. એમને ય આ વરંડાનું આકર્ષણ હતું!

એ દખણાદા વરંડાની માયામમતા શું વૃદ્ધ કે શું બાળક કોઈ મૂકી શકતું નહોતું. ઈશ્વરબાબુ આવતા: દ્વારકાનાથ ઠાકુરના વખતના જહાજ જેવા જબ્બર કોચમાં બેસીને. નાનપણમાં એમની પાસે એ જમાનાની વાતો ઘણી યે વાર સાંભળી છે. બરાબર મુકરર જગ્યાએ જ એમની પાટ રહેતી. તે જરાતરા ખસતાં તો એ હોહા કરી ઊઠતા. કોઇક કોઇક દિવસ અમે તોફાન કરીને એમની એ જગ્યા પચાવી પાડતા, અને ત્યારે એ કહેતા, ભાઇ, મારી જગ્યાએ શા માટે? બીજી કોઇ પાટ એમને પસદ નહોતી. પોતાની પાટ ઉપર જ 'હા...શ' કરીને બેસતા. એ 'હા...શ' કેટલી નિરાંત–આરામની હતી! આવતાં જતાં બગીચાના ઘાસ ઉપર એ પગ લૂછતા આવતા—એ જ એમનું પગલૂછણું હતું. એ ઇશ્વરબાબુ માંદા પડ્યા. ૮૦ વર્ષે આંખનું ઑપરેશન કરાવ્યું. આંખો સારી થઈ. રોજનાં છાપાં પણ વાંચતા. એક દિવસ કહે, 'ખબર છે ભાઇ, મને ઘરડેઘડપણ દાંત ફૂટ્યાં છે! નવો અવતાર મળ્યો છે. બહુ જ સ્ફૂર્તિ લાગે છે.' એ નવીનબાબુને ઘેર છે. અવારનવાર જઇને એમને જોઇ આવું છું. એ કહે છે, 'બહુ જ સારું છે ભાઈ! હવે તો આવતી કાલે જ આવીને બેસીશ તમારા વરડામાં.' છેક મૃત્યુને દિવસે પણ એમણે કહેલું કે આવતી કાલે તો વરંડામાં આવીશ જ. પણ એ ફરી ન આવી શક્યા.

પૂર્ણબાબુની જેમ ઈશ્વરબાબુને કાઢી ગયા એ પણ એ વરંડામાંથી જોયું હતું. એમની વાંસની લાકડી એ મને આપતા ગયા હતા. એ જૂની લાકડી હતી. માથે એક પથ્થર બેસાડ્યો હતો. એમણે જાતે જ એ કારીગરી કરી હતી. બાળપણમાં એ પથ્થર કાઢી લેવા હું મહેનત કરતો ત્યારે એ કહેતા કે રહેવા દે ભાઈ, રહેવા દે. લાકડીમાં એક મોરલો છે, ઢાંકણાનો આ પથ્થર કાઢી લઇશ તો એ ઊડી જશે! મુર્શિદાબાદના ખાસ વાંસની બનેલી એ દરવાની લાઠી હતી. નાટકમાં એમને દરવાન થવું પડતું ત્યારે એ લાઠી કામ લાગતી. એ કહેતા કે આ ઘરમાં આ દાઢી રાખવાનો ચાલ મારાથી શરૂ થયો છે. એ લાકડીમાંથી જ મોટા ભાઈના એક ચિત્રને મેં મઢ્યું હતું.

નવીનબાબુ એક રમૂજી માણસ હતા. શરત મારીને ચાલુ મેઇલ ટ્રેઇન થોભાવીને એમણે નોકરી ગુમાવેલી. વાથી પંગુ બનીને ઘરમાં સૂતા હતા. ચોર ઘરમાં પ્રવેશીને નજર સામેથી બધું જ કંઈ ઉપાડી ગયા, પણ હાલવાની શક્તિ નહિ! બૂમરાણ કર્યું. પણ કંઈ કામ ન આવ્યું. પત્ની સાથે જરાક ઝગડો થાય કે તુરત નોકર પ્રેમલાલને બોલાવે, ને કહે, 'મારી છરી લાવ તો. આજે હવે ગળામાં હુલાવી જ દઉં. હવે વધુ જીવવું નથી.' નોકર એકદમ અણિયાળી છરી લાવીને પાસે મૂકે કે તરત કહે 'આ શા માટે? મારી પેન્સીલ કેરી કાપવાની બુઠ્ઠી છરી લઈ આવ!' આવી તો એમની કેટલી યે વાતો છે. એ પણ ગયા.

માના મોટા પૌત્ર, મોટાભાઈના મોટા પુત્ર ગુપુનાં લગ્ન થયાં. દક્ષિણ બાજુના વરંડામાં અને માંડવામાં ચારે બાજુએ ઝુમ્મરદીવા ને રંગીન ફાનસો મૂકીને મોતીબાબુએ એકદમ ગંધર્વનગરી ખડી કરી દીધી હતી. નૃત્ય, ગીત અને દેખાવ વડે અંદર-બહાર, નાચઘર-બગીચો-વરંડો,—જોડાસાંકોનું આખું ઘર ઝળહળી ઊઠ્યું હતું.

એ પછી કલકત્તામાં પ્લેગ આવ્યો, ધરતીકંપ થયો. જોડાસાંકોનું મકાન મૂકી ચોરંગી ઉપર રહેવા ગયો. ત્યાં ગુપુ મેનિનજાઇટિસમાં માના ખોળામાં માથું મૂકી સદાને માટે ચાલ્યો. મા એની નાની વહુને હૈયે ચાંપીને રડયાં હતાં: 'મારો બધો જૂનો શોક આજે હૈયામાં તાજો થાય છે.' અને પછી ફરીથી હું દખણાદા વરંડાવાળા મૂળ જોડાસાંકોના મકાનમાં રહેવા ચાલ્યો ગયો.

જબ્બર ઝંઝાવાત પછી યાત્રાળુઓને લઇને જહાજ પાછું બંદરે લાંગર્યું હતું. માનું મન અસ્વસ્થ હતું. એમને કઈ રીતે શાન્તિ મળે એ જ ચિન્તા હતી. ત્યારે મા અમારે માટે એવી ચિન્તા કરતાં હતાં. દિવસો એમ વીતતા હતા. એવામાં દિનેશબાબુ આવ્યા. એ એક દિવસ ક્ષેત્રનાથ ચુડામણિને બોલાવી લાવ્યા. નક્કી થયું કે રીતસર ભાગવતની કથા કરાવવી. માને કહીને બધી ગોઠવણ કરાવી. કથાકાર માટે નાચ-ઘરમાં આસન ગોઠવાયું. કથકઠાકુર આસન જમાવીને બેઠા. બાળક-બુઢ્ઢાં, નોકર-દાસી, સગા-વ્હાલાં, આત્મીય-સ્વજન સહુને સમાચાર પહોંચાડયા કે કથા થશે. મહિનાઓ સુધી એ ચાલુ રહી. કથાકાર ક્ષેત્રનાથે ખૂબ જમાવટ કરી. સળીવાળા પડદાની આડશે ગુપુની વિધવા વહુને પાસે બેસાડીને મા સાંભળવા બેસતાં. ક્ષેત્રનાથની કહેણી અદ્ભુત હતી, એનું ગળું પણ મીઠું હતું. વરંડાની જોડાજોડ આવેલું નાચઘર ત્યારે ઝંખવાતી ગંધર્વનગરી જેવું મ્લાન-ઉદાસીન જણાતું. તેમાં જ ક્ષેત્રનાથ કથક માના મનની સ્થિતિ મુજબ એક પછી એક ભાગવત-કથા કહ્યે જતો હતો. આ રીતે લગભગ એક વરસ ગયું.

તે પછી એક દિવસ રવિકાકાએ પરગણાથી પાછા ફરતાં આવીને કહ્યું, 'શિવુ કીર્તનીને બોલાવી ગીતો સંભળાવું. તારી બાને એ બહુ ગમશે. મેં પણ એવાં ગીતો કદી સાંભળ્યાં નથી.' અને એને બોલાવાયો. એણે અજબ રંગ જમાવ્યો. હતો તો કીર્તનિયો, પણ સાચે જ કલાકાર હતો. મોટાભાઇએ દોરેલું એનું ચિત્ર છે. હૃષ્ટપુષ્ટ ચહેરો હતો એનો. ગોવાળિયાનાં ગીતો એ કઇ રીતે ગાશે એ જ હું વિચારતો હતો. પણ જ્યારે તેણે એ...એ...કરીને સુરાવટ શરૂ કરી અને આવા—આવા—કહેતાં ગોવાળબાળનું ગીત શરૂ કર્યું ત્યારે હું અવાક્ થઈ ગયો. ઘણા દિવસો સુધી એ ગીતો ચાલ્યાં હતાં. મથુરાથી લઇને આખી યે કૃષ્ણલીલા એણે સંભળાવી હતી.

ત્યારે ક્ષેત્રનાથ કથકને રજા અપાઇ. એ કહેતો ગયો કે રવિબાબુએ આવીને મારી જમાવેલી મિજલસ વીખી નાખી. મારી પાસેથી એક ચિત્ર એ માગી ગએલો. એના વર્ણન મુજબ જ એક કમળના ફૂલ ઉપર ઊભેલા બાલકૃષ્ણનું એ ચિત્ર હતું. એ કહેતો હતો કે હું એની પૂજા કરીશ. તેની સાથે એ છબિ કાશી ગઇ. તે પછી એના અવસાન બાદ એ છબિ કોના હાથમાં ગઇ એની ખબર નથી. પણ થોડા દિવસ પહેલાં એ ક્યાંક છપાએલી જોએલી.

તે પછી એક દિવસ બાએ પણ વિદાય લીધી. મોટાભાઇ પણ જોડાસાંકોના મકાનને શૂન્ય કરીને ચાલ્યા ગયા.

ધીરેધીરે કરતાં અમારા દક્ષિણ વરંડાના જલસાઓ બંધ થયા. રવિકાકા સાથે લખનૌ ગયો હતો. ગોમતી ઉપર બાદશાહના આમ-દરબારના ભગ્ન સ્તૂપ ઉપર બેઠાંબેઠાં અમારા દક્ષિણ વરંડાના દિવસો યાદ આવ્યા. ત્યાર પછી જ્યારે એ વરંડો ખરેખર ખંડેર બની ગયો ત્યારે પણ એની ગાથા મૂકી મુકાતી નહોતી. ભાઇ, બંધુ, સંગી, વિદ્યાર્થી બધા ચાલ્યા ગયા છે. આવા મોટા શૂન્ય મકાનના એ દક્ષિણ વરંડામાં એકલો બેઠોબેઠો હું પૂતળાં બનાવતો. વિચિત્રતા વિહોણા જીવનમાં એટલી વિચિત્રતા ત્યારે પણ અવશેષ હતી.

એવે વખતે એક દિવસ ફેલાવતી આવી ઊભી. એ નાનકડી છોકરી ક્યાંથી આવી તેની ખબર નહોતી. પણ એનો ચહેરો નિર્દોષ હતો. મેં એને પૂછ્યું, 'કોણ છો તું?' 'હું ફેલા.'

'ઓહ! ફેલ્યા? ત્યારે અહીં આવ.'

એને જોતાં બહુ આનંદ થયો. જ્યારે ફગાવી દીધેલી વસ્તુઓને ફંફોળતો હતો, એને નવું રૂપ આપતો હતો, ત્યારે આ ફેલાવતી આવી. એને પૂછ્યું, 'ક્યાંથી આવે છે? તારું ઘર ક્યાં?'

'આ અહીંથી જ—પણેથી.' કહેતાં જ તેણે રસ્તાના નાકા તરફ આંગળી ચીંધી.

'તારે કોણકોણ છે?' 'મા છે.'

'શું નામ?' 'કૌમુદી.'

'બાપાનું નામ?' 'વસંત.'

વિચારું છું કે આ કઇ ફેલા હશે? એ માણસ હોય એવું લાગ્યું નહિ. મેં એને પૂછ્યું, 'શું જોઇએ છે તારે?'

'હું અહીં બેસીને જરાક રમું?'

'ભલેને! રમ તું. તારે સંદેશ ખાવો છે?' 'ખાઈશ.'

રાધુને કહ્યું, 'રાધુ, મારી ફેલા માટે એક સંદેશ લઈ આવ.' ને મોં ફેરવી તે ચાલ્યો ગયો અને એક સંદેશ અને શકોરામાં પાણી લઈ આવ્યો. સંદેશ ખાઇને પાણી પીને શકોરું એક કોર મૂકી દીધું.

'કેવું લાગ્યું?' મેં પૂછ્યું.

ફેલાએ કહ્યું, 'તમારો સંદેશ તો કેવો છે? લોટ જેવો! ગળામાં તો ચોંટી જાય છે. મારાં બા જે સંદેશ આપે છે તે તો ઝટ દઇને ગળા નીચે ઊતરી જાય છે. એ વધુ સારો હોય છે.'

'ઠીક; સારું!' એ રીતે રોજ એ આવતી. સંદેશ ખાતી, રમતી અને રમાડી જતી. હું એને લાકડાના લખોટાઓ દેતો અને તે એનાથી રમ્યા કરતી. હું બાજુના ટેબલ ઉપર ઢીંગલીઓ બનાવ્યા કરતો. એ કહેતી, 'આ બધાં સાફ કરીને રાખું?'

'તે રાખને!' એ એને ઝાપટીને પછી તેના ઉપર હાથ ફેરવતી. મેં એને પૂછ્યું, 'તારે એક રાખવી છે?'

'ના; ઢીંગલી રાખીને શું કરું? એના કરતાં મને લાકડાના લખોટા આપો.'

'એને શું કરીશ.'

'ભાઇને દઇશ.'


ક્યારેક એ જૂના પસ્તીના કાગળો માગતી. એ તેના બાપને દેશે. બાપ એની કોથળીઓ બનાવી ને વેચશે. ક્યારેક વળી ચાના જૂના ડબ્બા માગતી. મા એમાં મસાલા ભરશે. (અનુ. પૃ. ૨૪મે)

ટિકિટસંગ્રહ

આ યુગનો એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની તથા ટિકિટો વિષે બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

ગયે વરસે ૩૪૩મા અંકમાં જણાવ્યા પ્રમાણે એક રીતે હિંદી ટિકિટની શતાબ્દી ગયા જુલાઇમાં આવી ગઇ. ઇ. ૧૮૫૨ના જુલાઈમાં સિંધના ગવર્નર સર બાર્ટલ ફ્રીઅરે, માત્ર પોતાના પ્રાંત પૂરતી જ 'સિંધ ડાક' નામની ગોળ સીલ (મહોર) જેવી ઉપસેલા અક્ષરોવાળી ટિકિટો કાઢેલી, તે હિંદમાં જ નહિ, પણ ઍશિયાભરમાં પહેલી ટપાલની ટિકિટ હતી. પણ તે માત્ર સિંધ પ્રાંત પૂરતી જ હતી, ને ઇં. ૧૮૫૪ના ઑક્ટોબરમાં હિંદ સરકારે સમસ્ત દેશ માટે રાણી વિક્ટોરિયાની છાપવાળી એકસરખી ટિકિટો કાઢવાથી તે બંધ થઇ ગએલી. પરંતુ સિંધ આજે પાકિસ્તાનમાં આવેલું હોવાથી પાકિસ્તાનની સરકારે એ પ્રસંગને સ્મરણાંકિત કરવા પોતાની નવી શતાબ્દી ટિકિટ હમણાં કાઢી છે તેનું ચિત્ર સાથે આપ્યું છે. એમાં મથાળે જમણી બાજુએ દેશના પ્રતીક ચાંદતારાની સામે, ડાબી બાજુ સિંધની એટૂંકજીવી પણ પહેલી ટિકિટનું ચિત્ર આપેલું છે.

હિંદની પહેલી ટિકિટ 'સિંધ ડાક'ની શતાબ્દી નિમિત્તે પાકિસ્તાને બહાર પાડેલી ટિકિટ, જેની વિગતો આ લેખમાં આપી છે.



તે પર ચોમેર વર્તુલાકારમાં Scinde District Dawk એવા અક્ષરોની વચ્ચે 'ઈસ્ટ ઇંડિયા કંપની'નો વેપારી માર્ક હતો. એ માર્કમાં અંગ્રેજી અંક 4ની પૂંછડીને લાલ બદામ (પશ્ચિમની હૃદયાકૃતિ)ના ઘાટમાં વિસ્તારી, તેમાં ત્રણ ભાગ પાડી, ઈસ્ટ ઇંડિયા કંપનીના પ્રથમાક્ષરો E. I. C. મૂકેલા હતા, ને તેની નીચે ½ annaની કિંમત લખેલી હતી. આવા 'વેપારી માર્ક યુરોપના જૂના મધ્ય કાળના વેપારીઓ શુકનની સંજ્ઞાઓ તરીકે યોજતા, જે પ્રથા ધીમેધીમે ઘસાની ગઇ ને સિંધની ટિકિટ પર એ એનું છેલ્લું દર્શન હતું.

વૉટર-માર્ક

ચલણી નોટોમાં છાપ્યા વિનાના કોરા ભાગમાં દેખાતી રાષ્ટ્રચિહ્નની રંગવિહીન છાપ સૌએ જોઈ હશે. અન્ય પણ ઘણાખરા કાગળને પ્રકાશ સામે ધરતાં દેખાતી, તે બનાવનાર કંપનીના નામની, દેશની કે તેની કોઇ સંજ્ઞાની એવી જ રંગવિહીન છાપથી પણ સૌ પરિચિત હશે. એ છાપને 'વૉટર માર્ક' કહે છે. કાગળ બનાવતી વખતે જ તેનો માવો સુકાયા પહેલાં ફક્ત દાબ આપી એ છાપ ઉપજાવી લેવાય છે. સુકાઈ જતાં એ રંગવિહીન દાબ સામાન્ય રીતે તો નથી દેખાતો. પણ દાબને લીધે એટલા ભાગ પૂરતો કાગળ સ્હેજ પાતળો પડી જતો હોઈ એને પ્રકાશ સામે ધરતાં અર્ધપારદર્શક લાગતી એ છાપ જોઇ શકાય છે. દસ્તાવેજો, ચલણી નોટો વગેરેના સરકારી કાગળો દરેક રાષ્ટ્ર ખાસ પોતાને માટે જુદા જ બનાવડાવી તેના પર પોતપોતાના વિશિષ્ટ વૉટરમાર્ક્સ છાપે છે. જેથી તેમાં દગો થઇ શકતો નથી.

ચલણી નોટોની માફક ટપાલની ટિકિટો માટેના કાગળો પણ દરેક રાષ્ટ્ર પોતાના વિશિષ્ટ વૉટરમાર્કવાળા જુદા બનાવે છે. દેશે દેશના આવા વૉટરમાર્કની વિશિષ્ટતાને લીધે એનો અભ્યાસ પણ એક રસપ્રદ વિષય છે. વળી ટિકિટોના આવા કાગળો વાપરવામાં પણ, ટિકિટોની છપાઇમાં થઈ જતી અન્ય ભૂલોની માફક, ક્યારેક ભૂલો થઇ જવા પામે છે, અને એથી એવી ભૂલોવાળી ટિકિટોના મૂલ્યાંકનનો આંકડો પણ છત-અછતના પ્રમાણમાં ઊંચોનીચો રહી ટિકિટ-સંગ્રાહક માટે એ બહુ અગત્યની વસ્તુ બની રહે છે.

ટિકિટો પરના આ વૉટરમાર્ક પણ, અન્ય કાગળ પેઠે તેને પ્રકાશ સામે ધરતાં જોવા મળે છે; છતાં ક્યારેક ટિકિટની છપાઈમાં વપરાએલી શાહીને કારણે તે બરાબર સ્પષ્ટ નથી પણ દેખાતા. આવે વખતે કાળા કે એવા કોઈ ઘેરા રંગની ટિકિટને, આંચ ન આવે એવી સપાટી પર ટિકિટને ઊંધી મૂકી જુદેજુદે દૃષ્ટિકોણેથી જોતાં તેનો વૉટરમાર્ક દેખાય છે. આમ પણ જો એ જોવામાં ન આવે તો તેને માટે સર્વોત્તમ ઉપાય એ છે કે એ ઘેરી સપાટી પર ઊંધી મૂકેલી ટિકિટની પીઠ પર બેન્ઝાઈન અથવા ઊંચી જાતના પેટ્રોલનાં એકબે ટીપાં પાડવાં. આથી ટિકિટનો વૉટરમાર્ક અવશ્ય દેખાશે. અને વળી બીજો ફાયદો એ પણ થશે કે બહુ જૂની મેલી ટિકિટો આનાથી સાફ થશે. પણ આમ કરતાં પહેલાં બેન્ઝાઈન અથવા પેટ્રોલને લીધે ટિકિટની છાપ તો નથી બગડતીને તેની ખાતરી કરી લેવી ખાસ જરૂરી છે.

અભ્યાસ પરથી જોઈ શકાશે કે ટિકિટોમાં પુષ્કળ પ્રકારના વૉટરમાર્ક આવે છે. સામાન્ય રીતે વૉટરમાર્કને ચાર વિભાગોમાં વહેંચી નંખાય છે: (૧) સિંગલ (single) એટલે પ્રત્યેક ટિકટ પર જેની માત્ર એકેક જ છાપ જોવા મળે છે તેવા; (૨) મલ્ટિપલ (multiple), જેમાં વૉટરમાર્કની એકની એક છાપ એક કરતાં વધુ વાર છપાએલી જોવા મળે છે; (૩) કૉલમ (colum આમાં છાપ તો એકની એક જ હોય છે, પણ તે એકબીજાની નીચે હારબંધ ગોઠવાએલી હોય છે; ને (૪) શીટ (sheet): ટિકિટ છાપવા માટેના આખા કાગળ પર પથરાએલા માત્ર એક જ વૉટર-માર્કવાળા આવા કાગળો હવે જવલ્લે જ વપરાય છે. ૧૮૫૪ની હિંદની તથા ૧૮૬૭-૬૮ની મેક્સિકોની ટિકિટો આવા કાગળ પર છપાએલી.

આ ચાર—મોટેભાગે તો પહેલા ત્રણ—મુખ્ય પ્રકારમાં જ અવનવી ભાતો રચવામાં આવે છે. એ ઉપરાંત એક જુદી પદ્ધતિ પણ ઉપયોગમાં લેવાય છે. 'ઇન્વર્ટેડ' (inverted)—ઊંધા વૉટરમાર્ક'નો એ પદ્ધતિમાં ટિકિટ છાપતી વખતે કાગળ ઊંધો મુકાય છે એટલે સીધી ટિકિટ રાખી જોતાં તેમાં વૉટરમાર્ક ઊંધો દેખાય. ખરી રીતે તેને ઊંધો વૉટરમાર્ક કહેવાને બદલે 'ટિકિટના ઊંધી છાપ' કહેવી જોઈએ; કારણ કાગળ, બનતી વખતે તેમાં વૉટરમાર્ક તો સીધો જ દબાયો હોય છે, પણ તેના પર ટિકિટની છાપ ઊંધી લીધી હોવાને લઇને તે ઊંધો દેખાય છે. ઘણા દેશો ટિકિટોની નાનીનાની ચોપડીઓ બહાર પાડે છે. એ ચોપડીમાં બધી ટિકિટ સીધી જ રહે એ માટે તેને ચોપડીના કદનાં પાનાંવાર વહેંચી અમુક પાનાંઓનો એક આખો ફરમો



ઇંગ્લંડની ટિકિટો પર આવતા વૉટરમાર્કના શરૂઆતના થોડા નમૂના:(૧)ગ્રેટ બ્રિટને ૧૮૪૦માં બહાર પાડેલી પહેલી ટિકિટ 'પેની બ્લૅક' પર શરૂમાં એકલો તાજનો વૉટરમાર્ક મૂકેલો; પણ પછીથી તાજની સાદી છાપ ઉપરાંત તેના એજંટોએ નીચે CC અક્ષરો મૂકેલા. જેનો અર્થ થાય છે Crown Colonies; (૨) તે બાદ તેમાં થોડો ફેરફાર કરી તેઓ CA મૂકવા લાગ્યા, જેનો અર્થ છે Crown Agents. આમ જુદીજુદી આવૃત્તિ વેળા આ વૉટરમાર્કમાં કંઇ ને કંઇ ફેરફાર થતો રહ્યો. પહેલાં એક ટિકિટ પર એક જ ક્રાઉન ને 'સીસી' અક્ષરો આવતા. તેને બદલે સાતમા એડવર્ડ તથા પાંચમા જ્યૉર્જ વખતની ટિકિટમાં તે કાપડની ભાત પેઠે ટિકિટના સમગ્ર કાગળ પર છપાવા લાગ્યા. જેને પરિણામે દરેક ટિકિટ પર એક કરતાં વધારે તૂટક ભાગો આવવા લાગી. નં. ૩ અને ૪ તેના નમૂના છે. ટિકિટસંગ્રાહકો આ રચનાને Multiple watermark કહે છે. આગળ જતાં તારાનો વૉટરમાર્ક શરૂ થયો. (નં. ૫) હિંદની પાંચમા જ્યૉર્જની ટિકિટ પર એ જોવા મળે છે.



રાણી ઇલિઝાબેથની છાપવાળી ઇંગ્લંડની નવી બહાર પડનારી ટિકિટો પૈકીની એક જેના પર માથાળે ઈ. આર. (ઇલીઝાબેથ રેજીના) અક્ષરો અને નીચે ઇંગ્લંડ-સ્કૉટલંડ-વેલ્સના રાષ્ટ્રફૂલો ગુલાબ, થિસલ, લીક ને શૅમરૉકની ગૂંથણીથી રચેલું પ્રતીક છે.

તૈયાર કરી તેને જ વાળી લઇ ચોપડી બાંધી લેવાય છે. આવી રીતે છાપતાં અમુક પાના ઊંધાં મૂકવાં પડે છે, અને એવાં ઊંધા મુકાએલાં પાનાં પરની ટિકિટો પરનો વૉટરમાર્ક 'ઇન્વર્ટેડ' આવે છે, આવી ટિકિટોની કિંમતમાં કશો ફરક પડતો નથી. પણ જો ભૂલથી આમ થવા પામ્યું હોય તો તેની કિંમતમાં તેની છત-અછતના પ્રમાણમાં ફેર પડે છે.


જાણી જોઇને ઊંધા છપાતા વૉટરમાર્ક પણ બે રીતે રખાય છે. એકને સીધો જોવા આપણે ટિકિટને ઊંધે માથે કરવી પડે છે, જ્યારે બીજા પ્રકારના વૉટરમાર્કને જોવા ટિકિટ ઉલટાવવી પડે જ છે, પણ સાથોસાથ તેને આગળપાછળ પણ ફેરવવી પડે છે; નહિ તો વૉટરમાર્ક અરીસામાં દેખાતા ઊંધા અક્ષર જેવો દેખાય. આવા વૉટરમાર્ક 'ઇન્વર્ટેડ ઍન્ડ રીવર્સ્ડ' (inverted and reversed) કહેવાય છે. ટિકિટોના કાગળ પર જ્યારે ગુંદર અવળી બાજુએ લગાડાઈ જાય યા તો ગુંદરવાળી બાજુ પર જ ટિકિટો છપાઇ જાય તો રીવર્સ્ડ (reversed) વૉટરમાર્ક જોવા મળે. જાણીજોઇને જો આમ રીવર્સ્ડ વૉટરમાર્ક ન રખાયો હોય તો એવી છાપવાળી ટિકિટોની કિંમત વધી જાય છે.

આમ, આ વૉટરમાર્ક પણ ટિકિટોની બાબતમાં એટલો જ રસપ્રદ અભ્યાસ પૂરો પાડે છે. લંગર, છત્રી, હાથીનું મોં, તારક, બીજ સાથેનો તારક, તાજ, કાચબો, ઑલિવ વૃક્ષની ડાળી, શાહમૃગ પંખીનું પીછું, કિલ્લો, વિમાન, ઢાલ, આવી તો કંઈક અવનવી સંજ્ઞાઓ એ અભ્યાસમાં જોવા મળે છે. ટિકિટ છપાવવાર રાષ્ટ્ર જ મોટે ભાગે તેની રચના કરે છે; પણ કેટલીક ટિકિટો છાપતી પેઢીઓ બજારમાં મળતો કાગળ પણ વાપરે છે, જેના ઉપર તો એ બનાવનાર કંપનીનો કે એવો જ બીજી સંજ્ઞાનો વૉટરમાર્ક હોય છે. આવા કાગળ પર છપાએલી ટિકિટોમાંથી કેટલાક પર વૉટરમાર્ક જોવા નથી મળતો. ક્યારેક વપરાએલો કાગળ જ વૉટરમાર્ક વિનાનો હોય છે. વળી, કાગળની અછતમાં તો ક્યારેક જુદાજુદા વૉટરમાર્કવાળા કાગળો પર પણ ટિકિટો છપાય છે. હંગેરીની ને ઑસ્ટ્રેલિયાની કેટલીક ટિકિટો આવી રીતે છપાઈ છે.

૧૮૬૨માં સ્વિટ્ઝર્લૅન્ડે વળી વૉટરમાર્ક પાડવાનો એક નવો પ્રયોગ કર્યો. જેને 'ઇમ્પ્રેસ્ડ' (impressed) વૉટરમાર્ક કહે છે. એમાં ટિકિટો છપાઇ રહ્યા પછી કાગળ પર ઉપસેલી છાપ પાડવામાં આવેલી. એને કદાચ 'વૉટરમાર્ક' ન કહેવાય. બેવડા લંબગોળમાં ક્રૉસની રેખાવાળી એ છાપ ટિકિટની બંને બાજુએથી પારખી શકાતી. રૂમાનિયાએ વળી આમાં 'ઈન્ડેન્ટેડ' (indented) નામની એક રીત અજમાવેલી. ૧૮૮૯-૯૦માં તેણે દાબ આપીને એક એવી છાપ ઉપજાવી કે જે ટિકિટની સવળી બાજુએથી મુદ્દલ ન વર્તાય, પણ પાછળથી જોતાં એની ઊંડી છાપ જોવા મળે. ૧૯૨૫ની ન્યૂ ઝીલૅન્ડની ટિકિટો પર પણ એક નવો વૉટરમાર્ક જોવા મળે છે. તે વેળા છાપનારાઓ જુદીજુદી જાતના કાગળો પર પ્રયોગો કરતા હતા. તેમાં એક ટિકિટ ઇમીટેશન આર્ટ પેપર પર છાપી હતી. આ જાતના કાગળ પર તો વૉટરમાર્ક હોતો જ નથી, એટલે ટિકિટ છપાઈ રહ્યા પછી તેની પાછલી બાજુએ બહુ આછી શાહીથી તેણે ન્યૂ ઝીલૅંડના પ્રથમાક્ષર N. Z. અને તારક છાપ્યા! આ બધી છાપ વૉટરમાર્ક જ ગણાય છે. ટૂંકમાં આ વૉટરમાર્ક પણ ટિકિટસંગ્રહની એક રસમય બાજુ છે.



સંયુક્ત રાષ્ટ્રસંઘ 'યૂનો'ના ઉપક્રમથી ચાલતા 'વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશન'(જગત આરોગ્ય સંઘ)તરફથી બહાર પડેલી ટિકિટ, જેમાં નીચે તેનાં મકાનો, ઉપર યૂનોના પ્રતીકની વચ્ચે આરોગ્યસૂચક ગ્રીક સંજ્ઞા સર્પ-દંડ, ને એક ખૂણે એ સંઘના પ્રથમાક્ષરો WHO તથા બીજે ખૂણે OMS અક્ષરો છે. એ સંસ્થા તરફથી દરેક દેશને આ ટિકિટો પૂરી પાડવામાં આવી છે જેની નીચેની સફેદ પટ્ટીમાં સૌ દેશ પોતપોતાનાં નામ છાપી લે છે. નીચે એ રીતે હિંદનું નામ અને ૧૯૫૨ની સાલ છાપેલાં છે.



મધુકરી

દોસ્તો, સફરના સાથીઓ, એ દેશની ખાજો દયા:
ધર્મનો છાંટો ન જ્યાં, ફિરકા છતાં ફાલી રહ્યા.
લોકનેતા લોંકડી શા, ઓ ય ન્યાં ધાડે લિયાં!
ભૂર ભાષાના મદારી હોય પંડિત વેદિયા.
નામ ફૂટીને કળાનું થીગડાં મારી ફરે,
જ્યાં જુવાનો નકલ નખરાંમાં ય ફિસિયારી કરે.
ભાગલા પાડી ઉડાડે નોખનોખી જે ધજા,
ને બધા એ ભાગ પોતાને ગણે આખી પ્રજા.
જાણજો એવી પ્રજાનાં પુણ્ય પરવારી ગયાં,
દોસ્તો, સફરના સાથીઓ, એ દેશની ખાજો દયા.

(ફૂલછાબ)
ખલિલ જિબ્રાન પરથી
અનુવાદક : મકરન્દ દવે

દીપક શોધન : ગુજરાતની નવી પેઢીનો ક્રિકેટવીર

ગયા ડિસેમ્બરમાં કલકત્તામાં રમાએલી ભારત-પાકિસ્તાન વચ્ચેની છેલ્લી ટેસ્ટ મૅચમાં પહેલી જ ઇનિંગે સદી નોંધાવી ભારતનો જુમલો વધારનાર અમદાવાદના ભાઈ દીપક શોધને ટેસ્ટ મૅચમાં રમવાની પોતાની કારકિર્દીની શરૂઆતમાં જ ઉજ્જ્વલ વિક્રમ સ્થાપી ગુજરાતના નામને ઝેબ આપી છે. અલબત્ત, આ પહેલાં યે સ્વ. રણજિતસિંહ તથા પટૌડીના નવાબે આ પ્રમાણે જ પહેલી ટેસ્ટોમાં સદીઓ નોંધાવી છે, પરંતુ તે ઇંગ્લંડને પક્ષે રમીને. ભારતને પક્ષે રમી હિલીપસિંગે તથા લાલા અમરનાથે પણ સદી નોંધાવી છે, પરંતુ તે બીજી ઈનિંગમાં. એટલે ટેસ્ટ મૅચમાં પહેલી જ વાર રમી, પહેલી જ ઇનિંગમાં સદી નોંધાવનાર તો ગુજરાતના ભાઇ દીપક શોધન જ પહેલા છે.

આવી શાનદાર કારકિર્દીની પાછળ એમની તદ્‌વિષયક સતત જાગૃતિ તથા પરિશ્રમ જ છે. ૧૯૪૩માં પંદર વર્ષની વયે જ્યારે તેઓ અમદાવાદના સી. એન. વિદ્યાવિહારમાં અંગ્રેજી પાંચમા ધોરણમાં અભ્યાસ કરતા હતા ત્યારે ક્રિકેટજગતમાં જાણીતા એમના મોટા ભાઇ જ્યોતીન્દ્ર શોધનની રમતોમાંથી પ્રેરણા મેળવી તેમણે ક્રિકેટની શરૂઆત કરી પ્રારંભના એ કાળમાં એમને બોલિંગમાં વધુ રસ હતો, અને એને લઇ આજે તેઓ એક સારા મીડિયમ પેસ્ટ ડાબોડી બોલર છે. એસ. એસ. સી.માં આવતાં તો તેઓ શાળાની ક્રિકેટ ટીમના કૅપ્ટનપદે પહોંચી ગએલા. કૉલેજમાં આવ્યા બાદ ગુજરાત તરફથી રણજી ટ્રોફીમાં રમવાની એમણે શરૂઆત કરી ત્યારે એ વેળા ગુજરાતનું સુકાન સંભાળતા જગનામી ક્રિકેટવીર વિનુ માંકડની તેમના પર નજર ઠરેલી અને એમની પાસેથી ભાઈ દીપકે પણ ઘણી સારી તાલીમ મેળવી. રણજી ટ્રોફીમાં રમતાં પ્રથમ વર્ષે જ તેમણે સૌરાષ્ટ્રની પાંચ અને વડોદરાની ત્રણ વિકેટો ખેરવેલી. ૧૯૪૭માં મુંબાઈ યુનિવર્સિટીએ તેમની વરણી કરી અને એ જ વર્ષે રણજી ટ્રોફીમાં પાંચ અને '૪૮-'૪૯ માં વડોદરાના બે દાવમાં ૯ વિકેટો તેમણે લીધી. '૪૯-'૫૦માં હિંદી વિદ્યાપીઠો તરફથી કૉમનવેલ્થ ટીમની સામે રમતાં જગમશહૂર ખેલાડી વૉરેલની વિકેટ તેમણે જ લીધેલી, અને '૫૦-'૫૧માં રણજી ટ્રોફીમાં વડોદરાની ચાર વિકેટો લેવા સાથે બાવન રન નોંધાવી તેમણે



માસમાસનાં પંખી [૬૪]
લગડ



ઉત્તરમાં હિમાલયના ઉચ્ચ પ્રદેશથી માંડી દક્ષિણ સુધી આપણે ત્યાં બારે માસ જોવા મળતા ને દેખાવે શકરાથી મોટા આ પંખીને પણ શિકાર-શોખીનો અન્ય બાજની સાથે પાળે છે ને કેળવે છે. ગીચ જંગલો કે નર્યા પહાડી પ્રદેશ તેને પસંદ ન હોઇ ખેતરવાડીવાળા ખુલ્લા વગડાઉ પ્રદેશમાં તે કાયમી જોડું બાંધી નાનાં પંખીઓ પર પેટગુજારો કરે છે.

બીજાં શિકારી પંખીઓ પેઠે આમાં પણ નર કરતાં માદા મોટી હોય છે; બાકી બધી રીતે નરમાદા બંને સરખાં જ. તેમના માથાથી લઇ પૂંછડી સુધીનો પીઠવાળો ઉપરનો બધો જ ભાગ રંગે રાખોડી કત્થાઈ, તથા સીનો ને પેટ સફેદ; આંખ પર થઈ ગરદન તરફ ઊતરતી એક સફેદ રેખા; સફેદ ગાલ પર ચાંચના મૂળમાંથી મૂછ જેવી એક કાળી લીટી અંકાએલી; છાતીથી પેટ સુધીના સફેદ ભાગ પર નાનીનાની લીટીઓ; પૂંછડી પણ સફેદ ને કત્થાઇ પટ્ટીથી અંકિત; પાંખો લાંબી ને અણિયાળી તથા પડખાં મોટાં ને મજબૂત; પગ પીળા; નખ તીણા ને કાળા; આંખની કીકી સલેટિયા. ચાંચ નીલવર્ણી કાળી ને છેડેથી વળેલી. તેતર, કબૂતર ને બટેર જેવાં નાનાં પંખી ઉપરાંત, વગડાઉ ઊંદરડા, તીડ, વાણિયા વગેરે જીવડાં પણ એ ખાય છે.

જાન્યુઆરીથી એપ્રિલ તેનો પ્રજનનકાળ. કોઈ ઝાડના થડિયામાં કે ખંડેરની દીવાલમાં સાંઠીકડાંનો જેવો તેવો માળો બાંધી, ને કદીક ગીધ-કાગડાના જૂના માળાને જ ઠીકઠાક કરી લઈ તેમાં ત્રણથી પાંચ ઈંડાં મૂકે છે. ગુલાબી ને બદામી જેવાં, ને એવા જ ઘાટા રંગનાં ચીતરામણવાળાં જુદાજુદા રંગનાં. શિકારથી માંડી બચ્ચાંના ઉછેર સુધીના બધાં જ કામમાં નરમાદા સરખો જ ભાગ લે છે.

સૌનું ધ્યાન ખેંચ્યું. તે પછી ૧૯૫૧માં હિંદી ટેસ્ટ ક્રિકેટરો માટેના પૂનાના કૅમ્પમાં વેસ્લી પાસે તાલીમ લઇ તેમણે પોતાની બૅટિંગમાં ઘણી જ પ્રગતિ સાધી લીધી. અત્યાર સુધીનો ગોલંદાજીનો એમનો શોખ હવે ફટકાબાજી તરફ વળ્યો. એમની આવડતનાં વખાણ કરતાં ખુદ વેસ્લીએ એમને સરસ 'ઑલ રાઉન્ડર' તરીકે બિરદાવ્યા હતા. ૧૯૫૨માં અમદાવાદની મૅટિંગ વિકેટ પર ૮૯ રન કર્યા બાદ એમણે માત્ર ચાર રનમાં એક વિકેટ લીધેલી. તે પછી ગયા નવેમ્બરમાં રણજી ટ્રૉફીમાં ગુજરાતનું સુકાનીપદ લઈ વડોદરા સામે પાંચ વિકેટ અને ૧૧૯ રન કરી તેઓ અણનમ રહેલા. ત્યારથી જ એ સૌની આંખમાં વસી ગયા. તેને પરિણામે આ ટેસ્ટમાં તક મળતાં ગયા ડિસેમ્બરની ૧૪મીએ કલકત્તામાં ૧૧૦ રન કરી તેમણે એ તકને સાર્થક કરી બતાવી ને ગુજરાતનો એવો તો ડંકો વગાડી દીધો કે રમત બાદ રહેઠાણ તરફ જતી વેળા તેમની એ રમત પર વારી ગયેલા ૨૫ હજાર પ્રેક્ષકોના ઘેરામાંથી એમને પોલીસના રક્ષણ હેઠળ લઈ જવાની તજવીજ કરવી પડેલી. એમના આ ઉજ્જ્વલ યશ વડે વેસ્ટ ઇંડીઝ ગએલા ભારતીય ખેલાડીઓમાં એમણે પોતાનું સ્થાન મેળવી લીધું છે.

ગુજરાત યુનિવર્સિટી તથા ગુજરાત ટીમના ૨૪ વર્ષના એ અપરિણીત યુવાન કૅપ્ટન બી.એ. (ઑનર્સ) થયા બાદ હાલ એમ.એ. માટે થીસિસ્ તૈયાર કરી રહ્યા છે. ક્રિકેટ ઉપરાંત ટેનિસ, ટેબલટેનિસ, અને બૅડમિન્ટનમાં એમને રસ છે. પોતાની તીક્ષ્ણ દૃષ્ટિ અને ત્વરિત અંગચાપલ્ય સાથે અત્યાર સુધીમાં પાંચ સદીઓ નોંધાવનારું આ ક્રિકેટપટુ ગુજરાતી માંકડ, મરચંટ વગેરે જેવા જૂના ક્રિકેટવીરોની પાછળ નામ રોશન કરવાની જે શક્તિઓ દાખવી રહ્યા છે તેના પર ગુજરાત અને ભારતના અન્ય પ્રાંતોના ક્રિકેટપ્રેમીઓ ઘણા ઉત્સાહ સાથે આશાભરી મીટ માંડી રહ્યા છે.

નવસારી

ગયા માસમાં જ્યાં ગુજરાતી સાહિત્ય પરિષદનું ૧૮મું સંમેલન ભરાયું હતું તે નવસારી રામાવતાર જેટલું જૂનું અને પ્રાચીન કહેવાય. નાગમંડળનું એ મુખ્ય શહેર હતું. પ્રાચીન દાનપત્રોને આધારે જણાય છે કે વાતાપિના ચાલુક્યો અને માન્યખેટકના રાષ્ટ્રકૂટોનું તે મુખ્ય નગર હતું. ગુજરાતના સોલંકીના દંડનાયકો નવસારીમાં વસતા; અને અનેક પ્રકારના ઉદ્યોગો, કૌશલ્યપૂર્વકની ખેતીની ઉપજો વગેરેથી અહીંનું બંદર દેશદેશાવરમાં જાણીતું હતું. ઇ. સ. ૧૫૦માં ટૉલેમીની નોંધપોથીમાં પ્રખ્યાત બંદર તરીકે તે નોંધાયું છે, જો કે આજે પ્રાચીન નગરનો ખ્યાલ આપે તેવા કોઇ જૂના ભવ્ય પ્રાસાદો, અટપટી બાંધણીવાળી સાંકડી શેરીઓ, મંદિરો, કોટકાંગરા ને દરવાજાઓ, વાવ કૂવા ને પરબડીઓ, ખંડેરો કે પાળિયાઓ નજરે ચડતા નથી. સર્વસામાન્ય નાનકડા નગર જેવું જ એ જણાય છે. પણ અહીંના આંબા ને ફણસ, પોંક, ગોળ ને શેરડીનો રસ, ઊંધિયું ને ખમણ ગુજરાતના બીજા ભાગ કરતાં કંઈક જુદાં લાગે ખરાં.

પાંચવારિયા સાડલાનો કાછડો મારી, છતાં ગુજરાતી ઢબે આગળ છેડો રાખી, કાન આગળ ગુચ્છા પાડીને માથું ઓળી, તેમાં સાચાંખોટાં ફૂલ ભેરવી, ટટ્ટાર ડોક રાખી ચાલતી અહીંની નારી ધ્યાન ખેંચે છે. લાંબા રાગે 'શીં...ગોડાં' એમ લહેકા સાથે બોલી પોતાની વસ્તુઓ વેચતી માછણો, કાળાં માટલાંના કંઠે દોરો બાંધી માથા પર મૂકી એક હાથે એ દોર પકડી ચાલતી તાડીવાહિનીઓ વગેરે નવું લાગે. પાતરામાં તમાકુ નાખી બીડી વાળી પીતા, ગપ્પા ને ટોળટપ્પા હાંકતા, લહેરી છતાં કામગરા લોકો ને ઉદ્યોગી છતાં ધમાલભરી બહાવરાઈ વિહોણા સ્વસ્થ અહીંના દસાઈઓ, પટેલો ને કાળીઓ ગુજરાતના અન્ય ભાગના લોકો કરતાં જુદા તો લાગે.

નવરાત્રિના દહાડાઓમાં બે છેડાળું ધોતિયું પહેરી, તે પર જરા ઢળકતો ઘૂઘરાનો કંદોરો બાંધી, શરીર પર ઝીની ચોળી ને માથે સાડલાનો ફેંટો બાંધી, એક હાથમાં અરીસાવાળો મોરપિચ્છનો ઝૂડો ને બીજામાં જાડો દાંડિયો રાખી ટૂંકા તાલે વર્તુલમાં આમતેમ ઘૂમી નાચતા ઘેરૈયાઓ, ઢોલ (તૂર) અને થાળીના રણઝણાટભર્યા તાલે ઉતાવળી ચાલે કન્યાને લઈને પરણાવવા જતી દૂબળા લોકોની જાન, દિવાસાના દિવસે કપડાંનો મોટો ઢીંગલો બનાવી, તેના મોઢામાં સિગારેટ મુકાવી, બૂટમોજાં પહેરાવી, ખુરસીમાં બેસાડી સવારી કાઢી વાજતેગાજતે નદીમાં પધરાવવા જતો રાનીપરજ જનસમુદાય...એ પણ બહારથી આવનારનું ધ્યાન ખેંચે.

નવસારીમાં પ્રાચીન અવશેષો જે કંઈ છે તે ટેકરાઓ નીચે દટાએલા છે. કેટલાક કોતરકામવાળા પથ્થરો તળાવની પાળે જડાએલા છે, તો કેટલાક ઓટલાના ચણતરમાં કે રખડતા ભિખારીઓના મંગાળામાં વપરાયા છે. કોઇકોઈ ઝાડ નીચે કે નાનકડી દેરીના એકાદ ખૂણે પ્રાચીન સમયની નવમી કે દસમી સદીની ચાર મુખવાળી લાલ કે સફેદ પથ્થરની શિવની મૂર્તિઓ, સુંદર કોતરકામવાળા સ્તંભો વગેરેના ખંડિત ટુકડાઓ પડ્યા રહ્યા હોય છે. ક્યાંક પ્રાચીન વિષ્ણુમૂર્તિ દેવી બનીને પુજાવા લાગે છે. શ્રી મણિભાઇ દ્વિવેદી જેવાને હાથે અહીં ખોદકામમાં નીકળી આવતી ગુપ્ત સમયની બે હજાર વરસ જૂની ઈંટો આવી ચડે છે, કે ચિનાઇ માટી જેવા ચકચકિત લીસા રંગ ચડાવેલા પ્રાચીન માટીનાં વાસણનાં ઠીકરાંઓ સાંપડે છે ત્યારે આ નવસારીની પ્રાચીનતા કંઈક જાણવા મળે છે.

એક વખત જાહોજલાલી ભોગવતા આ નગરને માથે અનેક વાર ભાતભાતની આપદાઓ પડી છે. દિલ્હીના સુલતાનોના કાળમાં ને મુઘલ જમાનામાં રાજ્યધાની મટી એક નાનું પરગણું બન્યું, છતાં નવસારી પોતાના કાપડનાં કસબને લીધે, ડાંગી લાકડાનાં ધીંગાં મજબૂત વહાણ બનાવવાના ઉદ્યોગને લીધે, કુશળ નાવિકોને લીધે, ખેતીની સુંદર જાણકારી માટે પ્રખ્યાત રહ્યું. ટૉલેમીએ તેને બંદર તરીકે નોંધ્યું છે. ઈ. સ. ૧૬૧૩માં મુઘલ સમ્રાટનું ફરમાન મેળવતા પહેલાં અંગ્રેજો ઈ. સ. ૧૬૧૨માં નવસારીના બંદરે લાંગરેલા. અહીંના ખાસ અત્તરિયાઓ મુઘલ સમ્રાટ જહાંગીરને અત્તર ભેટ આપવા દિલ્હી કે અમદાવાદ જતા. અબુલ ફઝલ 'આઇને અકબરી'માં નોંધે છે કે 'નવસારીના જેવું ખુશબોદાર અત્તર (ખાસ કરીને ગુલાબનું) બીજે ક્યાંય બનતું નથી'. આજથી છ સો વરસ પર હિંદભરમાં શાહ સોદાગરનો 'માલિક ઉત્ તુજ્જાર'નો શાહી ખિતાબ મેળવનાર નવસારીનો ધનાઢ્ય દાનેશ્વરી હતો. શહેનશાહ અકબરના દરબારમાં જરથોસ્તી ધર્મના નિષ્ણાત તરીકે નવસારીના વડા દસ્તુરજી મહેરજી રાણાને માનવંતું સ્થાન મળ્યું હતું. 'રત્નમાલા'ના લેખક શંભુરામ, નઝીનુદ્દીન જેવા ફારસી વિદ્વાનો, જ્યોતિષના ફારસીમાં લખાએલા કેટલાક ગ્રંથો અને વેદપરંપરાના ઉલ્લેખો નવસારીની વિદ્યાપ્રિયતા પણ બતાવે છે.

આ બધી નામના કાળની ભયંકર થાપટો ખાધા છતાં નવસારીએ મેળવી. દસમી સદીથી તેરમી સદી સુધીમાં અનેક સત્તાની ખેંચતાણમાંથી તે પસાર થયું. રાષ્ટ્રકૂટોનું માનીતું રાજનગર મટી ગુજરાતના સોલંકીઓના દંડનાયકનું નિવાસસ્થાન બન્યું. ત્યાંથી એ પદચ્યુત થઈ મુઘલ જમાનામાં સુરતનું એક પરગણું રહ્યું. અઢારમી સદીના અંત ભાગમાં તો નવસારીને ખૂબ સહન કરવું પડ્યું. ઓગણોતરો દુકાળ, ઉપરાઉપરી રેલો, ધરતીકંપ, તીડ, છેલ્લી રેલમાં

પણ્ડિઓએ બદલેલો ફાંટો, 'મારે તેની તલવાર'ની રાજકીય ઉથલપાથલો, પીંઢારા ને ગરાસિયાના ત્રાસ ને જુલમો...એ બધાથી નવસારીના ઉદ્યોગો ભાંગ્યા, ખેતી વણસી ગઈ, વસતિ હિજરત કરવા લાગી, રસ્તાઓ નિર્જન બનવા લાગ્યા ને બજારના ટેકરાઓનાં ઝાડઝાંખરાંમાં વાઘના ઘુઘવાટા પણ સંભળાવા લાગ્યા. પણ ખંડેરાવ ગાયકવાડના વખતથી તેણે નવાં પગલાં ભરવાં શરૂ કર્યાં. નવા ઉદ્યોગો, નવાં મકાનો, નવાં પ્રસ્થાનો શરૂ થયાં. અંગ્રેજી શાળાઓ, સહકારી મંડળી, પુસ્તકાલય, કાપડની મિલો, ઑબિનની દેશપરદેશ વખણાતી ફૅક્ટરી વગેરે નીકળ્યાં, વાસણનાં કારખાનાં શરૂ થયાં, એન્જિન, પંપ, સીવવાના સંચા વગેરે બનવા લાગ્યાં.


નવસારીની બીજી વિશિષ્ટતા છે તેની સાનુકૂળ આબોહવા. પરદેશીને જાણે પોતાનું જ ઘર લાગે તેવું તેનું સાદું, ઘરેળુ વાતાવરણ છે. આથી જ સંજાણમાં ઊતરેલા પારસીઓ અહીં આવીને વસ્યા. અહીં તેમને ઈરાનમાં આવેલા 'સારી' નામના ગામ જેવી જ પ્રિયકર હવા મળી એટલે તેમણે આ ગામનું નામ 'નઓસારી' નવસારી રાખ્યું! આ કલ્પિત વાત ફક્ત એટલું જ સૂચવે છે કે અંહીં કંઈ પરાયું ન લાગે તેવું આવકારદાયક વાતાવરણ તેમણે અનુભવ્યું અને તેમના મોજીલા, દાનપ્રિય, દયાળુ, ભલા સ્વભાવને લીધે હિંદુઓ સાથે એક થઈ રહ્યા. એમનો પ્રાચીન પહેરવેશ હિંદુઓ જેવો "ભાડેલાશાહી લાલ પાઘડું, ધોતિયાં ને પોત્યાં, કાનમાં વાળી' વગેરે હતો એમ 'તવારીખે નવસારી'ના લેખક નોંધે છે. તેઓ 'હિંદુ માફક આખું માથું મુંડાવી વચમા ચોટલી રખાવતા અને તેમનાં નામ 'હાંસજી ફકીર, ભીખીઆ જોગીઆ; નરસંગ ધના, માલણબાઇ, જીલીબાઇ' એવાં હતાં.

નવસારીનું ગૌરવ વધારવામાં પારસીઓએ મોટો ફાળો આપ્યો છે. અત્યારની કેળવણીની સંસ્થાઓ, પુસ્તકાલયો વગેરેની તેમણે પહેલ કરી છે. પ્રાચીન સમયમાં સુલતાનો પાસેથી જાગીરો અને દેસાઈગીરીઓ મેળવીને, અકબરના દરબારમાં નામાંકિત દસ્તુરજીઓને મોકલીને, હિંદને દાદાભાઇ જેવા દેશના મંત્રદ્રષ્ટા, તાતા જેવા ઉદ્યોગપતિ અને સર જમશેદજી જેવા દાનેશ્વરી મોવડીઓ આપીને પારસીઓએ નવસારીનું ગૌરવ વધાર્યું છે.

મુસ્લિમ સંતો પણ અહીં જાણીતા થયા છે. ખલીફા અબુબકર સાહેબની ઓલાદમાંથી ઊતરી આવેલા મખ્દુમ સાહેબની અહીં દરગાહ છે. પિરાણા પંથની સતિયા શાખાના સ્થાપકની અહીંની દરગાહ પર દર વરસે મોટો મેળો ભરાય છે. આ બન્ને કોમો સાથે પ્રાચીન સમયથી દાનપત્રો મેળવતા ને પ્રતિષ્ઠિત થએલા જૈનો, વૈષ્ણવો વગેરેએ અહીં એવી ધર્મભાવના પ્રગટાવી કે બીજે ક્યાંય ન મળે તેવો એકરાગ અહીં સાંપડે છે.

—જયંત શા. જોષી

સાડા ત્રણ મણની આપણી આ કાયા વડે



સરેરાશ દસ સ્ટોન. એટલે કે ૧૪૦ રતલ વજનની ગણાતી—સાડા ત્રણ મણની આપણી કાયામાં ઉપલા ચિત્રમાં બતાવ્યા એટલા જ પદાર્થો હોય છે. પણ આટલી જ આ સામગ્રી વડે માણસ કેટલું કરવાની અજબ તાકાત ધરાવે છે તે જુઓ: એટલા જ વડે માણસ ૧૧૫ કલાક સુધી ઉજાગરો ખેંચી શકે, ૨૨ દિવસ સુધી પાણી વિના રહી શકે, ૭૫ દિવસ સુધી ખાધા વિના, ૨૦ મિનિટ ને પાંચ સેકંડ સુધી શ્વાસ લીધા વિના અને ૬ મિનિટ ને ૨૯ સેકંડ પાણીની અંદર તથા ૧૨૦ અંશ સેન્ટિગ્રેડ ગરમીમાં રહી શકે છે એમ નોંધાયું છે. ઉપરાંત, શૂન્યથી ૭૫ અંશ (સેન્ટિ) નીચે સુધીની ટાઢ તે સહન કરી શકે, વગર પ્રાણવાયુએ ૭૪,૦૦૦ ફૂટ ઊંચે ચડી શકે, પાણીમાં ૫૦૦ ફૂટ ઊંડે ડૂબકી મારી શકે, ૫૯ દિવસમાં ૫,૬૨૬ માઇલ દોડી કાઢે, ઊંધે માથે હાથ પર રોજના ૧૬ માઇલને હિસાબે ૫૫ દિવસ સુધી ચાલી શકે, ૫૮ દિવસ સુધી રોજના ૩૧ માઇલને હિસાબે ઊંચા વાંસ વડે ચાલી શકે, ૧૦ દિવસ અને ૧૫ કલાક સુધી વાંસ-કૂદકા લગાવી શકે ને ૩૦,૮૦૦ ફૂટ ઊંચેથી પૅરૅશૂટ વડે કૂદી આવી શકે.

શરીરબંધારણની આ તાકાત વડે તમે એક જ મિનિટના અવકાશમાં ૧૩,૬૧૦ યાર્ડ ઊડી શકો, ૧૦,૮૧૦ યાર્ડ દૂર મોટર દોડવી જાઓ, ૧૯,૨૦૦ યાર્ડ નીચે પડી શકો, ૯૪૯ વાર સાઈકલ હાંકી જાઓ, ૭૪૩ વાર સ્કેટિંગ કરી જાઓ, ૪૮૨ વાર દોડી શકો, હોડીમાં ૨૮૭ વાર જેટલે દૂર હલેસાં લગાવી શકો, ૨૭૪ વાર સુધી ચાલી નાખો અને ૧૦૩ વાર તરી શકો.

વળી, એક મિનિટમાં તમે ૪૧૦ ઘન ઇંચ હવા શ્વાસમાં લ્યો, ૧૪ રતલ ને ૧૦ અધોળ લોહી શરીરમાં ફેરવો, સ્પષ્ટ રીતે ૧૫૦ શબ્દો બોલી શકો તથા ૪૦ શબ્દો લખી શકો અને છએક વખત માર પણ ખાઇ શકો ખરા!

જગતનો સૌથી મોટો નીલમણિ



હૈદ્રાબાદ (દક્ષિણ)માં શ્રી રીઆઝ અહમદ પાસે એક નીલમણિ (Sapphire-શનિ) છે, જે જગતનો સૌથી મોટો મણિ હોવાનું મનાય છે. ૧૯૨૪માં તેની કિંમત ૪૦,૦૦૦ પાઉંડ લગભગ સાડા-પાંચ લાખ રૂપિયાની અંકાઇ હતી. ઘણાં રત્ન, હીરા તથા મણિ માણેકની પેઠે આ મણિનો પણ નાનો સરખો એક ઇતિહાસ છે. લંકાની યાત્રાએ ગએલા મૈસૂરના બલાલા (Balala) વંશના એક બૌદ્ધધર્મી રાજવીને કોઇ સાધુએ તે ભેટ આપેલો ત્યારે તો તે લંબગોળ આકારનો જ હતો, પણ પાછળથી રાજાએ સિલોનથી સાથે લાવેલા પહેલ પાડનાર પાસે તેને ઘડાવી તેને અવિકસિત પાંખડીવાળી કમળકળી જેવો આકાર આપ્યો ને પૂજાસ્થાને તેની સ્થાપના કરી. લોકો તેને ભગવાન બુદ્ધનું કર્ણાભરણ માનતા. કેટલાક તેને શનિનું પ્રતીક પણ સમજતા. મૈસૂરમાં એ રાજવંશ જ્યાં સુધી ચાલ્યો ત્યાં સુધી તે પૂજાસ્થાને જ રહ્યો. પણ પછી અલ્લાઉદ્દીન ખિલજીના સેનાપતિ મલિક કફૂર પાસે તે આવ્યો, જેની પાસેથી હૈદર મૈસૂરની ગાદીએ આવતાં ફરી તેની પાસે ગયો, ત્યાર પછી ટીપુ સુલતાને શ્રી રીઆઝ અહમદના વડવાઓને તેમની સેવાના બદલામાં ૧૭૯૪માં મૈસૂરમાં ભરાએલા ખાસ દરબારમાં તે ભેટ

આપ્યા અને ત્યારથી તે વારસાનુગત આ પેઢીમાં જ સચવાતો રહ્યો છે. જૂનાં ફારસી અને ઉર્દૂ લખાણોમાં પણ તેનો ઉલ્લેખ થએલો છે જેમાં પણ તેની તવારીખ છેક બારમા સદી સુધી પાછી લંબાએલી મળે છે.

પણ તેના ઇતિહાસમાં ખૂબીની વાત તો એ છે કે છેક ૧૯૨૦ સુધી રીઆઝ અહમદને તેની ખરી કિંમતની કશી ખબર જ નહોતી. એ વખતે તેઓ હૈદ્રાબાદના રેવન્યૂ ઑફિસર હતા, ત્યારે પોતાના પરી મિ. વાઇકફીલ્ડને તેમણે તે બતાવ્યો, તો એ ૯૧૫ કૅરેટના અને ૩॥ ઈંચ લાંબા તથા બે ઈંચ પહોળા મણિને જોઇ તેમને તે કિંમતી લાગતાં તેના ફોટોગ્રાફ સાથે તેની સઘળી વિગતો લંડનના એમના એક ઓળખીતા ઝવેરીને મોકલી મૂલ્ય અંકાવ્યું. જેણે તે વિગતો પરથી, બીજા ઝવેરીઓનો અભિપ્રાય લઈ ૪૦,૦૦૦ પાઉંડની કિંમત આંકી મોકલી. તે પછી ૧૯૨૪માં 'વેમ્બલી' (ઇંગ્લંડમાં) મુકામે તે પ્રદર્શિત પણ થએલો અને ત્યારે પણ તેની એ જ કિંમત અંકાએલી ને દુનિયાના મોટામાં મોટા મણિ તરીકે માન્ય થએલો.

સંત ફ્રાન્સિસ ઝેવિયર

ગઈ તા. ૩જી ડિસેમ્બરે જૂના ગોવામાં જેના શબને જાહેર દર્શન માટે છેલ્લી વખત માટે ખુલ્લું મૂકવાનો સમારંભ થયો તે સેંટ ફ્રાન્સિસ ઝેવિયર રોમન કૅથૉલિક નામે ખ્રિસ્તી ધર્મસંપ્રદાયના આજથી ૪૦૦ વર્ષ પૂર્વેના એક સ્પૅનિશ ઉપદેશક હતા. તે ધર્મપ્રચાર માટે સાદા વહાણમાં બેસીને ભારત, ચીન ને જાપાન ગએલા. તા. ૩ ડિસેંબર ૧૫૫૨ના રોજ ચીનને કિનારે તેનું મરણ થયું. ત્યાંથી તેનું શબ મલાક્કામાં અને ત્યાંથી ગોવામાં લાવવામાં આવેલું.

કોઈ પણ મૃત આત્માને 'સેંટ'—એટલે 'સંત'-ની પદવી રોમના પોપ તરફથી ઘણા વખત પછી આપવામાં આવે છે અને તે માટે તેના ભૌતિક અવશેષ તરફથી કાંઇ ચમત્કાર બને એવી આવશ્યકતા માનવામાં આવે છે. આ ચમત્કારની કસોટી પર રોમન કૅથૉલિકોની બહુ શ્રદ્ધા હોય છે. ગોવામાંના સેંટ ઝેવિયરના શબનો જમણો હાથ છૂટો પડેલો છે. ૧૬૧૯માં તે છૂટો હાથ રોમના પોપને મોકલવામાં આવ્યો હતો. તે હાથમાં કલમ આપતાં તે છૂટા હાથે પોપ સમક્ષ કાગળ પર સહી કરી હતી! આ ચમત્કાર પછી તેને અધિકૃતરીતે સંતની પદવી મળી હતી. પછી એ હાથ એક રત્નજડિત પેટીમાં રાખવામાં આવ્યો હતો. ૧૯૪૯માં ઝેવિયરને જાપાન પહોંચ્યાને પુરાં ૪૦૦ વર્ષ થયાં ત્યારે જાપાનમાં એક સમારંભ કરવામાં આવ્યો હતો તે વખતે એ હાથ જાપાન લઈ જવામાં આવ્યો હતો. અત્યારે રોમના એક દેવળમાં તે રાખવામાં આવ્યો છે.

ઝેવિયરના શબના પગનું ચુંબન લેવાથી રોગ મટે છે, એવા અનેક ચમત્કારો લોકો માને છે. કહેવાય છે કે ૧૫૯૪માં એક કુમરાવ કુટુંબની બાઇ એ પગનો અંગૂઠો મોંથી તોડીને ચોરી ગએલી ત્યાંથી બે વર્ષ સુધી લોહી વહ્યુ હતું ને અંગૂઠો પાછો લાવતાં બંધ થયું હતું. આ અંગૂઠો થોડા સમય પર મુંબઈમાં લાવવામાં આવ્યો હતો ત્યારે લાખેક યાત્રાળુઓનો દર્શન માટે જમાવ થયો હતો.

ગોવામાં ઝેવિયરનું શબ બૉમ જિસસ દેવળમાં ૧૫૦ રતલ ચાંદીની પેટીમાં રાખવામાં આવ્યું છે. ૧૫૫૪માં એ શબ ગોવામાં આવ્યા બાદ ૧૬૮૬ સુધી દર વર્ષે તેની પુણ્યતિથિને દિવસે એ પેટી ખોલીને તેનું દર્શન કરાવવામાં આવતું હતું. પછી દર દસ વર્ષે દર્શન કરાવાતું; હવે આ છેલ્લી વારનું જાહેર દર્શન છે. (પ્રજાબંધુ)

પંખી પાળનારાઓને અર્પણ

મેના, પોપટ, ચંડુલ, અગન, તેતર વગેરે વિવિધ પંખીઓ પાળવાનો શોખ આપણામાં ખૂબ છે. પણ એ ય એક જાતની કેદ અને ગુલામી છે ને ખુદ પંખીઓને પણ તેની વેદના થતી હોય છે. 'કૉરોનેટ' નામના અમેરિકન માસિકમાં શ્રી આર્કિબાલ્ડ રૂટલેજ નામના લેખકે લખેલો એ વિષેનો એક પ્રસંગ ઉતારવા જેવો છે. એમણે લખ્યું છે:

'હું નાનો હતો ત્યારે અમારા વાડામાં 'મૉકિંગ બર્ડ' નામનાં (અમેરિકન) પંખી ખૂબ થતાં. તેમના કુદરતી સંગીતથી ન ધરાતાં મેં તેને પાળીને નિશદિનનું સંગીત સાંભળવાનો લોભ કર્યો અને એક નાનકડા ગભરૂ બચ્ચાને પકડી લાવી પાંજરામાં પૂર્યું. બીજે દિવસે એ બચ્ચાની માતાને ચાંચમાં કાંઈક ચણ લાવીને બચ્ચાને ખવડાવતી મેં જોઈ. આ જોઈ મને આનંદ થયો, કેમકે મારા કરતાં ખુદ માતા બહુ ખૂબીથી અને પ્રેમપૂર્વક બચ્ચાને ખવડાવી શકતી હતી. પણ બીજે દિવસે મેં જોયું તો મારું એ નાનું કેદી મરેલું પડ્યું હતું! આ બનાવની વાત મેં વિખ્યાત પંખીશાસ્ત્રી આર્થર વેઈનને કહી ત્યારે તેણે મને કહ્યું કે: 'મૉકિંગ બર્ડ પંખીઓ પોતાનાં બચ્ચાંને પાંજરામાં પુરાએલાં જોઇને ઘણી વાર ઝેરી-બેરી ફળનાં બી ખવડાવીને મારી નાખતાં હોય છે. પોતાના પ્રિય બાળકને કેદમાં સબડતું જોવા કરતાં તેને મરેલું જોવું તે વધુ પસંદ કરે છે!'

માનવી કેટલી ઝડપથી દોડી શકે?

અનાદિ કાળથી માનવી દોડતો આવ્યો છે, પણ તેની દોડવાની ઝડપ તો હજી ફક્ત ૭૫ વર્ષ પહેલાં જ નક્કી થઇ શકી. શરત ૧૦૦ વાર દોડની હોય કે ૨૫ માઇલની, દોડવાનો માણસનો શ્રેષ્ઠતમ પ્રયત્ન શો હોઈ શકે તે જાણવા લેએત્સ્કેએ અત્યાર સુધીમાં દોડવાની શરતમાં નોંધાએલા રેકર્ડ તપાસ્યા. આ પરથી તેને લાગ્યું કે કોઇ પણ શરત દોડતી વેળા બધું મળીને કેટલો વખત લાગે છે (total time taken) તે કરતાં આખી યે શરત દરમ્યાન રહેલી એકધારી ઝડપ (average speed) વધુ અગત્યના છે. તેની ગણત્રીઓ પરથી તે માને છે કે માનવીનો ૧૦૦ મીટર દોડનો રેકર્ડ હજુ ૦·૧ સેકન્ડથી તોડી શકાય અને ૧,૦૦૦ મીટર દોડનો રેકર્ડ ૩·૧ સેકન્ડથી તોડી શકાય. એવી જ રીતે ૨ માઇલ દોડનો રેકર્ડ ૩·૩ સેકન્ડથી અને ૧૦ માઇલ દોડનો રેકર્ડ ૨૧ સેકન્ડથી તોડી શકાય છે. તેના કહેવા પ્રમાણે દોડવામાં માનવશક્તિની મર્યાદા ૧૫૦ મીટર/સેકન્ડની છે. સૌથી વધુ ઝડપ મેળવવા માણસે આ અંતર એક સેકન્ડમાં કાપવું જ રહ્યું. સ્ત્રીઓને પણ આ જ વાત લાગુ પડે છે—જરા જુદા પ્રમાણમાં. આજે દુનિયામાં ઝડપનો નાદ સૌને લાગ્યો છે. અવાજનાં આંદોલનોની ગતિથી યે વધુ ઝડપે માણસ ઊડી શકે છે. દોડવામાં તે હજુ શારીરિક મર્યાદા સુધી નથી પહોંચી શક્યો ને હજુ વધારે ઝડપથી દોડી શકશે. —ચન્દ્રકાન્ત મોદી (JAMA પરથી)

ગંજીપાનું પ્રદર્શન


ભારત, ચીન અને જાપાન સહિત જુદાજુદા ૨૪ દેશોમાંથી મેળવેલા ૪૦૦ ઉપરાંત ગંજીપાનું પ્રદર્શન આગામી માર્ચ માસમાં ઈંગ્લંડમાં ઇલિંગ સાર્વજનિક પુસ્તકાલય ખાતે યોજવામાં આવનાર છે, જેમાં એ રમતના ૩૦૦ વર્ષ જેટલા કાળને આવરી લીધો છે. લંડનના મિ. વિલિયમ પેન નામના સંગ્રાહકના આ ખાનગી સંગ્રહમાં સૌથી પ્રાચીન ચૌદમી સદીના ઈટલીના નસીબ જોવા માટે વપરાતાં પત્તાંથી માંડી આધુનિક અમેરિકન પત્તાં સુધીનાં વિવિધ ગંજીપાના પ્રકારો આવી જાય છે. તેમાં ઐતિહાસિક, નસીબ કહેનારા, શિક્ષણશાસ્ત્રના, રાજ્યોનાં રાજચિહ્નોવાળાં, જાપાનનાં ફૂલોની રમતના, ચીનનાં લાંબી પટ્ટીઓ જેવાં તેમજ હિંદના બહુ જ વિશિષ્ટ ગોળ પત્તાંનો પણ સમાવેશ થાય છે, જે આજે તો હિંદમાં પણ મળવાં દુર્લભ છે.

આ ઉપરાંત મિ. પેન પાસે છેલ્લાં ૧૫૦ વરસ દરમ્યાન લખાએલાં ગંજીપા ઉપરનાં અપ્રાપ્ય ગ્રંથોનું એક નાનું પુસ્તકાલય પણ છે !

માત્ર બે ટકા જેટલું જ જોઈ શકનાર નબળી આંખવાળા માણસો પણ હવે નવી જાતનાં ચશ્મા વડે સ્પષ્ઠ દર્શન કરી શકે એવાં નવાં ચશ્માં શોધાયાં છે. એમાં એકીસાથે ત્રણ કાચ જડેલા છે, જેમાંનો દરેક કાચ બીજાથી ૧/૮ ઇંચ દૂર ગોઠવેલો છે.

એવરેસ્ટ બૂટ

આવતા વર્ષમાં એવરેસ્ટનું આરોહણ કરવા આવનાર બ્રિટિશ પર્વત-આરોહકો માટે ખાસ નવી જાતનાં, ઘણા હલકા વજનનાં ને સાથે વિશેષ ગરમી આપે તેવાં પગરખાં બનાવાયાં છે, જે માત્ર ૨૩૦૦૦ ફીટ ઊંચાઈએ જ પહેરવાનાં છે. પર્વત-આરોહણમાં પગરખાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ૨૩,૦૦૦ ફીટથી ઉપરના આરોહણમાં પગરખાંના વજનમાં થતો ૧ રતલનો ઘટાડો ખભા પર ઊંચકવામાં આવતા સામાનમાં થતા ૫ રતલના ઘટાડા જેટલો જણાય છે.



દુનિયાના ઓછા વિકસિત દેશોમાં શિક્ષણપ્રચાર માટે સંયુક્ત રાષ્ટ્ર-સંઘના શિક્ષણ-સંસ્કૃતિ વિભાગ યુનેસ્કો તરફથી શરૂ થએલી યોજનાઓ પૈકી એક યોજના ચિત્રમાળાઓ તૈયાર કરવાની પણ છે. તે માટે તાલીમ લેતો મેક્સિકોનો વિદ્યાર્થી ઉપર બતાવ્યો છે.

સંયુક્ત રાષ્ટ્રસંસ્થા ('યૂનો')માં વપરાતી ભાષાઓ

સંયુક્ત રાષ્ટ્રસંસ્થા(યૂનો)નાં છ મુખ્ય અંગો: જનરલ ઍસેમ્બ્લી (સામાન્ય સભા), સિક્યોરિટી કાઉન્સિલ (સલામતી સમિતિ), ઇકૉનૉમિક ઍન્ડ સોશિયલ કાઉન્સિલ (આર્થિક અને સામાજિક સમિતિ), ટ્રસ્ટીશિપ કાઉન્સિલ (વહીવટી સમિતિ), ને ઇન્ટરનૅશનલ કોર્ટ ઑવ જસ્ટિસ (આંતરરાષ્ટ્રીય અદાલત). આમાં અદાલત સિવાય બાકીનાં પાંચે અંગોમાં 'ઑફિશિયલ' અને 'વર્કિંગ' એવા બે પ્રકારની ભાષાઓ વપરાય છે. અંગ્રેજી, ફ્રેંચ, રશિયન, ચીની ને સ્પૅનિશ એ પાંચ ઑફિશિયલ ભાષાઓ છે, જેમાં એ સંસ્થાનાં ઉપલાં બધાં અંગોનો વહેવાર ચાલે છે, તથા સંસ્થાની કાર્યવહીના અહેવાલો પ્રકટ થાય છે. ઉપરાંત અંગ્રેજી અને ફ્રેંચ એ 'વર્કિંગ' ભાષાઓ છે, જેમાં સંસ્થાની સભાઓ વખતે ભાષાન્તરો થાય છે. (જનરલ ઍસેમ્બ્લીમાં તો સ્પૅનિશને પણ 'વર્કિંગ' ભાષા ગણી તેમાં પણ ભાષાન્તર અપાય છે.) સામાન્ય સભામાં પ્રતિનિધિ વક્તા ઑફિશિયલ પાંચ ભાષામાંથી ગમે તે એક ભાષામાં બોલે. જો તે ચીની કે રશિયન ભાષામાં બોલનો હોય તો એ ભાષા નહિ સમજનાર માટે તેનું એ જ વખતે અંગ્રેજી, ફ્રેંચ અને સ્પૅનિશમાં ભાષાન્તર થતું જાય છે અને જો બોલનાર આ ત્રણ 'વર્કિંગ' ભાષામાંથી જ એકમાં બોલે તો બાકીની બે ભાષામાં તેનું ભાષાન્તર કરાતું જાય છે. સાંભળનાર કાને 'હેડફોન' ભેરવી પોતાને મરજી પડે તે ભાષામાં સાંભળી શકે છે. ટેલિફોનના ડાયલની માફક તેણે માત્ર તે ભાષાનો આંકડો ફેરવવાનો !

ખોવાએલી વીંટી (અનુસંધાન પૃ. ૯થી) બોલ્યો, અને પાણીનો કૂજો ખાલી કરવા લાગ્યો. એ જોઇ દિલીપ ફરી ખડખડાટ હસતાં કંઇક ઘોઘરા અવાજે બોલ્યો, 'શોધ્યાંશોધ્યાં હવે તેં.'

'અરે, હમણાં શોધી કાઢું.' કહેતાંક કિશોરે, 'આ બંદૂકના કેસમાં તો હોવી જ જોઇએ.' કહેતાં બંદૂક ઉપાડી.

'બંદૂક?' કહેતો દિલીપ ફરી પાછો ચમકીને પથ્થર જેવો બની ગયો.

'હા હા, આમાં જ લાગે છે. તેં આ બંદૂકમાં તો નથી છુપાવીને?' કહેતાં કિશોરે 'ધડ' કરતાં કારતૂસ છત તરફ છોડયો.

દિલીપ ખડખડાટ હસતો કિશોર પાસે આવીને બોલ્યો: 'અરે, મૂરખ! બંદૂકમાં તે હોતી હશે? કહ્યું હોત તો મારો કૂતરો શોધી શકત...હાં, જો...આ રહી આમાં.' એમ કહી તેણે એક લટકતી વૉકિંગ સ્ટિક ઉપાડી, ઉપરથી તેની પેચવાળી મૂઠ ફેરવીને ખોલી નાંખી અને અંદરથી વીંટી કાઢી.

'અચ્છા, તો લાવ પચાસ રૂપિયા. કાલની રેસમાં તો કમાઇએ ત્યારે સાચ; પણ આજ તો કમાયા! ચાલચાલ; કોઈ પિકચર જોઇ આવીએ.'

બિલકુલ ડાહ્યા માણસ જેમ દિલીપ આ છેલ્લા શબ્દો બોલ્યો. બહુ જ સ્વાભાવિક રીતે એ મૂળ સ્થિતિમાં આવી ગયો હતો. મિત્રને ડાહ્યો થએલો જોઈ કિશોરના આનંદનો પાર ન રહ્યો. 'ચાલ, દોસ્ત!' કહેતો એ વીંટી લઈ દિલીપ સાથે વકીલ સાહેબના ઓરડા તરફ ચાલ્યો.

પોતાના ખંડની કાચની બારીમાંથી આ બધું જોતા વકીલસાહેબ આ બધા નાટક દરમ્યાન વચમાં તો ગભરાયા પણ ખરા, કે ક્યાંક આ નીચ-નગુણો કિશોર પેલા ૩૦૦ રૂપિયા લઈને પણ ન ભાગી જાય. પણ અંતે જ્યારે વૉકિંગ સ્ટિકમાંથી ખરેખર વીંટી નીકળી અને દિલીપને ડાહ્યા માણસની જેમ વાતો કરતો જોયો ત્યારે તો આનંદ અને આશ્ચર્યથી એમની આંખો ફાટી ઊઠી.

વીંટી લઈ કિશોર ને દિલીપ એમના ઓરડામાં દાખલ થયા. પણ ત્યાં તો એકાએક, પોતે કિશોરને ખોટેખોટો દોષિત માની તથા ઠરાવીને સજા અપાવી એ પોતાની ભૂલના પશ્ચાત્તાપમાં કહો કે પુત્રના ફરી ડાહ્યા બન્યાની અપાર ખુશાલીના કારણે કહો, ગમેતેમ, પણ વકીલસાહેબે એ બંનેને જોઇ ખડખડાટ ભયંકર હાસ્ય કર્યું ને પછી પોતાના વાળ પીંખતા, માથું કૂટતા, કપડાં ફાડતા, દાંત પીસતા ને કોઇ પાગલની જેમ હસતા-રડતા, ઓરડામાં દોડાદોડ કરવા લાગ્યા!

એ જોઈ કિશોર ને દિલીપ બંને એકબીજા સામે બાઘા બનીને જોઇ રહ્યા, અને કોઈ કાંઈ પૂરું સમજે તે પહેલાં તો દોડાદોડ કરતા વકીલસાહેબ અથડાઇને 'ધડાંગ' કરતાં નીચે પડયા.

અને તે સાથે જ હીરાની વીંટી પણ કિશોરના હાથમાંથી સરી જઇ 'ખણાંગ' કરતી નીચે પડી.

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

જાપાનનાં પત્રમિત્રો

મુંબાઈની 'એશિયાટિક હૉબીઈસ્ટ' (ઘાટકોપર) સંસ્થા તરફથી મળેલાં જાપાનનાં કેટલાંક પત્રમિત્રોનાં સરનામાં આ નીચે આપ્યાં છે. પત્રવ્યવહાર કરતી વેળા એ સંસ્થાનો ઉલ્લેખ કરવો.

(1) Shigeo Fujimura, 110 Hotikami, Maizury, Kyoto (Japan)—Stamps, Illustrated Magazines & Correspondence; (2) Tadao Sagane, 191 Orihara, Maizuru, Kyoto (Japan)—Send 100-500 stamps of your country. Receive same number of Japanese Stamps, Pictorial View-cards; (3) Yutaka Kato, 399 Takigawa, Harada-mura, Fuji Distric, Shizuoka (Japan)—Stamps; (4) Hiroshi Takahashi, 1329 Sakaide-cho, Sakaide City (Japan)—Correspondence and Stamps; (5) Isamu Suzuki, Kyoei-cho, Takegahana, Hashima District, Gifu—Stamps and Sports; (6) Iriichiro Shiono, 1142 Motobuto, Urawa City, Saitama (Japan)—Correspondence.

STUDENTS: (7) Michio Okamoto, 239 Iohinosawa-Machi, Utsunomiya City (Japan)—Stamps; (8) Syuni Fukuda, 2-1526 Tomatsuri-cho, Utsunomiya City (Japan)—Stamps, The President of Utsunomiya Student Philatelic Club; (9) Eihiro Fujita, 2888 Kami-hiraide, Hiraishi-mura, Kawaudhi District, Tochigi (Japan)—Stamps; (10) Kan Sakurai, 2-7 Higashisugi-, East P.O. Zone Nagoya (Japan)—Stamps, The President of Ohzone Student Philatelic Club; (11) Kikuo Natori, 256 Naka-hanawada-Cho, Utsunomiya (Japan)—Stamps; (12) Naosuke Matsushita, 139-1 Kita-tanabe, Maizuru, Kyoto (Japan)—Stamps; (13) Kenzo Asaoka, 17 Ohkawasuji, Kochi City (Japan)—Stamps; (14) Hirokazu Hirayama, 1 Shomyoji-cho, Kumamoto City (Japan)—Stamps; (15) Harutoshi Yabuki, 1-465 Totsuka-cho, Shinjyuku, P. O. Zohn, Tokyo (Japan)—Stamps & Music; (16) Masaaki Shirai, Uoya-Nakamichi, Maizuru, Kotoy (Japan)—Stamps; (17) Kinji Iwata, Kayoei-cho, Takegahana, Hshima Dist., Gifu (Japan)—Stamps, View-cards & News-papers etc.-(The President of the Hashima Students Stamp Club); (18) Akira Okumura, 321 Hongo, Yanaizu-Mura, Hashima District, Gifu (Japan)—Stamps, View-cards & Newspapers etc.; (19) Syuichi Ojima, 283 Jerjima-cho, Hamamatsu City, Nagano (Japan)—Correspondence; (20) Takao Komatsu, Imamiya-cho, Kami-iida, Iida City, Magano (Japan)—Correspondence & Stamps; (21) Akihito Baba, 1-ku, Maruyama, Iida City, Nagano (Japan)—Stamps, View-cards & Newspapers; (22) Kazumi Takayagi, 3-26 Sugamo Toyojima-ku, Tokyo (Japan)—Correspondence & Sports; (23) Tadakatsu Miyake, 2194 Goken-cho, Tsu City, Mie (Japan)—History & Correspondence; (24) Masahiro Watanabe, Imada, Yahta-mura, Aiba District, Fukushima (Japan)—Photos, Music & Stamps; (25) Miss Aiko Aizawa, 2686 Nishihara-cho, Utsunomiya City, Tochigi (Japan)—Newspaper collecting & light literature; (26) Jyunzo Sakai, 13 Tohri-machi, Yatsushiro City, Kumamoto (Japan)—Stamps; (27) Yoshimitsu Abe, Sra-machi Inawashiro-machi, Yama District, Fukushima (Japan)—Stamps & View-cards; (28) Yasuo Takenouchi, 68 Tamachi, Okazaki City, Aichi (Japan)—Stamps; (29) Miss Hisako Iwata, Kyoei-cho, Takegahana, Hashima District, Gifu (Japan)—Correspondence, Handicraft, Japanese harp music etc.; (30) Miss Masako Iwata, Kyoei-cho, Takegahana, Hashima District, Gifu (Japan)—Correspondence, Painting, Softball etc., (31) Miss Harue Nagano, Kami-takane, Toda-mura, Ichihara District, Chiba (Japan)—Stamps; (32) Masahiro Fujimoto, 1-73 Yataku-cho, Tokushima City (Japan)—Stamps; (33) Miss Fusae Hayashi, Kami-yanagawa-cho, Kasamatsu, Hashima District, Gifu (Japan)–Correspondence.

હિંદી પત્રમિત્રો

(1) Gangji Parmar, C/o L.G. Parmar, Taxi Stand 4, Jharia, Manbhum (Bihar)—18, Stamps, Traveling, Photography; (2) Jyotindrakumar M. Chudgar, Wadipura, Surendranagar (Saur.)—16, Stamps, Coins, Viewcards; (3) Bachubhai Sumra, English Teacher, Maliya Taluka School, Po. Maliya, Via Morvi—(Saur.); (4) Sumantlal Bhagwanjee Parekh, Polen Peth, 100, Moter Stand, Jalgaun (East Khandesh)—18, Literature; (5) Mr. Colbert A., 307/A, 9, Outside Nikol Gate, Saraspur, Ahmedabad-2—20, Stamps, Conis, Photographs, Sea-shells, Reading; (6) Bharatkumar J. Upadhyaya, Acharya Nivas, Gondal (Saur.)—19, Stamps, Painting, View-cards, Reading; (7) Shashikant Karamchand, 7/456 Hathikhana St., Rajkot (Saur.)—19, Stamps, Pen-pals; (8) Bhogilal Premjibhai Mistry, New Tenis-club, Dhrangadhra (Saur.)—14, Science, Reading; (6) Ratilal Gandalal Mistry, Near Nana Derasar, Dhrangadhra (Saur.)—20, Cinema, Music, Literature; (10) Mapara Kantilal N., Plot 603, West view, Manekwadi, Bhavnagar (Saur.)—20, Literature, Cinema, Penpals; (11) Jayantilal B. Thakkar, Khadkhad Line, No. 4, Veraval (Saur.)—20, Penpas, Photos, Stamps; (12) Devidas Kanji Bhojak, Loohar Chakla, Narrow St: Kutch-mandvi-16, Stamps, Coins, Matchlables. (ચાલુ)

આ માસ(જાન્યુઆરી) ઇતિહાસમાં: દિનવિશેષ·વ્યક્તિવિશેષ·પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૧ ગ્રેટબ્રિટન અને આયર્લેન્ડ ભેગા મળી યુનાઇટેડ કિંગડમની રચના થઇ, ૧૮૦૧.

તા. ૨ 'વૅતિયા' જાપાનીઓએ રશિયનોને હરાવી પોર્ટ આર્થરની જીત મેળવી, ૧૯૦૫.

તા. ૪ 'સરસ્વતીચંદ્ર'ના કર્તા ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનું અવસાન, ૧૯૦૭.

તા. ૬ હિંદમાં અંગ્રેજો માટે વેપાર કરવાની છૂટ મેળવવા ચાર વર્ષની સફર ખેડીને અંગ્રેજ મિલ્ટન હૉલ અકબરના દરબારમાં આવ્યો, ૧૬૦૩.

તા. ૮ પ્રાયોગિક વિજ્ઞાનના પિતા ગૅલીલીઓનું અવસાન, ૧૬૪૨.

તા. ૧૩ તૈમૂર લંગે દિલ્હી જીત્યું અને લૂટયું. ૧૩૯૯.

તા. ૧૫ જાનમાલની અસીમ ખુવારી કરનારો બિહારનો કરાળ ધરતીકંપ, ૧૯૩૫.

તા. ૧૭ કૅપ્ટન કૂકે પોતાની જગત-સફરમાં અજાણપણે દક્ષિણ ધ્રુવ ભેદ્યો, ૧૮૭૩.

તા. ૨૩ સ્વાતંત્ર્યના ઉગ્ર લડવૈયા સુભાષચંદ્ર બોઝનો જન્મ, ૧૮૯૬.

તા. ૨૮ કલકત્તા, મદ્રાસ તથા મુંબાઇમાં ટેલિફોન દાખલ થયા, ૧૮૮૨.

વ્યક્તિવિશેષ: ચિંતામણ દેશમુખ

રીઝર્વ બૅંક ઑાવ ઈંડિયા જેવી ભારતીય



ને આંતરરાષ્ટ્રીય નાણાંવ્યવહારમાં અત્યંત મહત્ત્વની સંસ્થાના પ્રથમ હિંદી ગવર્નરપદે આવવાનું માનપ્રાપ્ત કરનાર અને હવે સ્વતંત્ર ભારતના અર્થસચિવ ચિંતામણ દ્વારકાનાથ દેશમુખની ખરી પ્રતિભાથી ઘણા અજાણ હશે. શિવાજીની રાજધાની રાયગઢની બાજુમાં નાતેં નામના ગામડામાં ૧૮૯૬ ની ૧૪મી જાન્યુઆરીએ એમનો જન્મ થએલો. કુટુંબ મોટે ભાગે કોલાબા જિલ્લામાં રાહેં મુકામે જ રહેતું. શિક્ષણ માટે ખૂબ ધગશ ધરાવતા પિતા દ્વારકાનાથ આપબળે જ હાઈકોર્ટના પ્લીડર થએલા અને પુત્ર ચિંતામણને પણ આઈ.સી.એસ. બનાવવા ઈચ્છતા હતા, પરંતુ આર્થિક સ્થિતિ એ ઉચ્ચ શિક્ષણનો બોજ વેઠી શકે તેટલી સદ્ધર ન હતી. છતાં પ્રખર બુદ્ધિમતા દાખવી પુત્રે શિષ્યવૃત્તિઓ, પારિતોષિકો વગેરેના જોરે હિંદમાં મળતું વિદ્યાર્જન કરી લઈને પછી કરજ વેઠીને પણ વિલાયત જઈ પોતાની અને પિતાની મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરી.

૧૯૧૨માં તેમણે મૅટ્રિકની પરીક્ષા પહેલે નંબરે પાસ કરી ને સંસ્કૃતમાં સૌથી વધુ માર્ક મેળવી જગન્નાથ શંકરશેઠની બહુમાનભરી સ્કૉલરશિપ મેળવી. કૉલેજમાં પણ એવી જ રીતે જ્વલંત પ્રજ્ઞા દાખવી ૧૯૧૫માં પહેલા વિશ્વયુદ્ધના ધમધમતા કાળમાં તે ઇંગ્લંડ ગયા ને ત્યાં કેમ્બ્રિજ યુનિવર્સિટીની જિસસ કૉલેજમાંથી બી.એ.માં પ્રકૃતિવિજ્ઞાનના વિષયોમાં ટ્રાઈપૉસ મેળવ્યો: વનસ્પતિશાસ્ત્ર, ભૂગર્ભશાસ્ત્ર ને રસાયણશાસ્ત્ર એ સર્વ વિષયોમાં પણ પહેલા આવી ત્યાં પણ અનેક શિષ્યવૃત્તિઓ તથા ઈનામો મેળવ્યાં. તે બાદ ૧૯૧૮માં ૩૫૨૦ ગુણ મેળવી આઈ.સી.એસ.માં પણ પહેલા આવ્યા! દરમિયાન તેઓ મિસ રોઝીના સિલ્કૉક્સના પરિચયમાં આવેલા, જે પરિચય આગળ જતાં લગ્નમાં પરિણમ્યો.

૧૯૨૯માં તેઓ હિંદ આવતાં જ મધ્યપ્રાંતમાં તેમની નિમણૂક થઈ. તે બાદ દોઢ વર્ષમાં તેમણે હિંદી અને સંસ્કૃત ભાષા પરના પ્રભુત્વ માટે ૩૫૦૦ રૂપિયાનાં ઈનામો મેળવ્યાં. ભાષા અને સાહિત્યનો એમને મૂળથી જ શૉખ છે અને સતત વ્યાસંગ વડે એ તેને સારી પેઠે વિકસાવી પણ શક્યા છે. કાલિદાસના મેઘદૂતનો સમશ્લોકી સમવૃત્ત મરાઠી અનુવાદ પણ તેમણે કર્યો છે ને થોડીઘણી મરાઠી કવિતાઓ પણ રચી છે. પરંતુ સંસ્કૃત તરફ તેમનું અધિક વલણ છે ને હજી વાતવાતમાં યે તેઓ સંસ્કૃતમાં સુંદર કાવ્યરચના કરી કાઢે એવું એમનું એ ભાષા ઉપર પ્રભુત્વ છે. ઉપરાંત હિંદી, ગુજરાતી, મરાઠી, બંગાળી, અંગ્રેજી, ફ્રેંચ અને જર્મન આટલી ભાષાઓ તો તેઓ સહેલાઇથી બોલી શકે છે. અને આ બધું તેમણે જવાબદારીભર્યા સરકારી કામકાજોમાંથી મળતા અલ્પ સમયમાં પ્રાપ્ત કર્યું છે.

આર્થિક વ્યવહાર ને અર્થશાસ્ત્ર જેવા રુક્ષ વિષયો સાથે જેનો પ્રતિદિન સંબંધ છે એવા દેશમુખને વાઙ્મય ઉપર જ આવો ઉત્કટ પ્રેમ છે એવું નથી. તે ઊંચા કલારસજ્ઞ પણ છે.

લગ્ન પછી થોડાં વરસે એમનાં પત્નીનું અવસાન થયું તે પછીની વિધુરાવસ્થા એમણે પોતાની એકમાત્ર પુત્રીના લાલન અને ઉછેરમાં ગાળી, જે હાલ ઇંગ્લંડમાં અભ્યાસ કરે છે. હવે હમણાં, ભારતીય નિયોજન-પંચમાં એમનાં સહસભ્ય અને ભારતીય પાર્લામેન્ટનાં સભ્ય શ્રીમતી દુર્ગાબાઈ જોડે એમનું લગ્ન થવાનું જાહેર થયું છે.

ડિસેમ્બર(૧૯૫૨)ની તવારીખ

તા. ૩ સંત ફ્રાંસિસ ઝેવીઅરના શબની ગોવામાં છેલ્લી દફનક્રિયા. **તા. ૫** ભારતના તાલીમી જહાજ 'ડફરીન'નો રજતોત્સવ. **તા. ૧૫** અલગ આંધ્ર પ્રાંતની તત્કાળ રચના માટે ઉપવાસ પર ઊતરેલા શ્રી રામુલુનું ૫૮ ઉપવાસ બાદ અવસાન, જેને પારણાગે આંધ્રવાસીઓએ તોફાન મચાવ્યાં. ભારત-પાકિસ્તાન વચ્ચે રમાએલી ક્રિકેટ ટેસ્ટ મૅચમાં ભારતે વિજયનું 'રબર' મેળવ્યું. **તા. ૧૮** ૨૦૬૯ કરોડ રૂપિયાની પંચવર્ષી યોજના પાર્લામેન્ટમાં પસાર. **તા. ૩૦** નવસારીમાં મળેલી ૧૮મી ગુજરાતી સાહિત્ય પરિષદે ગુજરાતી ભાષાભાષી પ્રદેશનું એકીકરણ કરી મહાગુજરાત રચવાની માગણી કરી.

પ્રસંગવિશેષ: કૅપ્ટન સ્કૉટ દક્ષિણ ધ્રુવ પહોંચ્યો: તા.૧૮મી જાન્યુઆરી ૧૯૧૨

ઇંગ્લંડથી કૅપ્ટન સ્કૉટ દક્ષિણ ધ્રુવ સર કરવા ઊપડયો ત્યારે નૉર્વેથી આમુંડસેન પણ એ જ ધ્યેય માટે નીકળ્યાના રસ્તામાં તેને ખબર મળ્યા. આમુંડસેન દક્ષિણ ધ્રુવ પર વહેલો પહોંચી જવાની બધી શકયતા તેની તરફેણમાં હતી છતાં સ્કૉટ નિશ્ચિત કરેલા માર્ગે જ આગળ વધ્યો. શરીરનું ફરતું લોહી થીજી જાય એવી કડકડતી ઠંડી, અંગ સોંસરી બરછીઓ ભોંકતો સૂસવતો પવન, અને આંખ મીંચતાંમાં જીવતા દફનાવી દે તેવા બરફના વરસાદમાં ૭૦૦ માઇલ સુધી મુસીબતો ને જોખમો વેઠયા બાદ ૧૯૧૨ની ૧૮મી જાન્યુઆરીએ જ્યારે તેણે જોયું કે આમુંડસેન પોતાના પહેલાં દક્ષિણ ધ્રુવ પર પહોંચી ગયો હતો! ત્યારે નિરાશાનો એ ધા કેવો લાગ્યો હશે! છતાં આમુંડસેનની જીત ખેલદિલીથી વધાવી લઈ પાછા ફરતાં, રૌદ્રરૂપે તાંડવ કરતી કુદરત સામે જીવનના અંત સુધી ઝઝૂમીને બરફમાં ગારદ થયા ત્યાં સુધી તેની ટુકડીએ જે ખમીર દાખવ્યું છે એને લીધે તેઓ આમુંડસેનના કરતાં યે બહુ ઊંચી કીર્તિને પામ્યા છે. અંતકાળ સુધી એ ટુકડીના ચાર માણસોએ એકબીજા સાથે ખભેખભા મિલાવી આંકેલી માનવતાની ઊજળી રેખાને પગલે પગલે ચાલવું એ તો કોઈ પણ માનવને માટે સર્વોત્કૃષ્ટ કાર્ય છે.

કાયા જાજો સાબદી. નાક મ જાજો નખ.
પાણી મ જાજો પાવણ. લોહી હલે મરલખ્ખ."

એક પેઢીના અત્યંત કાર્યદક્ષ, પ્રામાણિક મૅનેજરના ઘરમાં ચોરી થતાં તેની ત્રીસેક હજારની બધી મતા સાફ થઇ ગઈ. એ જાણીને તેમના કામથી પ્રસન્ન ને સંતુષ્ટ રહેતા એ પેઢીના માલિકે તેમને બોલાવી સહાનુભૂતિ દર્શાવી ૩૦ હજારનો ચેક તેમને આપતાં કહ્યું, 'તમારું નુકસાન એ હું મારું નુકસાન સમજું છું માટે મારી આટલી ભેટ સ્વીકારો.' મૅનેજરે વિનયપૂર્વક ચેક પાછો વાળતાં કહ્યું, 'હું ખોટના સોદા કરવા નથી માગતો. આપ એ આપવામાં જે અનુમદ દર્શાવ્યો છો તેનું મૂલ્ય ૩૦ હજાર કરતાં પણ મારા મનથી વધુ છે; અને ચેક લઇને હું એ મૂડી પરિમિત કરવા નથી માગતો.' થોડા સમય પછી એ મૅનેજરના પગાર અને પદમાં અસાધારણ વધારો થઈ ગયો.

અનેકાર્થી શબ્દ: વાજ=કંટાળેલું;ત્રાસેલું કે હારેલું (વાજ આવવું); તોબા કે પીડા; ઉપદેશ (વાએજ); સંસ્કૃતમાં: વેગ કે તાન; યજ્ઞ; સંગ્રામ; બાણનું પીછું; બળ; ઘી; અન્ન.

કહેવતોના અર્થ: 'લૂણી ધ્રોને તાણી જાય' –લૂણીની ભાજીનાં મૂળ ધ્રો જેવાં મજબૂત જામતા નથી; તેથી પૂર આવે ત્યારે લૂણી તણાય તેની સાથે, નબળાં પડેલાં મૂળવાળી ધ્રો પણ (તેની જોડે ગુંચવાએલી હોવાથી) તણાઇ જાય. એ ઉદાહરણ લઇને આ કહેવત, બૂરા માણસની સાથે તેના પાપે સારા માણસોને પણ થતું નુકસાન દર્શાવવા વપરાય છે. તેને મળતી બીજી કહેવતો: 'સૂકા ભેગું લીલું બળે'; 'પાપડી ભેગી ઇયળ બફાય'; 'ગ્રાઝે ગાંડે ગામ ગાંડું' વગેરે.

ગણિત ગમ્મત: જોડા જોડ આવતી ગમે તેટલી રકમો લઈ તેનો સરવાળો કરો. હવે તે પછી તરત આવતી તેટલી જ રકમોનો સરવાળો કરો. આ બીજા સરવાળામાંથી શરૂનો સરવાળો બાદ કરો, તો તમે લીધેલી રકમોની સંખ્યાનો વર્ગ જ આવશે. દાખલા તરીકે:

(૧૭+૧૮+૧૯+૨૦+૨૧+૨૨)=૧૧૭
—(૨૩+૨૪+૨૫+૨૬+૨૭+૨૮)=૧૫૩
૧૫૩–૧૧૭=૩૬ એ, સરવાળો કરવા માટે લીધેલી સંખ્યા ૬નો વર્ગ છે. (અરુણ નાયક)

* આખી કાયા ભલે જાય, પણ નખપૂર નાક ન જજો; લખપૂર લોહી ભલે વહ્યું જાય, પણ લેશમાત્ર પાણી–આબરૂ–ટેક–ન જજો.



૧૯૫૩માં રાણી ઇલીઝાબેથના રાજ્યારોહણ પ્રસંગે ઇંગ્લંડની શાળાનાં વિદ્યાર્થીઓને આપવાના પદકો માટે નક્કી થએલું ડિઝાઇન.

વકીલે અસીલને પુછ્યું 'ફરિયાદીને તમે હિસાબ બતાવ્યો એટલે એણે શું કહ્યું?'
'એણે મને જહન્નમમાં જવા કહ્યું.'
'એમ કે? એટલે તમે શું કહ્યું?'
'એટલે હું સીધો આપને ત્યાં જ આવ્યો!'




કલાકણિકા: દક્ષિણ દેશની શિવની પિત્તળની મૂર્તિ સાથેના ધ્વજનિશાન પરની શોભા.

તમે જાણો છો? દર પંદર માણસે ફક્ત એક જ માણસ એવો હોય છે જેની બંને આંખો સંપૂર્ણ સારી હોય. ❚ ચીનમાં ઝી એહ ઝુએન(૧૩૮૧-૧૪૬૪) નામનો એક પારદર્શક ચામડીવાળો માણસ હતો. તેના શરીરના અંદરના સર્વ અવયવો સ્પષ્ટ જોઈ શકાતા!


કોઇની સાથે વાતો કરતી વખતે તમે બીજાની જ વાતો કર્યા કરશો તો ચુગલીખોર લાગશો; તમારી પોતાની જ વાત કર્યા કરશો તો શેખીખોર ગુંદરિયા લાગશો; અને સાંભળનાર માણસની વાત કરશો તો સરસ મિત્ર લાગશો!




પતરાના સમચોરસ કટકામાંથી આ ચિત્રની ઉપરની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ખડિયો મૂકવા માટેનું ઘર બનાવી શકાશે.



નીચે બતાવ્યા પ્રમાણે પતરાની વચ્ચોવચ ખડિયાના તળિયા જેવડું ચક્કર દોરી એમાં સરખે અંતરે દસ કાપ મૂકો. કુંડાળાના મધ્યબિંદુમાં મળતી દસે અણીઓ ઊભી આવે એ રીતે વાળી તેની વચ્ચે ખડિયો મૂકી અણીઓ તેને પકડે એમ વાળી દો. પછી શાહી ઢોળાઈ જવાની જરા પણ બીક વિના ખડિયાને ગમે ત્યાં સ્થિર રાખી શકાશે. (૨૫)




ફક્ત ત્રણ જ મિનિટમાં તમે કહી શકશો કે આ કાળી આકૃતિઓ નીચે કુલ કેટલાં ટપકાં દબાયાં છે? (૦૭)



જગતભરમાં ગુજરાતની સ્થાપત્યકલાનું ગૌરવ ગાઈ રહેલી અપૂર્વ કોતરણીવાળી, અમદાવાદની સીદી સચીદની મસ્જિદની બે જાળીઓ પૈકી વધુ ચડિયાતી ગણાતી જાળી. મસ્જિદની પશ્ચિમ ભીંતમાં આવેલી, ધ્રાંગા ભૂખરા (સૅન્ડસ્ટોન) પત્થરમાં આરપાર કોતરેલી આ જાળીઓ આથમતા સૂર્યના સુવર્ણરંગી પ્રકાશ સામે જે નયનાભિરામ દૃશ્ય રચે છે તે જોતાં 'અદ્‌ભુત!' સિવાય બીજો ઉચ્ચાર નીકળતો નથી.

KUMAR Reg. No. B. 1808 કુમાર • જાન્યુઆરી ૧૯૫૩ સળગ અંક ૩૪૯ • છૂટક નકલના બાર આના



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ: પહેલું ને બીજું ઇનામ મોકૂફ; ત્રીજું ઇનામ 'બાલમસ્તી' શિવુભાઇ (અમદાવાદ); ઉત્તેજના 'રંગોળીનાં રૂપ' દીનબંધુ (ધર્મજ); નોંધપાત્ર 'નીડર' દીનબંધુ (ધર્મજ); 'વેણુવાદન' વિદ્યાવ્રત વિશારદ (પૉંડીચેરી). કુલ ૧૬ હરીફનાં ૩૪ ચિત્રોમાં આ વખતે પણ વિષયની વિવિધતા છે, પરંતુ ગુણની દૃષ્ટિએ એક પણ ચિત્ર આંખ ઠરે તેવું નથી. ત્રીજું ઈનામ મેળવનાર ભાઇ શિવુભાઇના 'બાલમસ્તી'ના સ્નૅપશૉટમાં બાળકોની સમૂહરચના સ્વાભાવિક લાગે છે, પણ કેટલાક પાત્રો સભાન હોવાથી મસ્તીની પૂરી સ્વાભાવિકતા નથી આવી. બીજે વાંધો ફ્લૅટ લાઈટનો છે. ઉપરથી લગભગ સવા ઇંચ કાપવાની જરૂર ખરી. ઉત્તેજના ઇનામ મેળવનાર ભાઈ દીનબંધુનું 'રંગોળીનાં રૂપ'માં ફોટોગ્રાફી સુઘડ છે, પણ સંયોજન શિથિલ છે. ડાબી બાજુનો મથાળાનો કાળો ભાગ રંગોળીને જોતી આંખને વિક્ષેપ કરે છે. એ જ ભાઈનું નૌકાવિહાર કરતા 'નીડર'નું તીર-આકૃતિ રચતું સંયોજન નોંધપાત્ર છે. એક્સ્પોઝરની ખામીને લીધે વાતાવરણ જામતું નથી. આ ઉપરાંત ભાઇ વિદ્યાવ્રત વિશારદનાં ચારે ચિત્રોમાં વિષયની નવીનતા સાથે ટૅકનીકની હથોટી આશાસ્પદ છે. એમનું 'વેણુવાદન'નું ચિત્ર ઉપર આપ્યું છે. દૃશ્યચિત્રમાં માનવપાત્રની ગોઠવણી ચિત્રને સાનુકૂળ એમણે રાખવી જોઇએ. અને તસ્વીરકલામાં માનવના માનવભાવ તથા પ્રકાશની યોજના પર ખાસ ધ્યાન આપવું જોઇએ.

શ્રીદામ ભટ્ટ